બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/એપ્રિલ/૨૦૧૮**

રજબુલ મુરજ્જબ–શાબાનુલ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૩૯

વર્ષ : ૧૫, અંક : ૦૪, સળંગ અંક : ૧૭૨

સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

પત્ર વ્યવહારનુ સરનામું
બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂ. | ૨૦/– |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૨૦૦/– |
| વિદેશ માટે | રૂ. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂ. | ૨,૨૦૦/– |
| આજીવન | રૂ. | ૫,૦૦૦/– |
| વિદેશ માટે પેટ્રન | રૂ. | ૧૨,૦૦૦/– |
| વિદેશ માટે આજીવન | રૂ. | ૨૦,૦૦૦/– |

માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

## અનુક્રમણિકા


01 રાજ્ય, દેશ તથા જગતમાં સ્ત્રી જાતિની કફોડી હાલતનો ચિતાર 04
02 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન 10
03 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 13
04 હદાઈકે બખ્શિશ 16
05 સીરતે રસૂલે મુખ્તાર صلی اللہ علیہ وسلم 19
06 તઝકેરતુલ અવલિયા : હઝરત ઉત્બા બિન ગુલામ رحمۃ اللہ علیہના હાલાત તથા ખૂબીઓ 21
07 હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત 23
08 વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી : પયગમ્બરે ઈસ્લામ صلی اللہ علیہ وسلم 25
09 ક઼ાનૂને શરીઅત 26
10 ગુનાહોનો ઈલાજ 28
11 હઝરત હુસૈન બિન મન્સૂર હલ્લાજ તથા 46
ઈમામ અહમદ રઝા (رحمۃ اللہ علیہما) 46
12 ઈસ્લામમાં લોકસેવાની વિશાળ ભાવના 36
13 ઈ–કોમર્સ બિઝનેસ કરના કૈસા ? 38
14 મેઅરાજ શરીફ એક અજોડ મો'જિઝો 40
15 ૨૭ રજબે શબે મેઅરાજ વિશે મશ્હૂર મુહદ્દિષોનાં કથનો 42
16 શબે મેઅરાજના નવાફિલ 45
17 શબે બરાતની ઈબાદતો 46
18 તાવીઝ લેખન : ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની નજરમાં 47
19 બરકાતે ખ્વાજાની ટપાલ 49


**કત્આત**

*દૂરી હો લાખ ફિર ભી મદીના દિખાઈ દે*
*ઘર બૈઠે બૈઠે ગુમ્બદે ખિઝરા દિખાઈ દે*
*યે શર્ત હૈ કે સોઝે બિલાલી કે સાથ સાથ*
*ચશ્મે ઉવૈસ હો તો વો જલ્વા દિખાઈ દે*

–'આક઼િબ' બરકાતી (પેટલાદ)

# રાજ્ય, દેશ તથા જગતમાં સ્ત્રી જાતિની કફોડી હાલતનો ચિતાર

તંત્રી લેખ..

વર્તમાન સમયમાં દેશમાં તથા જગતભરમાં સ્ત્રી અધિકારની વાતો ખૂબ થાય છે, સ્ત્રીના સન્માનનાં બણગાં ફૂંકવામાં આવે છે, અને તેના ઉત્તેજન માટે હાલમાં જ "મહિલા દિવસ" પણ મનાવવામાં આવ્યો. વળી ખાસ કરીને મુસ્લિમ બહેનોની લાગણીની ભાવનાનું પ્રદર્શન કરીને આપણા દેશની સંસદમાં હાલમાં જ મુસ્લિમોમાં ટ્રીપલ તલાક઼ પ્રથાને રદ કરવા બિલ પાસ કરવામાં આવ્યું કે જે રાજ્ય સભામાં અટકી પડયું ! પણ મુસ્લિમ બહેનોની લાગણીના પ્રદર્શન સાથે આ બિલમાં ટ્રીપલ તલાક઼ આપનાર મુસ્લિમ પુરૂષને ૩ વર્ષની સજાની જોગવાઈ છે જેમાં કોઈ પણ પ્રકારના જામિન મળશે નહીં. તેને એક ફોજદારી ગુનો ગણવામાં આવશે. વળી મહિલાના ભરણપોષણની જવાબદારી પણ એ જેલવાસીના માથે રહેશે !!!.... વગેરે. પણ વર્તમાન સમયમાં આપણા રાજ્ય, દેશ તથા જગતભરની મુસ્લિમ બહેનોની જ નહીં પણ સર્વ જાતિની બહેનોની શું હાલત છે તેને જુઓ અને તેના માટે જો ખરેખર કડક પગલાં લેવાતાં હોય કે સખત રીતે કાયદાનું પાલન થતું હોય તો પછી સ્ત્રીઓની આવી બેઈજ્જતી શાથી થઈ રહી છે, એ પણ એક ચિંતનનો વિષય છે. એના માટે અવાજ ઉઠાવી ટ્રીપલ તલાક઼ના મુદ્દાની જેમ રોજ રોજ હોબાળો ઉઠાવવાની તકલીફ આપણુ પ્રિન્ટ કે ઈલેકટ્રોનિક મીડિયા તથા ટી.વી. ચેનલો તેમજ મહિલા સંગઠનો ક્યારે ઉઠાવશે ? ક્યારે એઓ જાગશે ? આ પીડિત બહેનો માટે ક્યારે એમના દિલમાં લાગણી ઉદ્‌ભવશે ?!

## સ્ત્રીની ઈજ્જતના ધજાગરા ઉડાડતા ગુજરાત રાજ્યના આંકડા જુઓ

*૭ માર્ચ ગુજરાત સમાચાર ન્યૂઝ*માં છે કે : "યત્ર નાર્યસ્તુ પુન્યન્તે રમન્તે તત્ર દેવતા" આપણા દેશની સંસ્કૃતિમાં પણ કહેવાયુ છે કે જ્યાં નારીની પૂજા કરવામાં આવે છે ત્યાં દેવતાઓનો વાસ હોય છે. (નકલે કુફ્ર કુફ્ર ન બાશદ) પરંતુ વાસ્તવિક્તા એ છે કે મહિલા સલામતીને મામલે સ્થિતિ બદથી બદ્‌તર થઈ રહી છે. ગુજરાતમાં પ્રતિ માસ ૩૯ મહિલા દુષ્કર્મનો, ૯૧ મહિલા છેડતીનો શિકાર બને છે."

અલ્લાહનો શુક્ર છે કે મુસલમાનોમાં આટલા તલાક઼ના આંકડા તો નથી જ બનતા ! બલ્કે કોઈક જુઝ જ ત્રણ તલાક઼નો બનાવ બને છે તેમ છતાં જેવી રીતે મુસ્લિમ સ્ત્રીઓની લાગણીમાં મહિનાઓ સુધી તંત્રથી લઈને મીડિયાએ ધાંધલ ધમાલ મચાવેલી રાખી તો હવે આ દુષ્કર્મ તથા છેડતીનો ભોગ બનતી બહેનોનો બેલી કોણ થશે ? કેમ આ બાબતે સર્વત્ર સન્નાટો તથા ખામોશી જણાય રહી છે ?!

*આગળ લખે છે :* ૨૦૧૬માં છેડતીના ૧૦૩૩ અને વર્ષ ૨૦૧૭માં છેડતીના ૧૦૯૫ કેસ નોંધાયા. આમ ગુજરાત મહિલાઓ માટે મોડેલ સ્ટેટ નથી તેમ કહી શકાય. આ અંગે ઓલ ઈન્ડિયા મહિલા સાંસ્કૃતિક સંગઠનનાં મિનાક્ષી જોષીએ જણાવ્યું હતું કે, "રાજ્યમાં જાન્યુઆરી ૨૦૧૭ પ્રમાણે મહિલાઓ પરના

અત્યાચારના ૧૩,૫૪,૧૮૯ પેન્ડિંગ કોર્ટ કેસ છે. આપણા દેશમાં ૧૯૭૧ બાદ મહિલાઓ વિરુદ્ધના ખાસ કરીને બળાત્કાર તથા અપહરણના ગુનાઓ ૯૦૨% વધ્યા છે.... *–(ગુજરાત સમાચાર ન્યૂઝ, તા. ૭ માર્ચ ૨૦૧૮)*

*NG:News of Gujrat :* ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮ જણાવે છે કે, "રાજયના ડીજીપી દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ છેલ્લા કેટલાક વર્ષોમાં મહિલાઓ સામે થતા અત્યાચારોમાં વધારો થઈ રહ્યો છે. આ અત્યાચારોમાં બળાત્કાર, છેડતી, યૌન શોષણ, દહેજ માટે અત્યાચાર વગેરેનો સમાવેશ છે. દરરોજ ૧૪ મહિલાઓ કોઈને કોઈ પ્રકારના અત્યાચારનો ભોગ બને છે. તેમાંય ચોંકાવનારી બાબત તો એ છે કે દરરોજ ૬ મહિલાઓના બળાત્કાર, યૌન શોષણ અને દહેજ માટે અત્યાચારના કેસો હોય છે. ફકત અમદાવાદમાં જ દર બે દિવસમાં એક છેડતીનો કેસ સામે આવે છે. (નહીં નોંધાતા હોય એવા કેટલા હશે ?!) અને દર છ દિવસમાં એક બળાત્કારનો કેસ સામે આવે છે. સૌથી વધુ વધારો દહેજ સંબંધિત કેસમાં થયો છે." (NG)

## સ્ત્રી પર અત્યાચારોના બનાવોના સમાચારોની ઝલક

- **અમદાવાદ** : તા. ૧૨ જૂન ૨૦૧૭, સરખેજમાં એક બિલ્ડિંગમાં ૧૮ વર્ષની યુવતીને લલચાવી ફોસલાવીને તેની સાથે એંજિનીયર યુવકે દુષ્કર્મ કર્યુ. બાદમાં ધમકાવી કે કોઈને જાણ કરીશ તો તારા પિતા તથા ભાઈને મારી નાખીશ.
- **અમદાવાદ** : ૪ મે ૨૦૧૭, શહેરની સાલ હોસ્પિટલમાં ડોકટર તરીકે ફરજ બજાવતી વસ્ત્રાપુર વિસ્તારની મહિલાએ પતિ, સાસુ, સસરાના ત્રાસથી આપઘાત કરી લીધો. ૧૧ વરસથી પતિ સાથે પત્ની જેવા સંબંધો ન હતા !
- **અમદાવાદ** : તા. ૧૭ જૂન ૨૦૧૭, હવસ સંતોષી પ્રેમીએ પ્રેમિકાને તરછોડી તો આધેડે પીંખી નાખી !
- **બીલીમોરા** : તા. ૧૯, આવતાં જતાં રસ્તો રોકીને, બિભત્સ ચેનચાળા કરી સગીરાને ધમકી આપતો યુવાન !
- **સુરત** : ના કીમ પૂર્વ વિસ્તારમાં દહેજના ખપ્પરમાં વધુ એક મહિલા હોમાઈ. મેકઅપના સાધન વડે સુસાઈડ નોટ લખી, પતિના પરિવારજનો માનસિક ત્રાસ આપતા હોવાનુ જણાવી ગળે ફાંસો ખાધો.
- **પંચમહાલ** : તા. ૧૬ જૂન ૨૦૧૭, મોરવા હડફના ભુવર ગામે પતિએ તેની પત્નીને કેરોસીન છાંટીને સળગાવી દેવાનો પ્રયાસ કર્યો.
- **રાજકોટ** : ખાતે સસરાએ કેરોસીન છાંટયું અને દિયરે ભાભીને ચાંપી દિવાસળી.
- **વડોદરા** : ના આજવા રોડ પર આવેલા એક ખેતરમાંથી મહિલાની લાશના અલગ અલગ ટુકડા મળી આવતાં આ ઘટનાએ ભારે અરેરાટી ફેલાવી છે. મરનાર મહિલાનું માથુ હજી સુધી મળ્યુ નથી.
- **ગોંડલ** : તાલુકાના ગુંદાસરા ગામના લુખ્ખાની અજુગતિ માગણીને તાબે નહીં થનાર વિપ્ર પરણીતાએ તેના પતિની હાજરીમાં જ રાજકોટ ખાતે ઝેરી દવા પી લેતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ. લુખ્ખો અવાર નવાર છેડતી કરી અજુગતિ માગણી કરતો હતો.

- **રાજકોટ** : તા. ૧ એપ્રિલ ૨૦૧૭, કાલાવડ રોડ પર આવેલી સોસાયટીમાં પતિએ ધમકી આપી યેનકેન પ્રકારે ત્રાસ ગુજારી કાઢી મૂકી કે હું ભગવાનનો અવતાર છું, હું કલ્કી અવતાર છું અને તું રાક્ષસ છે. ઘરમાં પાછી આવી તો જાનથી મારી નાખીશ.
- **વડોદરા** : તા. ૩૧ મે ૨૦૧૭, શહેરના ન્યૂ વીઆઈપી રોડ પર રહેતી સગીરા પર પાડોશમાં રહેતા ત્રણ યુવકોએ ગેંગરેપ કર્યાની ઘટના સામે આવતાં ચકચાર મચી જવા પામી. મધરાતે ઉઠાવી જઈને નરાધમોએ આખી રાત દુષ્કર્મ આચર્યું.
- **રાજકોટ** : તા. ૧૫ એપ્રિલ ૨૦૧૭, શાપર–વેરાવળ ગામે લગ્નની પૂર્વ રાત્રિએ અપહરણ, પાંચ શખ્સોએ ચૂંથ્યો દેહ, બે ઝડપાયા.
- **અમદાવાદ** : દાહોદ જિલ્લાના દેવગઢબારિયા નજીકના ગામમાં બે બહેનો પર દુષ્કર્મ આચરાયુ. પિતાની સામે જ પુત્રીઓની લાજ લૂટાઈ, એકની હાલત ગંભીર.
- **વડોદરા** : ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૭, વાઘોડીયા તાલુકાની ખાનગી કોલેજમાં ફિઝિયોથેરાપીનો અભ્યાસ કરતી ૨૦ વર્ષની વિદ્યાર્થીની પર બળાત્કાર બાદ નગ્ન ફોટા પાડયા.
- **સાબરકાંઠા** : ૫ માર્ચ ૨૦૧૮, ઈડરના લાલોડા ગામમાં માસૂમ બાળા સાથે દુષ્કૃત્ય બાદ હત્યા, આરોપીની ધરપકડ.
- **હળવદ** : ડિસે. ૨૦૧૭, હળવદની યુવતીનો C.M.ને પત્ર : નર્સિંગના એડમિશનના બહાને સંચાલકે આચર્યું દુષ્કૃત્ય.
- **સુરત** : ૬ નવે. ૨૦૧૭, લગ્નેતર સંબંધના વિવાદમાં મહિલાને નિર્વસ્ત્ર કરી માર મારવાની ઘટના. એ વિસ્તારના ભાજપ કોર્પોરેટરે પરિવાર સાથે મળી હુમલો કર્યો.
- **આણંદ** : ૧૭ નવે. ૨૦૧૭, ખેતરની ઓરડીમાં સાત દિવસ ગોંધી રાખી પરણીતા ઉપર કર્યું દુષ્કર્મ.
- **સુરત** : ૨ નવે. ૨૦૧૭, મૂળ સૌરાષ્ટ્રની અને સુરત ખાતે પ્રેમી સાથે લીવ ઈન રિલેશનશીપમાં રહેતી યુવતીએ પ્રેમી છોડીને ચાલ્યો જતાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી.
- **ખેરાલુ** : ૧૭ નવે. ૨૦૧૭, તાલુકાના રસુલપુર ગામની સીમમાં રહેતા શ્રમજીવી પરિવારની રોટલા બનાવતી સગીરાને દારૂના નશામાં આવેલા યુવકે પીંખી કાઢી.
- **અંકલેશ્વર** : ૨૭ ફેબ્રુ ૨૦૧૮, ગેંગ રેપની ઘટના ૧૪ વરસની સગીરા પર.
- **તાંદલજા** : ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૮ સાસરીયાના ત્રાસથી કંટાળી પરણીતાનો આપઘાત, ભાઈએ કહ્યું, મારી બહેનની હત્યા થઈ છે.
- **સાવલી** : ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૮, મહિલા પોલીસનો અર્ધ બળેલી હાલતમાં મૃતદેહ મળ્યો.
- **ભાવનગર** : ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૮, પૂર્વ મહિલા મેયરનો જાહેરમાં હાથ પકડી ભાજપના કોર્પોરેટરે મારી નાખવાની ધમકી આપી !

- **થરાદ** : ૭ ઓકટોબર ૨૦૧૭, વામી ગામે સગા જેઠ દ્વારા નાના ભાઈની વહુ પર બળાત્કાર.
- **પારડી** : ૧૭ ડિસેમ્બર ૨૦૧૭ એક ગ્રામીણ વિસ્તારમાં આદિવાસી યુવતી પર બે યુવકોનું દુષ્કૃત્ય !
- **ડીસા** : ૧૪ નવે. ૨૦૧૭, કંસારી ગામની પરણીતા પર આઠ પુરૂષોએ કર્યો ગેંગરેપ !
- **મેઘરજ** : ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૮, મેઘરજ તાલુકાના વલુણા ગામની રહીશ અને અમદાવાદમાં પ્રાઈવેટ દવાખાનામાં નર્સનું કામ કરતી યુવતીનું અપહરણ કરી દસ દિવસ ગોંધી રાખી સતત આચર્યું દુષ્કર્મ.

આ ઉપરાંત ભૂજ, ભરૂચ, ઝઘડિયા, રાજપીપળા, વલસાડ, નવસારી....સારાંશ કે ગુજરાતભરમાં આવા અનેક બનાવો પ્રકાશમાં આવતા રહે છે અને જેમાં ફરિયાદો નહીં થતી હોય તેવા કેટલાય બનાવો આનાથી વિશેષ હશે. સ્ત્રીઓ પર આવો ભૂંડો અત્યાચાર થઈ રહ્યો છે તો આપણો કાયદો કેવો છે કે જાણે ડર વિના ઠેર ઠેર સ્ત્રી પર જુલ્મોના આ બનાવોમાં રોજ બરોજ વધારો થઈ રહ્યો છે ?! એના માટે પણ આપણા મીડિયાએ કડક કાયદા બનાવવા માગણી કરતો હોબાળો મચાવવો જોઈએ, પણ આ ક્ષેત્રે સૌ ખામોશ છે ! *વાહ રે ! સન્નાટા ! આવાઝ નહીં આતી !*

## દેશના વિવિધ રાજ્યોમાં અત્યાચારના બનતા બનાવોની ઝલક !

ગુજરાત જ નહીં હિંદભરમાં સ્ત્રીઓ પર જુલ્મો થઈ રહ્યા છે જેની સાક્ષી આ ન્યૂઝ પૂરી પાડે છે. અમુક અમુક દૃષ્ટાંતો જોઈ લો :–

- **નવી દિલ્હી** : ૧૪ મે ૨૦૧૭, રોહતકમાં એક નિર્ભયાકાંડ જેવો કિસ્સો સામે આવ્યો. યુવતી સાથે ગેંગ રેપ કરી હત્યા કરીને પ્રાઈવેટ પાર્ટ સહિત લાશને વિકૃત કરવામાં આવી.
- **મુંબઈ** : અંધેરીમાં સોસાયટીના વોચમેન દ્વારા ૫૦ વર્ષની મહિલા પર બળાત્કારનો પ્રયાસ, મહિલાએ પ્રતિકાર કરતાં ચાકુના વાર.
- **કાનપુર** : ૧ જુન ૨૦૧૭, હોસ્પિટલમાં યુવતીને બેહોશ કરીને તેના પર કર્મચારી દ્વારા રેપ કરવામાં આવ્યો.
- **મુંબઈ** : પંદર ટકા કુટણખાનામાં સગીરાઓ પાસે દેહવ્યવસાય કરાવાય છે.
- **મહારાષ્ટ્ર** : ૪ જુલાઈ ૨૦૧૭, એક ચાલતી બસમાં BJPના નેતાએ મહિલા સાથે દુષ્કર્મ કર્યું. યુવતીએ આરોપ લગાડયો કે બીજેપી નેતાએ નોકરી તથા લગ્ન કરવાના હેતુથી તેની સાથે રેપ કર્યો છે. એનો વીડીયો વાયરલ થયો જેમાં બસમાં અનેક પેસન્જરો પણ બેસેલા છે !
- **દિલ્હી** : ના અનેક વિસ્તારોમાં હોળી દરમ્યાન મહિલાઓ અને યુવતીઓ પર વિર્ય ભરેલા ફુગ્ગા ફેંકાયા. (આ શું સ્ત્રીઓની ઈજ્જત થઈ રહી છે ? સન્માનવામાં આવી રહી છે ?!)
- **નોઈડા** : ૨૯ ડિસેમ્બર ૨૦૧૭, કંપની માલિકે નોકરીની લાલચ આપી એક મહિલા પર અનેકવાર રેપ કર્યો.

- **હરિયાણા** : ૧ ડિસે. ૨૦૧૭, હરિયાણાના ગુંડગાંવમાં બળાત્કારનો કેસ પરત ન ખેંચતાં પીડિતાના પ્રાઈવેટ પાર્ટ પર યુવકે એસીડ હુમલો કર્યો.
- **દિલ્હી** : ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૮, યમુનાપુરામાં ૧૪–૧૫ વરસની બાળકી સાથે મિત્રતા કરી પછી ચાર પાંચ જણે ગેંગ રેપ કર્યો.
- **મુંબઈ** : મહારાષ્ટ્રના પૂણેમાં મુંબઈની યુવતી સાથે ગેંગ રેપ ! છ આરોપીઓની ધરપકડ.
- **દિલ્હી** : ૧૩ ડિસે ૨૦૧૭, રોહિણીમાં બાબા વિરેન્દ્ર દેવના આશ્રમમાં બાબા દરરોજ ૧૦ યુવતીઓ પર રેપ કરતો. કહેતો, હું ભગવાનનો અવતાર છું ! તન, મન, ધન મને આપી દો, કૃષ્ણ જેમ ૧૬ હજાર પત્નીઓ બનાવવાની ઈચ્છા ધરાવતો હતો.
- **લખનૌ** : ઉ.પ્ર. ભદેહી જિલ્લાના ઓરાઈમાંથી ઢોંગીબાબા ઝડપાયા ! આશ્રમમાંથી છ સગીર યુવતીઓને મુક્ત કરવામાં આવી.

આવા અનેક બનાવો દેશભરમાં બાબા રામરહીમ, બાબા ચરણજીત ચઢ્ઢા અનેક બાવાઓના પણ વધતા જઈ રહ્યા છે. ક્યાંક તાંત્રિક વિધિના બહાને બળાત્કારો થાય છે, ક્યાં સુધી વર્ણન કરવામાં આવે !

## દર કલાકે દેશમાં ૩૯ સ્ત્રી સામે અપરાધની ઘટનાઓ

દેશની રાજધાની દિલ્હીમાં ૧૬ ડિસેમ્બર ૨૦૧૨ની ઠંડી રાતે ચાલતી બસમાં પાંચ જેટલા વિકૃતિઓએ નિર્ભયા પર બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર દેશમાં ઓહાપોહ મચી ગયો હતો અને સંસદમાં પણ તેનો પડઘો પડયો હતો. સંસદમાં દુષ્કર્મને લગતા કાયદામાં સુધારો કરાયો હતો, છતાં હજી પણ પરિસ્થિતિમાં લગીરે સુધારો થયો નથી !

*''નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો''*ના ૨૦૧૬ના આંકડા પ્રમાણે દેશમાં સરેરાશ પ્રત્યેક કલાકે મહિલાઓ સામે ૩૯ અપરાધની ઘટનાઓ ઘટે છે. દર કલાકે મહિલાઓ ચાર ગુનાનો ભોગ બને છે. આ પ્રકારની ઘટનાઓમાં ૨૦૧૬માં માત્ર ૧૧ ટકા ગુનેગારોને જ સજા ફટકારવામાં આવી.''

હદ તો એ છે કે ઉત્તર પ્રદેશમાં વિવિધ પક્ષોના કુલ ૪૮૨૩ ઉમેદવારો ચૂંટણી લડતા હતા જેમાં દર ત્રીજા ઉમેદવાર સામે હત્યા, બળાત્કાર જેવા ગંભીર ગુના, સ્ત્રી હિંસા વગેરેના નોંધાયેલા છે. *(આવા જ લોકો લોકસભા કે ધારાસભામાં જાય તો દેશની સ્ત્રીઓનું પછી શું થાય ? અને તેઓ કેવા કાયદા બનાવે ?!)*

સાથોસાથ તે ફ્રાંસ કે જ્યાં મુસ્લિમ સ્ત્રીના પર્દા બાબતે બહુ હોબાળો કરાયો હતો ત્યાં સ્ત્રીની શું હાલત છે તે પણ જાણી લો. ફ્રાંસ દુનિયામાં આધુનિક જીવન શૈલીના કારણે ઓળખાય છે પરંતુ એક રિપોર્ટ અનુસાર આ દેશનો બીજો ચહેરો પણ જોઈ લો.

પેરિસમાં આવેલ થિંક ટેન્ક ફાઉન્ડેશન જીન જોરેસની રિપોર્ટ અનુસાર ફ્રાંસની લગભગ ૪૦ લાખ મહિલાઓ એવી છે જેમણે પોતાના જીવનમાં યૌન હિંસાનો શિકાર થવું પડયું છે. આ આંકડા દેશની આબાદીના

૧૨ ટકા છે. એટલે કે આ દેશની દરેક આઠમી મહિલા પોતાના જીવનમાં યૌન શૌષણનો શિકાર બની છે. ફ્રાંસની ૪૩% મહિલાઓએ સ્વીકાર્યું છે કે તેમને તેમની મરજી વિરુદ્ધ સ્પર્શ કરવામાં આવ્યો છે. એ જ રીતે ૫૮% મહિલાઓ દુષ્વ્યવહારનો ભોગ બની છે. *(ન્યૂઝ ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૮)*

દુનિયાભરમાં યૂરોપ, અમેરિકા વગેરે દેશો જ્યાં ઈસ્લામી ક઼ાનૂન અમલમાં નથી ત્યાં આવી બલ્કે આથી ખરાબ હાલત સ્ત્રીઓની છે. છતાં શરમની વાત છે કે સ્ત્રીના અધિકારના રક્ષક તો પોતે એ જ દેશો હોવાના દાવા કરવામાં આવે છે !!

**ઉપસંહાર** : કહેવાનો આશય એ છે કે આ સ્થિતિ ખાસ કરીને આપણા દેશની સ્ત્રીઓની છે જે મુસ્લિમોમાં તલાક઼ના એકાદ એકાદ બનતા બનાવો કરતાં સેંકડો ગણી અતિ વિશેષ સંખ્યામાં તથા અતિ ગંભીર છે, પણ આ બહેનોના પર થતા અત્યાચારોથી કોઈ નોંધપાત્ર પીડા ન આપણા તંત્રને થતી જણાય છે ન મીડિયા રંજીત થાય છે ! જો ખરેખર જ બહેનોની લાગણી હોય, તેમની ઈજ્જત આબરૂની રક્ષાની ચિંતા હોય તો ઈસ્લામી ક઼ાનૂન જેવા ક઼ાનૂન વ્યભિચારી, બળાત્કારી તથા સ્ત્રીઓ પર અત્યાચાર કરનાર માટે બનાવવા તરફ ધ્યાન કરવું જોઈએ. કેમ કે જે દેશોમાં આ ક઼ાયદા છે ત્યાં આવા બનાવો જવલ્લે જ બને છે અને જો બને પણ છે તો સત્વરે સમય વેડફ્યા વિના જાહેરમાં સજા કરી દેવામાં આવે છે જેથી પબ્લિકને પણ ચેતવણી થઈ જાય છે. ઈસ્લામી ક઼ાયદા સામે પડવાને બદલે તેને અપનાવી લેવામાં જ સૌની ભલાઈ છે. અલ્લાહ તઆલા સૌને સાચી સમજ અતા કરે, નિષ્પક્ષ તથા ન્યાયી બનવાની અને ઈસ્લામની હિદાયત


## બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

હજ્જ પ્રોગ્રામ-૨૦૧૮



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

ઉમરાહ ૨૦૧૮-૧૯નું બુકીંગ ચાલુ છે.

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬

લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

وَ اِذْ اَخَذَ اللّٰهُ مِیْثَاقَ النَّبِیّٖنَ لَمَاۤ اٰتَیْتُكُمْ مِّنْ كِتٰبٍ وَّ حِكْمَةٍ ثُمَّ جَآءَكُمْ رَسُوْلٌ مُّصَدِّقٌ لِّمَا مَعَكُمْ لَتُؤْمِنُنَّ بِهٖ وَ لَتَنْصُرُنَّهٗؕ قَالَ ءَاَقْرَرْتُمْ وَ اَخَذْتُمْ عَلٰى ذٰلِكُمْ اِصْرِیْؕ قَالُوْۤا اَقْرَرْنَاؕ قَالَ فَاشْهَدُوْا وَ اَنَا مَعَكُمْ مِّنَ الشّٰهِدِیْنَ۝۸۱ فَمَنْ تَوَلّٰى بَعْدَ ذٰلِكَ فَاُولٰٓىٕكَ هُمُ الْفٰسِقُوْنَ۝۸۲ اَفَغَیْرَ دِیْنِ اللّٰهِ یَبْغُوْنَ وَ لَهٗۤ اَسْلَمَ مَنْ فِی السَّمٰوٰتِ وَ الْاَرْضِ طَوْعًا وَّ كَرْهًا وَّ اِلَیْهِ یُرْجَعُوْنَ۝۸۳ قُلْ اٰمَنَّا بِاللّٰهِ وَ مَاۤ اُنْزِلَ عَلَیْنَا وَ مَاۤ اُنْزِلَ عَلٰۤى اِبْرٰهِیْمَ وَ اِسْمٰعِیْلَ وَ اِسْحٰقَ وَ یَعْقُوْبَ وَ الْاَسْبَاطِ وَ مَاۤ اُوْتِیَ مُوْسٰى وَ عِیْسٰى وَ النَّبِیُّوْنَ مِنْ رَّبِّهِمْ۪ لَا نُفَرِّقُ بَیْنَ اَحَدٍ مِّنْهُمْ٘ وَ نَحْنُ لَهٗ مُسْلِمُوْنَ۝۸۴ وَ مَنْ یَّبْتَغِ غَیْرَ الْاِسْلَامِ دِیْنًا فَلَنْ یُّقْبَلَ مِنْهُۚ وَ هُوَ فِی

## સૂરએ આલે ઈમરાનની તફસીર

જો હું તમને કિતાબ અને હિકમત આપું, પછી તમારી પાસે એ રસૂલ પધારે[૨૬૬] કે (જે) તમારી કિતાબોની સત્યતા જાહેર કરે[૨૬૭] તો તમે જરૂર જરૂર તેના પર ઈમાન લાવજો, અને જરૂર જરૂર તેની મદદ કરજો. ફર્માવ્યું, શું તમે સ્વીકાર કર્યો ? અને એના પર મારી ભારે જવાબદારી લીધી ? બધાંએ વિનંતી કરી, અમે સ્વીકાર કર્યો. ફર્માવ્યું, તો એક બીજા પર સાક્ષી બની જાવ, અને હું પોતે તમારી સાથે સાક્ષીઓમાં છું. (૮૧) તો જે કોઈ આના[૨૬૮] પછી ફરે[૨૬૯] તો તે લોકો જ ફાસિક઼ છે[૨૭૦] (૮૨) તો શું અલ્લાહના દીન સિવાય બીજો દીન ઢુંઢે છે[૨૭૧] અને જે કાંઈ આસ્માનોમાં અને જમીનમાં છે[૨૭૨] (તે બધાએ) તે ખુદાની સમક્ષ જ ગરદન નમાવેલી છે, રાજીખુશીથી[૨૭૩] અને લાચારીથી[૨૭૪] અને તેના તરફ જ પરત થશે (૮૩) એવું કહો કે અમે ઈમાન લાવ્યા અલ્લાહ પર અને તેના પર જે અમારી તરફ ઉતર્યું અને જે ઉતર્યું ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અને ઈસ્હાક઼ અને યા'કૂબ અને તેમના બેટાઓ પર, અને તેના પર જે કાંઈ મળ્યું મૂસા અને ઈસા અને બીજા નબીઓને તેઓના પરવરદિગાર (તરફ)થી, અમે તેમનામાં કોઈ પર ઈમાનમાં ફરક કરતા

الْاٰخِرَةِ مِنَ الْخٰسِرِيْنَ﴿۸۵﴾ كَيْفَ يَهْدِی اللّٰهُ قَوْمًا
كَفَرُوْا بَعْدَ اِيْمَانِهِمْ وَ شَهِدُوْۤا اَنَّ الرَّسُوْلَ حَقٌّ وَّ
جَآءَهُمُ الْبَيِّنٰتُ ؕ وَ اللّٰهُ لَا يَهْدِی الْقَوْمَ
الظّٰلِمِيْنَ﴿۸۶﴾ اُولٰٓئِكَ جَزَآؤُهُمْ اَنَّ عَلَيْهِمْ لَعْنَةَ
اللّٰهِ وَ الْمَلٰٓئِكَةِ وَ النَّاسِ اَجْمَعِيْنَ﴿۸۷﴾ خٰلِدِيْنَ
فِيْهَا ۚ لَا يُخَفَّفُ عَنْهُمُ الْعَذَابُ وَ لَا هُمْ
يُنْظَرُوْنَ﴿۸۸﴾ اِلَّا الَّذِيْنَ تَابُوْا مِنْۢ بَعْدِ ذٰلِكَ وَ
اَصْلَحُوْا ۫ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ﴿۸۹﴾ اِنَّ الَّذِيْنَ
كَفَرُوْا بَعْدَ اِيْمَانِهِمْ ثُمَّ ازْدَادُوْا كُفْرًا لَّنْ تُقْبَلَ
تَوْبَتُهُمْ ۚ وَ اُولٰٓئِكَ هُمُ الضَّآلُّوْنَ﴿۹۰﴾ اِنَّ الَّذِيْنَ
كَفَرُوْا وَ مَاتُوْا وَ هُمْ كُفَّارٌ فَلَنْ يُّقْبَلَ مِنْ
اَحَدِهِمْ مِّلْءُ الْاَرْضِ ذَهَبًا وَّ لَوِ افْتَدٰی بِهٖ ؕ
اُولٰٓئِكَ لَهُمْ عَذَابٌ اَلِيْمٌ وَّ مَا لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ﴿۹۱﴾

નથી[૨૭૫] અને અમે તેના સમક્ષ માથુ નમાવેલ છીએ (૮૪) અને જે કોઈ ઈસ્લામ સિવાય બીજો દીન ઈચ્છશે તે કદાપિ તેનાથી કૂબૂલ રાખવામાં નહીં આવે, અને તે આખિરતમાં નુકસાનવાળાઓમાંથી છે (૮૫) અલ્લાહ કેમ કરીને એવી કોમની હિદાયત ઈચ્છે જે ઈમાન લાવીને કાફિર થઈ ગયા[૨૭૬] અને ગવાહી આપી ચૂક્યા હતા કે રસૂલ[૨૭૭] સાચા છે, અને એમની પાસે સ્પષ્ટ નિશાનીઓ આવી ચૂકી હતી[૨૭૮] અને અલ્લાહ જાલિમોને હિદાયત નથી કરતો (૮૬) તેમનો બદલો એ છે કે તેમના પર લઅનત છે અલ્લાહની, ફરિશ્તાઓની અને આદમીઓની બધાની (૮૭) હમેશાં તેમાં રહે. ન તેમના પર અઝાબ હલકો થાય ન તેઓને મહેતલ આપવામાં આવે (૮૮) પણ જેઓએ પછી તૌબા કરી[૨૭૯] અને પોતાને સંભાળ્યો તો જરૂર અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૮૯) બેશક! જેઓ ઈમાન લાવીને કાફિર થયા, પછી કુફ્રમાં ઔર વધ્યા[૨૮૦] તેમની તૌબા કદાપિ કૂબૂલ થશે નહીં[૨૮૧] અને તેઓ જ ભટકેલા છે (૯૦) તેઓ જે કાફિર થયા અને કાફિર જ મર્યા, તેમનામાં કોઈની પાસેથી પણ જમીન ભરીને સોનુ જો પોતાના છુટકારા માટે આપે (તો પણ) કદાપિ સ્વીકારાશે નહીં, તેઓ માટે દુઃખદાયક અઝાબ છે, અને તેમનો કોઈ યાર (મદદ કરનાર) નથી (૯૧)

## :: સમજૂતી ::

**૨૬૬** : એટલે કે હુઝૂર સૈયદે અંબિયા ﷺ.

**૨૬૭** : એવી રીતે કે આપનાં ગુણો અને હાલતો તમામ અંબિયા عَلَيْهِمُ السَّلَام ની કિતાબોમાં વર્ણવ્યા પ્રમાણે હોય.

**૨૬૮** : આ વચન પછી.

**૨૬૯** : અને આવનાર નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ પર ઈમાન લાવવામાં આનાકાની કરે.

**૨૭૦** : ઈમાનથી નીકળી ગયેલા.

**૨૭૧** : વચનબદ્ધ થઈ ગયા પછી, અને દલીલો સ્પષ્ટ થઈ ગયા પછી, અને હાલત એ છે કે તમામ સૃષ્ટિ.

**૨૭૨** : ફરિશ્તાઓ, ઈન્સાનો, જિન્નાત.

**૨૭૩** : દલીલોનું પારખુ કરીને, અને ન્યાય કરીને અને આ તાબેદારી તેઓને ફાયદો અને નફો આપે છે.

**૨૭૪** : કોઈક ડરના કારણે અથવા અઝાબને જોયા પછી, જેમ કે કાફિર મૌત સમયે અલ્લાહનો અઝાબ દેખીને ઈમાન લાવે છે, આ ઈમાન તેને કયામતના દિવસે ફાયદો આપશે નહીં.

**૨૭૫** : જેમ કે યહૂદીઓ અને નસરાનીઓએ કર્યું કે અમુક પર ઈમાન લાવ્યા અને અમુકનો નકાર કર્યો.

**૨૭૬ : શાને નુઝૂલ** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે આ આયત યહૂદી અને નસારા વિશે ઉતરી. યહૂદીઓ હુઝૂર ﷺના આગમન પહેલાં આપના વસીલાથી દુઆઓ કરતા હતા, અને આપની નુબુવ્વતનો સ્વીકાર કરતા હતા અને આપની પધરામણીની રાહ જોતા હતા. જ્યારે હુઝૂર ﷺ પધાર્યા ત્યારે ઈર્ષાના કારણે આપનો ઈન્કાર કર્યો અને કાફિર થઈ ગયા. મતલબ એ છે કે અલ્લાહ તઆલા એવી કોમને કેમ કરી ઈમાનની તૌફીક આપે જે જાણી ઓળખીને અને માનીને મુન્કિર બની ગઈ.

**૨૭૭** : એટલે કે હુઝૂર સૈયદે અંબિયા મુહમ્મદ મુસ્તફા ﷺ.

**૨૭૮** : અને તેઓ સ્પષ્ટ મોઅજિઝાઓ દેખી ચૂક્યા હતા.

**૨૭૯** : અને કુફ્રથી પરત થયા.

**શાને નુઝૂલ** : હારિષ ઈબ્ને સુવેદ અન્સારી કાફિરો સાથે મળી ગયા પછી પસ્તાવો થયો, તો તેમણે પોતાની કોમને કહેવડાવ્યું કે તેઓ રસૂલુલ્લાહ ﷺને પૂછી જુએ કે મારી તૌબા કબૂલ થશે કે નહીં ? તેમના વિશે આ આયત ઉતરી ત્યારે તેઓ તૌબા કરીને મદીના મુનવ્વરામાં હાજર થયા, અને હુઝૂર ﷺએ તેમની તૌબા કબૂલ ફર્માવી.

**૨૮૦ : શાને નુઝૂલ** : આ આયત યહૂદીઓ વિશે ઉતરી, જેઓએ હઝરત મૂસા علیہ السلام પર ઈમાન લાવ્યા પછી હઝરત ઈસા علیہ السلام અને ઈન્જીલ સાથે કુફ્ર કર્યું, પછી કુફ્રમાં ઔર આગળ વધ્યા અને હુઝૂર ﷺ અને કુર્આન મજીદ સાથે પણ કુફ્ર કર્યું.

અને એક મંતવ્ય એવું છે કે આ આયત યહૂદીઓ અને નસરાનીઓ બન્ને વિશે ઉતરી જેઓ હુઝૂર ﷺની પધરામણી પહેલાં તો પોતાની કિતાબોમાં આપના ગુણોનું બયાન જોઈને આપના ઉપર ઈમાન ધરાવતા હતા પણ આપના આગમન પછી કાફિર થઈ ગયા, અને પછી કુફ્રમાં વધારે સખત બની ગયા.

**૨૮૧** : આ પરિસ્થિતિમાં, અથવા મળતી વખતે જો તેઓ કુફ્ર પર મરે તો.

## સુન્ની દા'વતે ઈસ્લામીના ઔરતો માટે સુન્ની ઈજતેમા

નૂરી તર્બિયત સેન્ટર સુન્ની દા'વતે ઈસ્લામી મર્કઝ, તવક્કલ સોસાયટી જંબુસરથી નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર મૌલાના ઝહીર મિસ્બાહી જણાવે છે કે બહેનોની ઈમાની અમલી મજબૂતી તથા ઈસ્લાહ માટે દર અઠવાડિયે જુમ્આ બાદ જંબુસર ખાતે તેમજ દર ૧૫ દિવસે દહેગામ ખાતે તર્બિયતી ઈજતેમા થયા. તા. ૧૬–૩–૧૮ જુમ્આ બાદ ૩ વાગે મદ્રસા ઝિયાઉલ ઈસ્લામ–દહેગામમાં બહેનો માટેના ઈજતેમામાં આમોદથી આલિમા રૂબીના આપા તેમજ અન્ય મુબલ્લિગા બહેનોએ હાજરી આપી હાજર આવેલ બહેનોમાં નઅત, બયાન પેશ કરી, દીની મસાઈલ શીખવાડી તર્બિયત કરી હતી. હવેથી દર મહિને જંબુસરમાં ઔરતોનો ઈજતેમા થશે, તેમજ દહેગામ તથા ડાભા ખાતે પખવાડિક ઈજતેમા બહેનો માટે થશે. દર અઠવાડિયે જંબુસરમાં થતા મર્દોના હફતાવારી ઈજતેમામાં સુન્ની દા'વતે ઈસ્લામી મર્કઝ ખાતે બહેનો માટે વ્યવસ્થા રાખી છે જેમાં મોટી સંખ્યામાં બહેનો પણ હાજરી આપી ઈલ્મે દીનથી ફૈઝયાબ થાય છે.

دर्से हदीषे पाक एटले

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**કાર્યાલય**

***હદીષ :*** *હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જે નમાઝ ભૂલી જાય અથવા તેનાથી ગાફેલ થઈને સૂઈ જાય[૧] તો એનો કફ્ફારો એ છે કે જ્યારે યાદ આવી જાય તો પઢી લે. એક રિવાયતમાં છે, એનો કફ્ફારો એના સિવાય કાંઈ નથી.[૨] (મુસ્લિમ, બુખારી)*

*હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે સૂઈ જવામાં ઉણપ (વાંક) નથી, ઉણપ કેવળ જાગૃતાવસ્થામાં છે[૩] તો જ્યારે કોઈ નમાઝ ભૂલી જાય અથવા તેનાથી ગાફેલ થઈને સૂઈ જાય, જ્યારે યાદ આવે તો પઢી લે, કેમ કે રબ તઆલા ફર્માવે છે કે મારી યાદના સમયે નમાઝ કાયમ કરો.[૪] (મુસ્લિમ)*

*(બીજો વિભાગ) હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે, નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, હે અલી ! ત્રણ ચીજોમાં વાર ન લગાડો : નમાઝ જ્યારે આવી જાય[૫] અને જનાઝો જ્યારે તૈયાર થઈ જાય, અને છોકરી જ્યારે યોગ્ય પાત્ર મળી જાય.[૬] (તિર્મિઝી)*

*હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, નમાઝ શરૂ સમયમાં અલ્લાહની ખુશ્નુદી છે અને અંતિમ સમયમાં અલ્લાહથી માફી.[૭] (તિર્મિઝી)*

*હઝરત ઉમ્મે ફર્દા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم ને પૂછવામાં આવ્યું કે કયો અમલ બેહતર છે ? ફર્માવ્યું, શરૂ સમયમાં નમાઝ પઢવી.[૮] (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ) તિર્મિઝી ફર્માવે છે : આ હદીષ કેવળ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત પામેલી છે, અને એ મુહદ્દિષોની નજીક કવી (મજબૂત) નથી.[૯]*

*હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم એ કોઈ નમાઝ તેના અંતિમ સમયમાં બીજીવાર પણ નથી પઢી, ત્યાં સુધી કે રબે આપને વફાત આપી.[૧૦] (તિર્મિઝી)*

## :: સમજૂતી ::

**૧.** એ રીતે કે આમ જ આડો પડયો, સૂવાનો ઈરાદો ન હતો એવામાં આંખ લાગી ગઈ. નમાઝનો સમય પસાર થઈ ગયા બાદ આંખ ખુલી તો મઅઝૂર (મજબૂર) છે. પણ જો જાણી બુઝીને નમાઝ પઢયા વિના સૂઈ ગયો અથવા રાતે ઉઝર વિના મોડેથી સૂતો જેના લીધે ફજરના સમયે આંખ ન ખુલી તો મુજરિમ છે. રબ તઆલા નિય્યત તથા ઈરાદાને જાણે છે. એટલા માટે ઈશાની નમાઝ બાદ જલ્દી સૂઈ જવાનો હુકમ છે. જેથી આ હદીષથી આજકાલના ફાસિક, નમાઝથી બેપરવા લોકો દલીલ નથી પકડી શકતા.

**૨.** એટલે કે જેવી રીતે રોઝો રહી જવામાં ક્યારેક કફ્ફારો લાગુ થઈ જાય છે અને જેવી રીતે કદીક હજના અરકાન છૂટી જવા પર કફ્ફારો લાગુ પડી

જાય છે, એવું નમાઝમાં થશે નહીં. એમાં કેવળ કઝા છે. إِذَا ذَكَرَ થી બે મસ્અલા માલૂમ થયા : એક એ કે છૂટી ગયેલી નમાઝ જો તદન યાદ જ ન આવે તો માણસ ગુનેહગાર નથી. બીજુ એ કે યાદ આવી જતાં મોડુ ન કરે, તરત જ કઝા અદા કરે કે હવે મોડુ કરવું ગુનોહ છે કેમ કે જિંદગીનો કોઈ ભરોસો નથી. સર્વ ઈબાદતોનો આ જ હાલ છે. યાદ રાખશો કે અહીં કેવળ ઝિક્ર તથા યાદ આવી જવાનો ઉલ્લેખ કર્યો, જાગી જવાનો ઉલ્લેખ નથી કર્યો, કેમ કે કઝા યાદ આવતાં વાજિબ થાય છે, ન કે કેવળ જાગવાથી. જો જાગી જતાં યાદ ન આવે તો કઝા નથી.

**૩.** એટલે કે જો નમાઝના સમયે સંજોગોવસાત આંખ ન ખુલે અને નમાઝ કઝા થઈ જાય તો ગુનોહ નથી, ગુનોહ એમાં છે કે માણસ જાગતો રહે અને જાણી જોઈને નમાઝ કઝા કરી આપે. યાદ રાખશો કે સમય પર આંખ ન ખુલવી પોતાની ઉણપના કારણે હોય તો ગુનોહ છે, જેમ કે રાતે વિના કારણે મોડેથી સૂવું જેનાથી દિવસ ચઢયા પછી આંખ ખુલે એ યકીનન ! હરામ છે.

**૪.** એટલે કે જ્યારે હું યાદ આવું તો નમાઝ પઢો. આ આયતની અન્ય ઘણી તફસીરો છે. આ આયતની બીજી ઘણી તફસીરો છે. ખૂબ જ પ્યારી તથા કવી (મજબૂત) તફસીર એ જ છે જે ખુદ હુઝૂર ﷺ ફર્માવે. યાદ રાખશો કે અહીં એ નથી ફર્માવ્યું કે જ્યારે નમાઝ યાદ આવી જાય તો પઢી લો, બલ્કે ફર્માવ્યું, જ્યારે હું યાદ આવું તો પઢી લો. **જાણવા મળ્યું કે ખુદાને યાદ રાખનારો નમાઝ નથી ભૂલી શકતો. અને નમાઝ પર પાબંદી કરનારો ઈન્શાઅલ્લાહ ! ખુદાથી ગાફેલ નથી થઈ શકતો.** આ આયતની અન્ય ઘણી બધી તફસીરો અમારી તફસીર "નૂરૂલ ઈર્ફાન"માં જુઓ.

**૫.** એટલે કે જ્યારે નમાઝનો મુસ્તહબ સમય આવી જાય તો મોડુ ન કરો. જેથી આ હદીષ ન તો હનફીઓની વિરૂધ્ધ છે ન તો શાફઈઓના સમર્થનમાં, ન અન્ય હદીષોથી ટકરાવવાળી છે, કેમ કે ઈશા સૌની નજીક મોડેથી પઢવી જોઈએ.

**૬.** الْأَيِّمِ અસલમાં الْأَيْوَمُ હતું. **વાવ** (و), **યે** (ى) થઈને **યે** (ى)માં મુદગ્મ થઈ (પ્રવેશી) ગયો. اَیِّم પતિવિહોણી બાલિગા સ્ત્રીને કહે છે, કુંવારી હોય કે વિધવા. એટલે કે **જ્યારે છોકરીના માટે યોગ્ય રિશ્તો મળી જાય તો વિના કારણે મોડુ ન કરો કે એમાં હજારો ફિત્ના છે.** આ હદીષથી જાણવા મળ્યું કે જો મકરૂહ સમયમાં જનાઝો આવે તો પણ તેના પર નમાઝ પઢી લેવામાં આવે. આ જ હનફીઓનો મઝહબ છે. મના એ છે કે જનાઝો પહેલેથી તૈયાર હોય પણ (મોડુ કરીને) નમાઝ મકરૂહ સમયમાં પઢવામાં આવે. જેથી આ હદીષ એની વિરૂધ્ધ નથી કે હુઝૂર ﷺએ સૂરજ નીકળતાં, ડૂબતાં તથા બપોરના સમયે નમાઝે જનાઝાથી મના કર્યું.

**૭.** અવ્વલ (શરૂ) સમયથી મુસ્તહબ સમયની શરૂઆત મુરાદ છે. આખર સમયથી મકરૂહ સમય મુરાદ છે. એટલે કે મુસ્તહબ સમય શરૂ થતાં જ નમાઝ પઢી લેવી રઝાએ ઈલાહીનો સબબ છે અને મકરૂહ સમયમાં નમાઝ પઢવામાં તો એવું હોવું જોઈતું હતું કે સખત ગુનોહ થાય અને નમાઝ કઝા માનવામાં આવે. પણ રબે માફી આપી દીધી. અમારી આ તફસીરથી આ હદીષ એ હદીષની વિરૂધ્ધ નથી કે ઈશા મોડુ કરીને પઢો.

**૮.** એટલે મુસ્તહબ સમયના શરૂમાં નમાઝ પઢવી, જેમ કે ઘણીવાર વર્ણન કરવામાં આવી ચૂક્યું છે : યાદ રાખશો કે ફઝીલતના બયાનમાં વિવિધ હદીષો છે : અમુકમાં છે કે અફઝલ અમલ જેહાદ છે, અમુકમાં છે કે બેહતરીન અમલ મા બાપની ખિદમત છે, પણ એમાં ટકરાવ નથી. કેમ કે મુત્લકન ફઝીલત શરૂ સમયમાં નમાઝ પઢવામાં છે. પણ અમુક હંગામી હાલાતમાં જેહાદ અથવા મા બાપની ખિદમત અફઝલ

થઈ જાય છે. શક્ય છે કે હુઝૂર ﷺના આ વિવિધ જવાબો, પૂછનારાઓના હાલાતના લેહાઝથી હોય. કોઈને ફર્માવ્યું કે તારા માટે જેહાદ અફઝલ, કોઈને કહ્યું કે તારા માટે મા બાપની ખિદમત અફઝલ. તબીબનો નુસ્ખો (ડોકટરનું નિદાન) બીમારીની સ્થિતિના લેહાઝથી હોય છે.

**૯.** એમનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ઈબ્ને હફસ ઈબ્ને આસિમ ઈબ્ને ઈમરાન ઈબ્ને ખત્તાબ છે. ઘણા જ આબિદ, ઝાહિદ તથા પરહેઝગાર હતા, પણ યાદશક્તિ કાંઈક અંશે કમજોર હતી. હિ.સ. ૧૭૧માં વફાત પામ્યા. એમના ભાઈ ઔબેદુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ ઘણા જ ષિક્હ રાવી હતા. યાદ રાખશો કે આ હદીષ ઘણી જ અસ્નાદોથી રિવાયત થયેલી છે, એટલા માટે હસન લિગૈરિહી છે. *(મિર્કાત તથા અશ્અહ)*

**૧૦.** આ હદીષ ઘણી જ મુશ્કિલ છે, કેમ કે નબી ﷺએ ઘણી બધી વખતે ઘણી બધી નમાઝો છેવટ સમયમાં પઢી, કેમ કે જિબ્રઈલ علیہ السلامએ બીજા દિવસે સર્વ નમાઝો હુઝૂરને અંતિમ સમયમાં પઢાવી. સહાબાએ કિરામને એક દિવસ શરૂ સમયમાં નમાઝ પઢાવી, એક દિવસ અંતિમ સમયમાં, ગઝવએ ખંદક્માં પાંચ નમાઝો કઝા કરીને પઢી, તઅરીસની રાતે ફજરની નમાઝ કઝા કરીને પઢી. એકવાર ફજરના તદ્દન અંતિમ સમયે હુઝૂરની આંખ ખુલી તો ખૂબ જ ઝડપમાં નમાઝ અદા કરી અને ફર્માવ્યું કે મેં રબને ખ્વાબમાં જોયો, એની સાથે હમકલામીમાં મશગૂલ હતો....(છેવટ સુધી) જેથી આ હદીષ વાજિબુત્તાવીલ છે, ક્યાં તો આ સર્વ બનાવો ઉમ્મુલ મો'મિનીના ઈલ્મમાં ન આવ્યા અથવા શીખવા શીખવવાના બનાવોને આપ વર્ણન કરી રહ્યાં હતાં. અથવા મતલબ એ છે કે મારા નિકાહમાં આવ્યા પછી મારા ઘરમાં હુઝૂર ﷺએ કોઈ નમાઝ અંતિમ સમયમાં નથી પઢી. તેમજ આ હદીષ ક્વી (મજબૂત) પણ નથી, જેથી તિર્મિઝીએ ફર્માવ્યું કે એની અસ્નાદ મુત્તસિલ નથી. મુહદ્દિષે મીરક ફર્માવે છે કે આ હદીષમાં તામ્મુલ (શંકાપણુ) છે.

પેજ 24 નું ચાલુ..

બાદમાં ફર્માવ્યું કે જે શખ્સ આજિઝીના સમયે (કોઈ મક્સદ માટે) આ નામોને હજારવાર પઢે તો તેની તે જરૂરત જરૂર પૂરી થશે. અને તે અસ્મા (નામો) આ છે :–

اَقْوٰی مُعِیْنٍ وَ اَهْدٰی دَلِیْلٍ بِحَقِّ اِیَّاكَ نَعْبُدُ وَاِیَّاكَ نَسْتَعِیْنُ۔

ત્યારબાદ ફર્માવ્યું કે ઈમામ ઝાહિદ رحمۃ اللہ علیہની તફસીરમાં મેં લખેલું જોયું છે કે જે શખ્સ ચાહે કે તેના અમલો ક્બૂલ થાય તે આ દુઆ પઢે :–

رَبَّنَا تَقَبَّلْ مِنَّآ اِنَّكَ اَنْتَ السَّمِیْعُ الْعَلِیْمُ۔

જયારે દુનિયા તથા આખેરતની તંગી (મુફલિસી)થી છુટકારો ચાહે અને દોઝખથી મુક્તિ તો આ આયત પઢે :–

رَبَّنَآ اٰتِنَا فِی الدُّنْیَا حَسَنَةً وَّ فِی الْاٰخِرَةِ حَسَنَةً وَ قِنَا عَذَابَ النَّارِ۔

અને જયારે દરેક હાલતમાં સાબિર બનવા ચાહે અને દરેક કામમાં અડગ રહેવા ચાહે અને દુશ્મનો પર ફતહયાબ થવા ચાહે તો આ આયત પઢે :–

رَبَّنَآ اَفْرِغْ عَلَیْنَا صَبْرًا وَّثَبِّتْ اَقْدَامَنَا وَ انْصُرْنَا عَلَی الْقَوْمِ الْكٰفِرِیْنَ۔

જયારે ચાહે કે દિલ અમ્નો અમાનમાં અને બાઈમાન રહે, અને અલ્લાહ તઆલાની રહમત તેના પર નિછાવર થાય તો આ આયત પઢે :–

رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَیْتَنَا وَ هَبْ لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً ۚ اِنَّكَ اَنْتَ الْوَهَّابُ۔

**ખેરાલુમાં બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા સંપર્ક કરો**

| ઈમરાન ખાન | સૈયદ મોઈન | હનીફભાઈ |
|---|---|---|
| 9978640078 | 7567819727 | 9978640079 |

# હ઼દાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**સરવર કહૂં કે માલિકો મૌલા કહૂં તુઝે–બાગે ખલીલ કા ગુલે ઝૈબા કહૂં તુઝે**

*(સરવર = સરદાર, મૌલા = આક઼ા, ખલીલ = ઈબ્રાહીમ علیہ السلام નો લક઼બ, ગુલે ઝૈબા = ખૂબસૂરત ફૂલ)*

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! علیہ الصلوٰۃ والسلام આપને (નબીઓ, રસૂલોના) સરદાર કહું, મારા આક઼ા તથા મૌલા કહું, હઝરત ખલીલ علیہ السلام ના ગુલિસ્તાનનું સુંદર ફૂલ કહું કે પછી શું કહું ?! કેમ કે આપનામાં એ સર્વ સિફતો (ગુણો) પણ છે, અને એના ઉપરાંત પણ અગણિત ખૂબીઓ અલ્લાહ તઆલાએ આપનામાં રાખી છે.

આપ ﷺ નું પોતાનું ફર્માન છે : انا سید ولد ادم ولا فخر "હું આદમ علیہ السلام ની સર્વ ઔલાદનો સરદાર છું પણ ફખ્ર નથી." અને આપનાં વાલિદા માજિદાને (જ્યારે સગર્ભા થયાં તો) ગયબથી અવાજ આવ્યો : انك حملت بسيد هذه الامة فاذا وضعته فسميه محمد (صلى الله عليه وسلم) તું આ ઉમ્મતના સરદારની સાથે હામેલા થઈ ચૂકી છે, એનો જન્મ થતાં એનું નામ 'મુહમ્મદ' રાખજે. (ﷺ)

**હિર્માં નસીબ હૂં તુઝે ઉમ્મીદગહ કહૂં–જાને મુરાદ વ કાને તમન્ના કહૂં તુઝે**

*(હિર્માં નસીબ = મેહરૂમ, ઉમ્મીદગહ = ઉમ્મીદ પૂરી થવાની જગા,*
*જાને મુરાદ = મક઼સદ પ્રાપ્તિની જાન, કાને તમન્ના = ઉમ્મીદોની ખાણ)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ ભલે હું કમનસીબ, મેહરૂમ ક઼િસ્મતવાળો છું, પરંતુ જ્યારે આપ મારી ઉમ્મીદોના કેન્દ્ર, મુરાદોની જાન અને તમન્નાઓની ખાણ છો તો પછી મેહરૂમી કેવી ?! આપની નિગાહે ઈનાયતથી બદ્‌નસીબી, નેકનસીબીમાં બદલાય જશે, રજકણ આફતાબ (સૂરજ) અને ટીપુ સમુદ્ર બની જશે.

*જિસ તરફ ચશ્મે મુહમ્મદ કે ઈશારે હો ગએ (ﷺ)–જિતને ઝર્રે સામને આયે સબ સિતારે હો ગએ*

**ગુલઝારે કુદ્દસ કા ગુલે રંગી અદા કહૂં તુઝે–દરમાને દર્દે બુલબુ શયદા કહૂં તુઝે**

*(ગુલઝારે કુદ્દસ = પાકીઝગીનો બાગ, દરમાન = ઈલાજ)*

**અર્થાત :** હે મારા અઝમત તથા કમાલવાળા નબી ! આપને જન્નતના મુક઼દ્દસ તથા પાકીઝા બાગના સૌથી ખૂબસૂરત, નાઝનીન ફૂલ કહેવામાં આવે અથવા દર્દે વિરહમાં દરેક સમયે તડપતા રહે છે, અને આપનું નામ સાંભળીને અથવા આપનો જલ્વો જોઈને તેમનાં બેચૈન દિલોને ચૈન તથા ક઼રાર મળી જાય છે. આપ એમના દર્દનો ઈલાજ પણ છે.

*ન હો આરામ જિસ બીમાર કો સારે ઝમાનેસે–ઉઠા લે જાએ થોળી ખાક તેરે આસ્તાને સે*

**સુબ્હે વતન પે શામે ગરીબાં કો દૂં શરફ઼–બેકસ નવાઝ ગેસૂંઓવાલા કહૂં તુઝે**

*(બેકસ નવાઝ = મજબૂરોને નવાઝનાર)*

**અર્થાત :** હે મારા આક઼ા ! હું મારા દેશની સવાર પર આપના મદીના શરીફમાં ન મુસાફિરપણાને તથા વતનથી બેવતનીને અગ્રતા આપુ છું. આપ તો ગરીબનવાઝ છે, અને એવી પ્યારી ઝુલ્ફોવાળા છે કે સર્વ જહાનો આપની ઝુલ્ફોના કૈદી છે. અને આપની ઝુલ્ફના દરેક વાળની સાથે હજારો ગુનેહગારોનું મુક઼દર બંધાયેલ છે, જેને આપને ઝુલ્ફોના બાબરકત બાલ મુબારક જ નજાત અપાવશે.

**અલ્લાહ રે ! તેરે જિસ્મે મુનવ્વર કી તાબિશેં–અય જાને જાં મૈં જાને તજલ્લા કહૂં તુઝે**

*(તાબિશેં = ચમક, જાને તજલ્લા = નૂરની જાન)*

**અર્થાત :** સુબ્હાનલ્લાહ ! આપના નૂરાની શરીરમાં નૂરની એવી તજલ્લીઓ ભરી દેવામાં આવી છે કે હે મારા જાનની પણ જાન ! (જાને કાઈનાત ﷺ) મારું દિલ તો ચાહી રહ્યું છે કે હું આપને નૂરની પણ જાન કહું, કેમ કે :–

*છાયા તુમ્હારા નૂર હૈ અય શાહે બેકસાં–તૂ હી ચિરાગે તૂર હૈ શફીએ આસિયાં*
*આંખોં કે અયન સામને કૂએ હબીબ હો–દિલમેં તુમ્હારા નૂર હો અય શાહે બેકસાં*

**બેદાગ લાલા યા ક઼મર બેકલ્ફ કહૂં–બેખાર ગુલબન ચમન આરા કહૂં તુઝે**

*(બે દાગ લાલા = દાગ વિનાનું ફૂલ, બેખાર = કાંટા વિનાનું, ગુલબન = લાલ ગુલાબ, ચમન આરા = બાગને શોભાવનાર)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! عليه التحية والتسليم જો આપને ગુલે લાલા કહું તો તે ખૂબસૂરત તો હોય છે પણ એમાં પણ કાળો દાગ હોય છે, જેથી હું તમોને તે ગુલે લાલા કહું છું જેમાં દાગ ન હોય. વળી આપને ચાંદ કહું છું પરંતું ચાંદમાં પણ નિશાનીઓ તથા પડછાયાઓ છે, જેથી આપને ચાંદ કહીશ પણ આ ચાંદ જેવા નહીં, બલ્કે આપ એવા ચાંદ છો કે જેમાં કોઈ એવું નિશાન નથી જે ખૂબસૂરતીમાં ખામી પેદા કરે. અને આપને એવું ફૂલ પણ કહીશ જેની સાથે કાંટા ન હોય, અને તે ફૂલ પૂરા બાગનો હુસ્નો જમાલ અને ઝૈબો ઝીનત (શોભા) હોય.

**મુજરિમ હૂં અપને અફ્વ કા સામાં કરું શહા–યા'ની શફીએ રૌઝે જઝા કા કહૂં તુઝે**

**અર્થાત :** .........તો હા મને યાદ આવ્યું કે હું તો ખુદ મુજરિમ તથા ખતાકાર છું અને આપ શફીએ રોઝે શુમાર (ક઼યામતના દિવસે શફાઅત કરનાર) છો, તો કેમ ન કોઈ એવો વસ્ફ (ખૂબી) આપના માટે કહું કે આપની પ્રશંસા પણ થઈ જાય અને મારું પણ કામ બની જાય. એટલે કે : *નઅત ભી બન ગઈ, બાત ભી બન ગઈ !*

તો મારા પ્યારા આક઼ા عليه الصلوٰة والسلام જ્યારે અલ્લાહ તઆલા એવા જલાલમાં હશે કે કોઈ નબીની પણ મજાલ ન હશે કે વાત કરવાની હિંમત કરી શકે, એ દિવસે કેવળ આપની શફાઅતથી અલ્લાહ તઆલાનો કહેર તથા ગઝબ, રહમો કરમમાં તબદીલ થઈ જશે, અને આપને સરે અન્વર પર શફાઅતનો તાજ પહેરાવવામાં આવશે.

*કિસ લિએ ફિક્ર કરેં હશ્ર કે દિન ક્યા હોગા ?!–સામને ઉનકે જો હોગા વો અચ્છા હોગા*

**ઈસ મુર્દા દિલ કો મુઝ્દા હયાતે અબદ કા દૂં–તાબે તવાને જાને મસીહા કહૂં તુઝે**

*(મુઝદા = ખુશખબર, હયાતે અબદ = હમેશાંની જિંદગી, તાબો તવાં = તાક઼ત તથા શક્તિ,*
*જાને મસીહા = મુડદાને જીવંત કરનાર ઈસા عليه السلام ની જાન)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ હું મારા આ મુર્દા દિલને હમેશાંની જિંદગીની ખુશખબરી સંભળાવું છું, આપને હઝરત ઈસા علیہ السلام ની જાનમાં મુર્દાને ઝિંદા કરવાની જે શક્તિ છે તે ઠરાવું છું, કે તેમણે તો મુર્દા માણસોને ઝિંદા કર્યા કે જેમનામાં એક અરસા સુધી જાન રહી ચૂકી હતી, જો કે એમાં શક નથી કે આ એમનો મો'જિઝો હતો. પરંતુ હે મારા પ્યારા નબી ! علیه التحية والتسليم આપે તો પથ્થરો, ઝાડો તથા લાકડીઓમાં પણ જાન નાખી દીધી છે. પથ્થરોનું સલામ કરવું, ઝાડોનું આપના હુકમ પર ચાલવું, સુતૂને હન્નાના (લાકડી)નું રડવું વગેરે અનેક મો'જિઝા એના માટે સાક્ષી છે. *(જુઓ કિતાબ : સીરતે રસૂલે અરબી ﷺ)*

**તેરે તો વસ્ફ અયબે તનાહી સે હૈં બરી-હયરાં હૂં મેરે શાહ મૈં ક્યા ક્યા કહૂં તુઝે**

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપના ઉમદા ગુણો (ખૂબીઓ)ની તો કોઈ હદ જ નથી ! (એ અર્થ છે "અયબે તનાહી"નો કે આપના કમાલોની હદબંધી કરવી પણ આપને અયબ લગાડવાવાળી વાત છે, જેનાથી કેવળ આપ જ નહીં આપની શાન પણ દૂર છે) હું એ વાત પર આશ્ચર્યચકિત છું કે આપની અઝમત તથા શાનના માટે હું ક્યાંથી શબ્દો લઈને આવું ! કેમ કે જે કાંઈ પણ કહીશ આપ એના કરતાં બુલંદોબાલા (અતિ ઉચ્ચ) છો.

*ઝિંદગિયાં ખત્મ હુઈ કલમદાં ટૂટ ગએ-તેરે અવસાફ કા એક બાબ ભી પૂરા ન હુવા*

**કહ લેગી સબ કુછ ઉન્કે ષનાખ્વાં કી ખામોશી-ચુપ હો રહા હૈ કહ કે મૈં ક્યા ક્યા કહું તુઝે**

**અર્થાત :** આપ ﷺના પ્રશંસકોનું આપની અઝમત તથા શાનની સામે આશ્ચર્યમાં ડૂબીને ખામોશ થઈ જવું અને "અયબે તનાહી"થી દૂર હોવાની વાત કરવું, પોતાના શબ્દોને આપની બારગાહને લાયક ન સમજવું અને થાકી હારીને પોતાની બેબસીનો ઈકરાર કરી લેવું, એમાં હુઝૂરનો પ્રશંસક સર્વ કાંઈ કહી ગયો છે, અને જે સમજવાવાળા છે તે સમજી ગયા છે.

*અક્લવાલા તેરી દુન્યાસે પરેશાન ગયા-ઈશ્કવાલા તુઝે હર રંગમેં પહચાન ગયા*

**લેકિન 'રઝા'ને ખત્મે સુખન ઈસ પે કર દિયા-ખાલિક કા બંદા ખલ્ક કા આકા કહૂં તુઝે**

**અર્થાત :** અને હે મારા આકા ! علیہ الصلوٰۃ والسلام મેં વાત અહીં ખત્મ કરી દીધી છે કે આપનો ગુલામ અહમદ રઝા આપને અલ્લાહનો ખાસ બંદો કહેશે અને અલ્લાહની સર્વ મખ્લૂકનો આકા તથા મૌલા (માલિક) કહેશે.

یا صاحب المجال ویا سید البشر — من وجهك المنير لقد نور القمر
لا یمکن الثناء کما کان حقه — بعد از خدا بزرگ توئی قصه مختصر

અલ્લાહ તઆલાએ મેઅરાજ શરીફના વર્ણનમાં પણ આપ ﷺની હજારો ખૂબીઓમાંથી કેવળ અબ્દિયતની સિફત (બંદાપણાનો ગુણ) વર્ણવ્યો છે. سبحن الذی اسری بعبده જ્યારે કે برسوله، بنوره، بنبیه વગેરે પણ કહી શકાતું હતું, પરંતુ બતાવી આપ્યું કે અઝમત (બુઝુર્ગી) બંદગીથી જ મળે છે. કોઈએ નીચેથી ઉપર જવું હોય તો બંદો બનીને જ જવું પડશે. *ઝિંદગી બે બંદગી શર્મિંદગી !*

*યા ખુદા જિસ્મમેં જબ તક કે મેરી જાન રહે-તુઝપે સદકે તેરે મહબૂબ પે કુર્બાન રહે*
*કુછ રહે યા ન રહે, યહ દુઆ હૈ કે અમીર-નઝઅ કે વક્ત સલામત મેરા ઈમાન રહે*





❑ લેખક ❑
મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી
❑ અનુવાદકો ❑
હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી
(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)


## સુલહે હુદૈબિયહ

### (ઝી ક઼અદા હિ.સ. ૬)

સુલહે હુદૈબિયહ ઈસ્લામી ઈતિહાસનો એક ઘણો જ મહત્વનો તથા નિર્ણયાત્મક બનાવ છે. તે એ રીતે ઉપસ્થિત થયો કે મુસલમાનોને મક્કા છોડવાને અરસો પસાર થઈ ગયો હતો. તેઓ ખાનાએ કાબાના તવાફ તથા તેની ઝિયારતના માટે બેચૈન હતા. તેઓ કહેતા હતા કે અલ્લાહ તઆલા તે દિવસ ક્યારે દેખાડશે કે આપણે આપણા બાપદાદાની યાદગારને જોઈ શકીએ. મુસલમાનોની આ તડપને જોઈને રસૂલે આ'ઝમ ﷺ ઝી ક઼અદા હિ.સ. ૬ માં ૧૪૦૦ મુસલમાનોની સાથે ઉમરાનો એહરામ બાંધ્યો અને મક્કાની તરફ રવાના થઈ ગયા. કેમ કે રસૂલે ગિરામી વક઼ાર ﷺને એ અંદેશો હતો કે ક્યાંક કાફિરો આપણને ઉમરો કરવા ન દે અને આપણો રસ્તો રોકે. એટલા માટે આપ એમના જુલ્મથી બચતા બચાવતા હુદૈબિયા સ્થળે આવી પહોંચ્યા અને ત્યાં પડાવ નાખી દીધો. ત્યાંથી મક્કા એક દિવસના અંતરે છે. ત્યાં પહોંચીને નબી કરીમ ﷺએ જોયું કે મક્કાના કાફિરો જંગના માટે તૈયાર છે અને આ બાજુનો હાલ એ છે કે સૌ લોકો એહરામ બાંધેલા છે. આ હાલતમાં જૂવો મારવી પણ ગુનોહ છે તો પછી જંગ કેવી રીતે કરી શકાય છે ?! આપે પરિસ્થિતિની તપાસ કર્યા બાદ એ ફૈંસલો કર્યો કે મક્કાના કાફિરો સાથે સુલહ કરી લેવામાં આવે. એ કામના માટે આપે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને મક્કા મોકલ્યા જેથી તે એમની સાથે સુલહની વાત કરે. તેમણે મક્કા પહોંચીને નબી અકરમ ﷺ તરફથી સુલહનો પયગામ આપ્યો પરંતુ મક્કાવાળાઓએ તેમની એક વાત ન સાંભળી અને તેમને કહ્યું કે આપને કા'બાના તવાફ તથા સફા મરવાની સઈની ઈજાઝત છે, પરંતુ અમે મુહમ્મદ ﷺને મક્કામાં પ્રવેશવા દઈશું નહીં. તેમની આ બકવાસ સાંભળીને હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ કહ્યું કે એવું નથી થઈ શક્તું કે અમારા આક઼ા علیہ الصلوٰۃ والسلام હુદૈબિયહમાં રહી જાય અને ઉષ્માન અકેલો ઉમરો કરી લે ! હે મક્કાના કાફિરો ! જાણી લો કે જ્યાં સુધી મારા આક઼ા علیہ الصلوٰۃ والسلام ઉમરા નહીં કરે હું પણ ઉમરા કરી શક્તો નથી. એના પર કાંઈક વાત વધી તો કાફિરોએ આપને મક્કામાં રોકી લીધા અને પેલી બાજુ હુદૈબિયહમાં એ વાત મશહૂર થઈ ગઈ કે હઝરત ઉષ્માનને શહીદ કરી દેવામાં આવ્યા.

જ્યારે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامને એની ખબર મળી તો આપે ફર્માવ્યું કે ઉષ્માનના ખૂનનો બદલો લેવો આપણા પર જરૂરી છે. આપ એક બાવળના ઝાડની નીચે બેસી ગયા અને સહાબાને ફર્માવ્યું કે હે મારા સહાબીઓ ! તમે લોકો મારા હાથ પર એ

વાતની બયઅત કરો કે આખરી દમ સુધી તમે મારા જાંનિષાર તથા વફાદાર રહેશો. તમામ સહાબાએ એકી ઝબાને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમો આપની સાથે જાંનિષારી તથા વફાદારીનો વાયદો કરીએ છીએ અને આપના હાથ મુબારક પર બયઅત કરીએ છીએ. આ બયઅતને બયઅતે રિદ્‌વાન કહેવામાં આવે છે, જેનું વર્ણન કુર્આન મજીદમાં આ પ્રમાણે છે :

لَقَدْ رَضِيَ اللّٰهُ عَنِ الْمُؤْمِنِيْنَ اِذْ يُبَايِعُوْنَكَ تَحْتَ الشَّجَرَةِ

''બેશક ! અલ્લાહ રાજી થયો ઈમાનવાળાઓથી જ્યારે તેઓએ ઝાડની નીચે તમારી બયઅત કરતા હતા.'' *(સૂરએ ફતહ, આ. ૧૮)*

આ બયઅત પછી એ જાણવા મળ્યું કે હઝરત ઉષ્માનની શહાદતની ખબર ગલત છે. કાફિરોને જ્યારે આ બયઅતની ખબર મળી તો તેઓ ગભરાય ગયા અને સુહૈલ બિન અમ્રને પોતાના તરફથી ક઼ાસિદ બનાવીને મોકલ્યા કે તે જઈને મુહમ્મદ બિન અબ્દુલ્લાહથી સુલહ કરી લે. એક ક઼રારનામુ લખવામાં આવ્યું જેની કેટલીક શરતો આ પ્રમાણે હતી :

**(૧)** મુસલમાનો આ વરસે ઉમરા કર્યા વિના પરત ચાલ્યા જશે.

**(૨)** આવતા વરસે ઉમરા કરવા આવશે અને કેવળ ત્રણ દિવસ મક્કામાં રહીને પાછા ચાલ્યા જશે.

**(૩)** તલ્વાર સિવાય કોઈ અન્ય હથિયાર લઈને નહીં આવે, અને તલ્વાર પણ મિયાનમાં થેલા વગેરેની અંદર બંધ હોય.

**(૪)** મક્કામાં જે મુસલમાનો પહેલેથી રહે છે તેમનામાંથી કોઈને પોતાની સાથે ન લઈ જાય અને મુસલમાનોમાંથી કોઈ મક્કામાં રહેવા ચાહે તો તેમને ન રોકે.

**(૫)** કાફિરો કે મુસલમાનોમાંથી કોઈ શખ્સ જો મદીના ચાલ્યો જાય તો પરત કરી દેવામાં આવે, પરંતુ જો કોઈ મુસલમાન મદીનાથી મક્કા ચાલ્યો આવે તો પરત કરવામાં આવશે નહીં.

**(૬)** અરબના કબીલાઓને ઈખ્તિયાર રહેશે કે તેઓ બંને પક્ષમાંથી જેની સાથે ચાહે દોસ્તીનો ક઼રાર કરી લે.

જાહેરી રીતે જોતાં આ સુલહ મુસલમાનોની વિરૂદ્ધ હતી. કેટલાક સહાબીઓને આ રીતે દબાયને સુલહ કરવા પર ખૂબ જ આશ્ચર્ય પણ થયું, પણ આ સુલહથી મુસલમાનોને ઘણો ફાયદો થયો. ઈસ્લામની તબ્લીગની આઝાદી મળી ગઈ અને ઈસ્લામના બારામાં કાફિરોને કાંઈક વિચારવા સમજવાનો મોકો પણ મળી ગયો. એની એ અસર થઈ કે બે વરસની અંદર અંદર મક્કાના ઘર ઘરમાં ઈસમ પહોંચી ગયો અને લોકો ટોળે ને ટોળે ઈસ્લામમાં દાખલ થવા લાગ્યા.

ક઼રારના પ્રમાણે રસૂલુલ્લાહ ﷺ એક વરસ પછી પોતાના સહાબાઓના સાથે ખૂબ જ શાનો શૌકતની સાથે મક્કામાં દાખલ થયા અને ઉમરા કર્યા. જ્યારે આપને કુરૈશના તરફથી કાંઈક ઈત્મિનાન થયું તો અન્ય દેશોમાં પણ ઈસ્લામ પહોંચાડવાનો મોક઼ો મળ્યો. આપે મુહર્રમ હિ.સ. ૭માં અરબ તથા અજમના બાદશાહોના નામે દા'વતી પત્રો લખ્યા જેમના નામો આ પ્રમાણે છે :

(૧) હિરક્લ–રોમના કૈસર (૨) ખુશ્રૂ પરવેઝ–ઈરાનના શાહ (૩) મુક઼ૂક઼િસ–મિસ્રના અઝીઝ (૪) નજાશી–હબ્શના બાદશાહ (૫) હવઝહુ–યમામાના બાદશાહ (૬) હારિષ ગ઼સ્સાની–ગ઼સ્સાનના વાલી

એમનામાંથી અમુકે ઈસ્લામ સ્વીકાર્યો અને અમુકે ઈસ્લામ તો ન સ્વીકાર્યો પરંતુ ઈસ્લામ એમના દેશોમાં પહોંચી ગયો જેની ઘણી સારી અસર જાહેર થઈ.

# તઝકેરતુલ અવલિયા (હપ્તો ૧૩)

## હઝરત ઉત્બા બિન ગુલામ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**અઝ** : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ // **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી

**ઓળખ** : આપની ગણના અહલે બાતિન તથા અહલે કમાલમાં થાય છે અને આપ હઝરત હસન બસરી رحمۃ اللہ علیہના શાગિર્દોમાંથી છે, અને આપની રવિશ આમ તથા ખાસ લોકોમાં મકબૂલ થયેલી હતી.

**અલ્લાહની રઝામાં રાજી** : એકવાર હસન બસરી رحمۃ اللہ علیہની સાથે નદીના કિનારે ચાલી રહ્યા હતા, એવામાં અચાનક પાણીની ઉપર ચાલવાનું શરૂ કરી આપ્યું. એ જોઈને હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ આશ્ચર્ય પામી ગયા અને એમને સવાલ કર્યો કે આપને આ મર્તબો કેવી રીતે હાંસલ થયો ? ફર્માવ્યું કે આપ કેવળ તે કરો છો જેનો હુકમ આપવામાં આવે છે, પરંતું હું તે બાબતો અંજામ આપુ છું જે અલ્લાહ તઆલાની મન્શા (મરજી) હોય છે. એનો મતલબ એ હતો કે આપ બહરે તસ્લીમો રઝા (રઝામંદીના દરિયા)માં ડૂબેલા રહેતા હતા.

**અહસાસે ઝિયાં (નુકસાનનો એહસાસ)** : આપ એ રીતે તાઈબ (તૌબા કરનાર બન્યા કે કોઈ હસીન ઔરતના દીવાના બન્યા અને કોઈ ન કોઈ રીતે તેણી સમક્ષ પોતાના ઈશ્કને પ્રદર્શિત કરી આપ્યો જેથી તેણીએ પોતાની કનીઝના થકી પૂછાવ્યું કે આપે મારા શરીરનો કયો હિસ્સો જોયો છે ? આપે કહ્યું કે તમારી આંખો જોઈને દીવાનો બન્યો છું. આ જવાબ પછી તેણીએ પોતાની બંનેવ આંખો કાઢીને આપની ખિદમતમાં રવાના કરતાં કનીઝ થકી કહેવડાવ્યું કે જે ચીજ પર આપ આશિક થયા હતા તે હાજર છે. એ જોઈને આપના પર એક અજીબ હાલત છવાઈ ગઈ અને હઝરત હસન બસરી رحمۃ اللہ علیہની ખિદમતમાં પહોંચીને તૌબા કરી અને બાતિની ફયઝોથી માલામાલ થઈને ઈબાદતમાં મશગૂલ રહ્યા. ખુદ પોતાના હાથે જવની ખેતી કરતા અને પોતે જ પોતાના હાથ વડે આટો પીસીને પાણીમાં ભીગોવીને તડકામાં સૂકવી લીધા કરતા, અને આખુ અઠવાડિયુ એક એક ટુકડો ખાયને ઈબાદતમાં મશગૂલ રહેતા. અને ફર્માવ્યા કરતા કે દરરોજ હાજત દૂર કરવા માટે જવામાં કિરામન કાતિબીન સામે શરમ આવે છે.

લોકોએ એકવાર ઠંડી ઋતુમાં કેવળ એક કુર્તામાં જોયા અને તેમ છતાં આપનુ શરીર પરસેવાથી તરબોળ હતું. જ્યારે એનું કારણ પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું, ઘણો સમય વહી ગયો કે મારે ત્યાં કેટલાક મહેમાન આવ્યા અને તેમણે ઈજાઝત વિના મારા પડોશીની દીવાલમાંથી થોડી સરખી માટી લઈ લીધી. જેથી ત્યારથી આજ સુધી જ્યારે પણ મારી નજર એ દીવાલ પર પડે તો મને શર્મિંદગીથી પરસેવો વળી જાય છે, જ્યારે કે મારો પડોશી માફ પણ કરી ચૂક્યો છે.

લોકોએ અબ્દુલવાહિદ બિન ઝયદથી સવાલ કર્યો કે આપ કોઈ એવી વ્યક્તિથી વાકેફ છો જે પોતાના હાલમાં મસ્ત રહીને અન્યોના હાલથી બેખબર રહે ? ફર્માવ્યું, હા ! થોડીવાર રાહ જુઓ, એ હમણા આવે છે. જેથી સામેથી હઝરત ઉત્બહ તશરીફ લઈ આવ્યા અને લોકોએ જ્યારે એમને સવાલ કર્યો કે રસ્તામાં કોની સાથે આપની મુલાકાત થઈ ? તો જવાબ આવ્યો

કે મને તો કોઈ નથી મળ્યું ! જ્યારે કે આપ બજાર તરફથી આવ્યા હતા.

આપ ન કદી ઉમદા ખાણુ ખાતા અને ન કદી સારો લિબાસ પહેરતા. એકવાર આપનાં માએ ફર્માવ્યું, હે ઉત્બહ ! પોતાની હાલત પર રહમ કર ! આપે અર્ઝ કર્યું, મારી ખ્વાહિશ તો એ છે કે કયામતના દિવસે મારા પર રહમ કરવામાં આવે જે હમેશાંના માટે ફાયદાકારક હોય. દુનિયા તો થોડા દિવસોની છે, જો અહીંની તકલીફોથી કયામતની તકલીફોનું નિવારણ થઈ જાય તો મહાન નેકનસીબી છે.

સતત કેટલીય રાતો જાગૃત રહીને એ વાક્ય દોહરાવતા રહ્યા કે, હે અલ્લાહ ! ચાહે મને અઝાબમાં સપડાવ અથવા માફ ફર્માવી દે, દરેક હાલતમાં તું મારો દોસ્ત છે. એકવાર ખ્વાબમાં એક હૂરને એવું કહેતાં સાંભળી કે હે ઉત્બા ! હું તમારા પર આશિક઼ થઈ ગઈ છું અને મારી ખ્વાહિશ છે કે તમે કદી એવું કામ ન કરશો જે અમારી જુદાઈના સ્વરૂપમાં જાહેર થાય. ફર્માવ્યું કે હું તો દુનિયાને તલાક઼ આપી ચૂક્યો છું અને તારાથી વિસાલના સમયે કદી દુનિયાની તરફ નજર ઉઠાવીને પણ જોઈશ નહીં.

**કરામત** : એકવાર કોઈએ અર્ઝ કરી કે મારાથી ઘણા બધા લોકો આપની હાલત વિશે પૂછે છે, જો આપની કોઈ કરામત દેખાડી દો તો બેહતર છે. આપે પૂછયું કે બતાવ શું ચાહે છે ? અર્ઝ કરી કે તાજા ખજૂરની ઈચ્છા છે, જ્યારે કે તે ખજૂરની સીઝન ન હતી. આપે ફર્માવ્યું, આ લે ! અને તાજા ખજૂરોથી ભરેલી એક થેલી એને આપી દીધી.

**આખેરતની સફર** : એક દિવસ હઝરત સમાક અને હઝરત ઝુન્નૂરૈન હઝરત રાબિયા બસરીને ત્યાં બેસેલા હતા. હઝરત ઉત્બા નવો લિબાસ પહેરીને અકડાઈને ચાલતા પહોંચ્યા તો હઝરત સમાકે પૂછયું કે આ આજે કેવી ચાલ ચાલી રહ્યા છો ? ફર્માવ્યું કે મારું નામ ગુલામ જબ્બાર છે એટલા માટે અકડાઈને ચાલી રહ્યો છું. આવું કહેતાં બેહોશ થઈને જમીન પર ગબડી પડયા, અને જ્યારે લોકોએ પાસે જઈને જોયું તો આપ મૃત્યુ પામેલ હતા. ત્યારબાદ કોઈકે આપને ખ્વાબમાં જોયા કે અડધો ચહેરો કાળો પડી ગયો છે. અને આપને જ્યારે એનો સબબ પૂછવામાં આવ્યો તો ફર્માવ્યું કે એકવાર તાલિબે ઈલ્મીના જમાનામાં મોટા દાઢી મૂંછોવાળા એક ખૂબસૂરત છોકરાને ધ્યાનપૂર્વક જોયો હતો, જેથી મૃત્યુ બાદ જ્યારે મને જન્નતની તરફ લઈ જવામાં આવી રહ્યો હતો, તો જહન્નમ પરથી પસાર થતાં એક સાપે મારા ચહેરા પર કરડતાં કહ્યું કે, બસ ! એક નજર જોવાની આ સજા છે ! અને જો કદાચ એ છોકરાને અધિક ધ્યાનપૂર્વક જોવત તો હું તને ખૂબ જ વધુ તકલીફ પહોંચાડત.


## મસ્જિદ બાંધકામમાં સહાય કરો

**બડાપુરા** : આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના બડાપુરા (ભાલેજ) ગામે જૂની જર્જરીત મસ્જિદ શહીદ કરીને બેમજલા નવી મસ્જિદ જેનું બાંધકામ ૪૦૦૦ ચો. ફૂટ અને એસ્ટીમેટ ખર્ચ **રૂા. ૩૫ લાખ** છે. જેનો સંગે બુનિયાદ જાનશીને શૈખુલ ઈસ્લામ, હઝરત અલ્લામા સૈયદ મોહમ્મદ હમ્ઝા અશરફ સાહબના નૂરાની હાથોથી તા. ૯–૨–૨૦૧૮ના રોજ કરવામાં આવેલ છે. મસ્જિદના બાંધકામમાં રોકડ લિલ્લાહ ઈમદાદ, સ્ટીલ સળિયા, સીમેન્ટ કે અન્ય મટીરીયલ્સ પહોંચાડીને સવાબે દારૈન હાંસલ કરશો.

લિ. મુસ્લિમ મસ્જિદ ટ્રસ્ટ–બડાપુરા, **પ્રમુખ** : ઈસુબમિયાં મલેક, મો. 9714961771

**મુતવલ્લી** : અનવરઅલી સૈયદ, મો. 9574827470




# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર** رحمۃ اللہ علیہ

**સંપાદક : મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

### દુરૂદ શરીફની ફઝીલત

ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ આ દુરૂદ પઢે બેહતર છે, પરંતું નમાઝમાં ઔર અધિક બેહતર છે. સારાંશ કે સર્વ દુરૂદ એક સમાન છે પણ ફઝીલતમાં થોડો થોડો ફરક઼ છે. તે પંજ દુરૂદ આ છે :–

**بِسمِ اللّٰہِ الرَّحمٰنِ الرَّحِیمِ ۔ اَللّٰھُمَّ صَلِّ عَلٰی مُحَمَّدٍ بِعَدَدِ مَنْ صَلّٰی عَلَیْہِ وَصَلِّ عَلٰی مُحَمَّدٍ بِعَدَدِ مَنْ لَّمْ یُصَلِّ عَلَیْہِ وَصَلِّ عَلٰی مُحَمَّدٍ کَمَا تُحِبُّ وَتَرْضٰی اَنْ تُصَلّٰی عَلَیْہِ وَصَلِّ عَلٰی مُحَمَّدٍ کَمَا یَنْبَغِی اَلصَّلٰوۃُ عَلَیْہِ وَصَلِّ عَلٰی مُحَمَّدٍ کَمَا اَمَرْتَنَا بِالصَّلٰوۃِ عَلَیْہِ ۔**

પછી શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે એ જ સબબ છે કે મૌલાના ક઼યદુલ હસન મન્દુસી رحمۃ اللہ علیہએ રોઝા મુબારકમાં દુરૂદની બાબત લખ્યું છે કે (૧) ઈમામ શાફઈ رحمۃ اللہ علیہને ખ્વાબમાં જોઈને પૂછયું કે અલ્લાહ તઆલાએ તમારી સાથે કેવો સુલૂક કર્યો ? ફર્માવ્યું, પંજ દુરૂદના સબબે બખ્શી આપ્યો. (૨) બીજી ફઝીલત એ છે કે એક દિવસે સરવરે કાઈનાત ﷺ બેઠેલા હતા અને આસપાસ સહાબાએ કિરામ હતા. એટલામાં એક શખ્સ આવ્યો. ફર્માવ્યું, અબૂબક્ર رضی اللہ عنہથી ઉપર બેસો ! અબૂ બક્ર વિચારમાં પડી ગયા. સાથીઓએ વિચાર્યું કે કદાચ જિબ્રઈલ علیہ السلام છે, નહીં તો અન્ય કોઈને આ મર્તબો હાંસલ નથી થઈ શકતો. સરવરે કાઈનાત ﷺએ અબૂબક્ર رضی اللہ عنہની તરફ સંબોધન કરતાં ફર્માવ્યું કે આ શખ્સે મારા પર એટલા પ્રમાણ દુરૂદ મોકલ્યું છે કે કોઈએ નથી મોકલ્યું. અબૂબક્ર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કદાચ એ ખાવા પીવા નથી ખાતો પીતો અને ન તો કોઈ અન્ય કામમાં મશગૂલ થાય છે. ફર્માવ્યું, ખાય પીએ પણ છે અને કામ પણ કરે છે, કેવળ એકવાર દિવસમાં અને એકવાર રાતમાં ઉપર મુજબનું દુરૂદ મોકલે છે.

શયખુલ ઈસ્લામ હજી આ જ ફવાઈદ વર્ણવી રહ્યા હતા એટલામાં પાંચ દુરવેશ આવી પહોંચ્યા. આદાબ બજાવી લાવ્યા. હુકમ થયો, બેસી જાવ ! બેસી ગયા તો અર્ઝ કરી કે અમો મુસાફિર છીએ, ખાનાએ કા'બાની ઝિયારતનો ઈરાદો છે પરંતું ખર્ચ નથી તો કાંઈ એનાયત કરો જેથી ઉદાર દિલીથી અમે સફર કરી શકીએ. શૈખુલ ઈસ્લામ આ સાંભળીને

વિચારમાં પડી ગયા. મુરાકેબો કરીને ખજૂરોના થોડાક ઠળીયા લીધા અને કાંઈક પઢીને તેમના પર ફૂંક મારીને તેમને આપી દીધા. દુરવેશો આશ્ચર્યમાં પડી ગયા. શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે જુઓ ! જ્યારે જોયું તો તે તે દીનાર હતા. છેવટે શયખ બદરુદ્દીન ઈસ્હાક઼ رحمۃ اللہ علیہથી જાણવા મળ્યું કે શૈખુલ ઈસ્લામે દુરૂદ પઢીને એમના પર દમ કર્યો હતો. આ દુરૂદની બરકતથી તે દીનાર થઈ ગયા હતા.

## આયતુલ કુર્સીની બરકતો

પછી આયતુલ કુર્સીના બારામાં ચર્ચા શરૂ થઈ. જે દિવસે આયતુલ કુર્સી નાઝિલ થઈ તો સિત્તેર હજાર મુક઼ર્રબ ફરિશ્તાઓ કુર્સીની આસપાસ જિબ્રઈલ علیہ السلام સાથે સરવરે કાઈનાત صلی اللہ علیہ وسلمની ખિદમતમાં હાજર થયા કે એને ઘણી જ તાઝીમો તકરીમ સાથે લો અને માથે ચડાવો. જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અલ્લાહનો હુકમ એ પ્રમાણે છે કે જે મારો બંદો મુક઼ર્રમ આયતુલ કુર્સી પઢશે તો **દરેક હર્ફના બદલામાં હજાર વરસનો સવાબ તેના નામે લખવામાં આવશે.** અને આ કુર્સીની આસપાસના હજાર ફરિશ્તા પોતાનો હજાર સવાબ તેને આપશે અને તેને પોતાનો મુક઼ર્રબ બનાવી લેશે.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે મેં શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે **જે શખ્સ આયતુલ કુર્સી પઢીને ઘરમાં દાખલ થાય, અલ્લાહ તઆલા ઘરથી મુફલિસી દૂર કરે છે.**

ત્યારબાદ ફર્માવ્યું કે જામિઉલ હિકાયાતમાં લખેલુ જોયું છે કે એકવાર કોઈ દુરવેશના ઘરમાં એક રાતે દસ માણસો ચોરી કરવા ઘુસી ગયા અને આંધળા થઈ ગયા કેમ કે એ દુરવેશે આયતુલ કુર્સી પઢીને બહાર દમ કરી આપ્યો હતો. તે ચોરો આંધળા થઈ ગયા. દુરવેશે ઉઠીને આ હાલત જોયી તો પૂછયું કે કોણ છો ? કહ્યું, અમે ચોર છીએ અને ચોરી કરવાના હેતુથી આપના ઘરે આવ્યા હતા, પણ આંધળા થઈ ગયા. હવે દુઆ કરો કે અમને આંખો મળી જાય, અમે એ કામથી તૌબા કરી લીધી છે અને આપના હાથ પર મુસલમાન થયા. એ બુઝુર્ગે મુસ્કુરાઈને ફર્માવ્યું, આંખો ખોલો ! અલ્લાહના હુકમથી જોતા થઈ ગયા. અને સૌ તૌબા કરીને મુસલમાન થઈ ગયા. **اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِكَ**

## વિવિધ અકસીર દુઆઓ

એ જ મહિનાની સત્તાવીસમી હિ.સ. ૬૫૫ના રોજ ક઼દમબોસીનો શરફ હાંસલ થયો. દુઆના બારામાં ચર્ચા શરૂ થઈ. ફર્માવ્યું કે ઈમામ મુહમ્મદ શયબાની رحمۃ اللہ علیہની કિતાબમાં ઈમામ જઅફર સાદિક઼ رحمۃ اللہ علیہની રિવાયતના પ્રમાણે લખેલું જોયું છે કે પયગંબરે ખુદા صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે **જેને કોઈ ઉલઝન કે ગમ પેશ આવે** અથવા કોઈ એવું કામ ઉપસ્થિત થાય જે સુધરે તેમ ન હોય તો સવારની નમાઝ બાદ સો વાર :–

**بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ ۔ لَا حَوْلَ وَلَا قُوَّۃَ اِلَّا بِاللّٰہِ الْعَلِیِّ الْعَظِیْمِ۔ یَا حَیُّ یَا قَیُّوْمُ یَا فَرْدُ وَ یَا وَتْرُ یَا اَحَدُ یَا صَمَدُ فَاِنْ لَّمْ یَصْلُحْ فَدُ لَّنَا عَلَی الْھُدٰی۔**

પઢે. ત્યારબાદ શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે એકવાર હું શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہની ખિદમતમાં હતો. આપ દુઆના બારામાં ફર્માવી રહ્યા હતા કે **જેને રોજીમાં તંગી હોય તે** રોજીમાં વધારા માટે આ દુઆ પઢે :–

**بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْم ۔ یَا دَائِمَ الْعِزِّ وَ الْمُلْكِ وَ الْبَقَاءِ یَا ذَاالْمجْدِ وَ الْعَطَاءِ یَا وَدُوْدُ ذَاالْعَرْشِ الْمَجِیْدِ فَعَّالٌ لِمَا یُرِیْدُ۔**

વધુ પેજ 15 પર..

# વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી

## હપ્તો 6 પયગમ્બરે ઈસ્લામ صلی اللہ علیہ وسلم

રજૂકર્તા : હાફેઝ મૂસા વેમી ઝંઘારવી *(હાલ : પ્રેસ્ટન, યુ.કે.)*

### ★ યતીમો, મિસ્કીનો, વિધવાઓ પર મહેરબાનીઓ અને રહમ ★

યતીમો તથા ગરીબો પર આપ علیہ الصلوٰۃ والسلام ઘણી મહેરબાની, દયાભાવ રાખતા. જેવું કે યતીમની દેખભાળ કરનારનો અલ્લાહ તઆલાની નજીક માન મર્તબો બતાવવા આપ ﷺએ હાથના અંગૂઠા સાથેની અને વચલી આંગળી વચ્ચે થોડુંક અંતર રાખી ફર્માવ્યું, "હું અને યતીમનુ પાલનપોષણ કરનાર ભલે પછી તે તેનો નજીકનો સગો હોય કે પરાયો હોય જન્નતમાં આ પ્રમાણે હોઈશું."

*–(મિશ્કાત, બુખારી શરીફના હવાલા, બાબે શફકતમાંથી)*

હઝરત અબૂ અમામા رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે માણસ ફક્ત અલ્લાહ તઆલાને રાજી કરવા ખાતર કોઈ યતીમના માથા પર ફેરવે છે તો તેનો હાથ માથાના જેટલા વાળો પર ફરે છે તેટલી નેકીઓ છે. અને જે કોઈ યતીમ છોકરા કે છોકરી સાથે (જે એની દેખભાળમાં હોય) ભલાઈ કરે છે, હું અને તે જન્નતમાં આ બે આંગળીઓ (અંગૂઠા સાથેની આંગળી તથા વચલી આંગળી બતાવી ઈશારો કર્યો)ની જેમ હોઈશું.

*(મિશ્કાત શરીફ બહવાલા અહમદ અને તિર્મિઝી બાબે શફ્કત)*

એક વ્યક્તિએ આપ علیہ الصلوٰۃ والسلامને ફરિયાદ કરી કે, "યા રસૂલલ્લાહ ! ﷺ મારુ દિલ કઠણ થઈ ગયું છે એનો ઈલાજ શો છે ?

આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "યતીમના માથા પર હાથ ફેરવ્યા કરો અને મિસ્કીનોને ખાવા ખવડાવ્યા કરો." *(મિશ્કાત, બાબે શફ્કત)*

હઝરત અસ્મા બિન્તે અમીસ رضی اللہ عنہا (હઝરત જઅફર તૈયાર رضی اللہ عنہનાં પત્ની) બયાન કરે છે કે, જે દિવસે હઝરત જઅફર رضی اللہ عنہ શહીદ થયા, રસૂલુલ્લાહ ﷺ મારા ઘરે તશરીફ લઈ આવ્યા. હું તે દિવસે ચાલીસ ચામડાંને પકાવી સાફ કરી ચૂકી હતી અને લોટ દળી, બાળકોને નવડાવી ધોવડાવી તેમના શરીરે તેલ માલિશ કરી તૈયાર કરી ચૂકી હતી કે એટલામાં સરકારે દો આલમ ﷺ તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, અસ્મા ! જઅફરના બાળકો ક્યાં છે ? મેં બાળકોને હુઝૂર ﷺની ખિદમતમાં હાજર કર્યા. આપ ﷺએ તેઓને છાતી સરસાં ચાંપી લીધાં. પછી આપની આંખોમાંથી આંસૂઓ વહી નીકળ્યાં, આપ રડી પડયા. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કદાચ ! આપને જઅફર તરફથી કાંઈક સમાચાર મળ્યા છે ? આપ علیہ الصلوٰۃ والسلامએ કહ્યું, હા ! આજે તેઓ શહીદ થઈ ગયા છે. આ સાંભળી હું જોરજોરથી બૂમો પાડી ઉઠી, એ સાંભળી બીજી સ્ત્રીઓ પણ ભેગી થઈ ગઈ. આપ ﷺએ ફર્માવ્યું, હે અસ્મા ! બેકાર નકામા શબ્દો ન બોલો અને છાતી ન કૂટો ! પછી આપ હઝરત ફાતિમા ઝ્હરા رضی اللہ عنہاના ઘરે તશરીફ લઈ ગયા. હઝરત ફાતિમા رضی اللہ عنہا ખબર સાંભળી બોલી ઉઠયાં, હાય !

વધુ પેજ 30 પર..

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

### ગેર મદખૂલાની તલાક઼

**મસ્અલા** : ગેર મદખૂલાને કહ્યું કે તને ત્રણ તલાક઼ તો ત્રણ થશે અને જો એમ કહ્યું કે "તને તલાક઼, તને તલાક઼, તને તલાક઼" અથવા એમ કહ્યું કે "તને તલાક઼, તલાક઼, તલાક઼" અથવા કહ્યું કે "તને તલાક઼ એક અને એક અને એક વાર" તો આ બધી હાલતમાં એક બાઈન થશે. બાકી વધુ બોલવું બેકાર ગણાશે અર્થાત થોડાક શબ્દોથી લાગુ પડવામાં ફક્ત પહેલા શબ્દથી જ લાગુ પડી જશે. બાકીના (શબ્દો)ની જરૂરત જ રહેતી નથી અને **મૌતૂઆ** માં ત્રણ તલાક ગણાશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જો એમ કહેવામાં આવ્યું કે "દોઢ તલાક઼" તો બે થશે અને એમ કહ્યું કે 'અડધી અને એક" તો એક થશે. એ જ રીતે 'અઢી' કહેશે તો ત્રણ ગણાશે અને 'બે અને અડધી" તો બે થશે.

*–(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : કોઈને બે કે ત્રણ ઓરતો છે. એણે એમ કહ્યું કે "મારી ઔરતને તલાક઼" તો એમાંથી એકને લાગુ પડશે અને તેને અધિકાર છે કે તેમાંથી ગમે તે એકને નક્કી કરે. અને જો ગમે તે એકને સંબોધીને કહ્યું કે "તને તલાક઼ છે" અથવા એમ કહ્યું કે "તું મારા પર હરામ છે" તો જેને સંબોધીને કહેવામાં આવ્યું હોય તેને તલાક઼ લાગુ પડશે.

*–(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : ઔરત જો પોતાના પતિને એમ કહે કે "મને ત્રણ તલાક઼ આપો" જેના જવાબમાં પતિ એમ કહે કે "આપી" તો ત્રણ તલાક઼ લાગુ પડશે. અને જવાબમાં એક કહ્યું કે "તને તલાક઼ છે" તો એક ગણાશે. ભલે ત્રણની નિય્યત હોય તો પણ. *(ખાનિયા, બહાર)*

**મસ્અલા** : ઔરતે એમ કહ્યું કે "મેં પોતે મારી જાતને તલાક઼ આપી" જો એ વાત પતિએ મંજૂર કરી લીધી તો તલાક઼ થઈ ગઈ.

*–(દુર્રે મુખ્તાર, બહાર)*

### કિનાયહ્ તલાક઼

**કિનાયહ્ તલાક઼** તે શબ્દો છે કે જેનાથી તલાક઼ મુરાદ હોવું જાહેર ન હોય, તલાક઼ સિવાય બીજા અર્થમાં પણ તે શબ્દોનો ઉપયોગ થતો હોય. કિનાયાથી તલાક઼ લાગુ પડવાની બાબતમાં શર્ત એ છે કે તલાક઼ની નિય્યત હોય અથવા હાલત બતાવવામાં આવી હોય કે તલાક઼ મુરાદ છે. એટલે કે પહેલાં તલાક઼ની વાત કરી હતી અથવા ગુસ્સામાં કહ્યું. કિનાયાના શબ્દો ત્રણ પ્રકારના છે : કેટલાકમાં સવાલ રદ કરવાની ગુંજાઈશ છે, કેટલાકમાં ગાળ ની ગુંજાઈશ છે અને કેટલાકમાં તે પણ નહીં ને આ પણ નહીં એવો અર્થ નીકળતો હોય તેવા બલ્કે જવાબ માટે નિશ્ચિત હોય તેવા. **(૧)** જો રદની ગુંજાઈશવાળા હોય તો હર હાલમાં સ્પષ્ટ રીતે તલાક઼ની નિય્યત જરૂરી છે. નિય્યત વગર તલાક઼ થશે નહીં **(૨)** જેમાં ગાળની ગુંજાઈશ છે તેમાં તલાક઼ થવી એ ખુશી કે ગુસ્સાની નિય્યત પર આધારિત છે અને જો તલાક઼ની જ વાત હતી તો ખુશીમાં નિય્યત જરૂરી છે અને ગજબ (ગુસ્સા) તથા મજાકમાં નિય્યત વગર તલાક઼ થઈ જશે.

*–(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

બાઈનના કેટલાક શબ્દો આ પ્રમાણેના છે :

**(૧)** જા **(૨)** નિકલ **(3)** ચલ **(૪)** રવાના હો **(૫)** ઊઠ **(૬)** ખળી હો **(૭)** પરદા કર **(૮)** હટ સળક **(૯)** જગહ છોળ **(૧૦)** ઘર ખાલી કર **(૧૧)** દૂર હો **(૧૨)** રસ્તા નાપ **(૧૩)** અપની રાહ લે **(૧૪)** કાલા મૂંહ કર **(૧૫)** ચલ દૂર હો **(૧૬)** તૂ જુદા હૈ **(૧૭)** તૂ મુઝસે જુદા હૈ **(૧૮)** ચલતી બન **(૧૯)** રફૂચક્કર હો **(૨૦)** પીંજરા ખાલી કર **(૨૧)** ચલતી નઝર આ **(૨૨)** દફા હો **(૨૩)** દાલ–ફે–એન હો **(૨૪)** બિસ્તરા ઊઠા **(૨૫)** તશરીફ લે જાઈએ **(૨૬)** તશરીફકા ટોકરા લે જાઈએ **(૨૭)** જહાં સીંગ સમાએ જા **(૨૮)** બહોત હો ચૂકી અબ મહેરબાની ફર્માઈએ **(૨૯)** જહન્નમમેં જા **(૩૦)** ચૂલેમેં જા **(૩૧)** ભાળમેં પળ **(૩૨)** મેરે પાસસે ચલ **(૩૩)** તૂ મુઝ પર મિષ્લ મુરદાર કે હૈ **(૩૪)** તૂ મુઝ પર મિષ્લ સુવ્વર કે હૈ **(૩૫)** તૂ મુઝ પર મિષ્લ શરાબ કે હૈ (પરંતુ જો એમ કહ્યું કે મિષ્લ ભાંગ કે યા મિષ્લ અફીન કે યા મિષ્લ ફલાં કે માલકે યા મિષ્લ ફલાંકી ઓરતકે તો નહીં) **(૩૬)** મિષ્લ મેરી માં કે હૈ **(૩૭)** તૂ મિષ્લ મેરી બેટી કે હૈ **(૩૮)** તૂ મિષ્લ મેરી બહેન કે હૈ (અને જો એમ કહ્યું કે તૂ માં હૈ અથવા કહ્યું કે બહેન હૈ યા કહ્યું કે બેટી હૈ તો ગુનાહ સિવાય કંઈ નહીં) **(૩૯)** તૂ મુઝસે બાઝ આ **(૪૦)** મૈં તુઝસે દરગુઝરા **(૪૧)** તૂ મેરે કામકી નહીં **(૪૨)** મૈંને તેરી રાહ ખાલી કર દી **(૪૩)** અપને મૈકે બેઠ **(૪૪)** મૈં તુઝસે લા દાઅવા હોતા હૂં **(૪૫)** મેરા તુઝ પર કોઈ દાઅવા નહીં **(૪૬)** તૂ ખૂદ મુખ્તાર હૈ **(૪૭)** તૂ આઝાદ હૈ **(૪૮)** મુઝે સૂરત ન દિખા **(૪૯)** અલગ હો **(૫૦)** કિનારે હો **(૫૧)** આઝાદ હો જા (૫૨) મૈં તુઝસે બરી હૂં **(૫૩)** મૈં તુઝસે બેઝાર હૂં **(૫૪)** મૈં તુઝસે બરદાર હુવા **(૫૫)** તૂ કયામત તક મેરે લાયક નહીં **(૫૬)** તૂ ઉમરભર મેરે લાયક નહીં **(૫૭)** મૈંને તુઝે આઝાદ કિયા **(૫૮)** મૈંને તુઝે તેરે ઘરવાલોંકો દિયા **(૫૯)** મૈંને તુઝે તેરી માંકો દિયા **(૬૦)** મૈંને તુઝે તેરે ખાવિંદોંકો દિયા **(૬૧)** મૈંને તુઝે જુદા કર દિયા **(૬૨)** મૈંને તુઝસે જુદાઈકી **(૬૩)** મુઝમેં તુઝમેં નિકાહ બાકી ન રહા **(૬૪)** મૈંને તુઝસે ખુલઅ કિયા.

આ કેટલાક અધિક્તર શક્યવાળા કિનાયાના શબ્દો દર્શાવ્યા છે, જેનાથી બાઈન લાગુ પડે છે અને બીજા ઘણા શબ્દો એવા છે જેનો બહારે શરીઅત તથા ફતાવા રઝવિય્યહ્માં ઉલ્લેખ કરવામાં આવેલ છે. જો જરૂરત હોય તો એ કિતાબોમાં જોઈ લેવા.

**મસ્અલા** : જો તલાક઼ની નિય્યતથી બોલવામાં આવ્યા હોય તો કિનાયાના એ શબ્દોથી એક બાઈન તલાક઼ લાગુ પડશે ભલે બાઈનની નિય્યત ન કરી હોય. અને બેની નિય્યત કરી હોય તો પણ એક લાગુ પડશે. હા ! જો ત્રણની નિય્યત કરી હોય તો ત્રણ લાગુ પડશે. પરંતુ જો બાંદી માટે બેની નિય્યત કરી હોય તો બે લાગુ પડશે.

*–(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : ભલે નિય્યત કરી હોય તો પણ આ પ્રમાણેના શબ્દોથી તલાક઼ થશે નહીં : **(૧)** મુઝે તેરી હાજત નહીં **(૨)** મુઝે તુઝસે સરોકાર નહીં **(3)** તુઝસે મુઝે કામ નહીં **(૪)** તુઝે મુઝસે ગરઝ નહીં **(૫)** તુઝસે મતલબ નહીં **(૬)** મુઝે દરકાર નહીં **(૭)** તુઝસે મુઝે રગબત નહીં **(૮)** મૈં તુઝે નહીં ચાહતા. *(ફતાવા રઝવિય્યહ્, બહાર)*

**મસ્અલા** : મદખૂલાને એક તલાક઼ દીધી હતી પછી ઈદ્દત દરમિયાન એમ કહ્યું કે મેં એને બાઈન કરી તો બાઈન લાગુ પડશે અને એમ કહ્યું કે ત્રણ (ત્રણ તલાક઼) તો ત્રણ લાગુ પડશે અને જો ઈદ્દત કે (રજઅત) ફરીથી નિકાહમાં લાવ્યા બાદ એવું બોલ્યા તો કંઈ નહીં લાગુ પડશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::

હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી
અનુવાદક :: મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)

*(ત્રીજો વિભાગ)*

## મા બાપને સતાવવાનો ભયાનક અંજામ

કૌટુંબિક જીવનમાં માબાપનો મકામ ઘણો જ ઊંચો છે અને માબાપ પોતાની ઔલાદના માટે અણમોલ નેઅમત છે. **ઔલાદને જે મહોબ્બત, ઉલ્ફત તથા ઈખ્લાસ માબાપથી મળે છે તે અન્ય કોઈની નથી મળી શક્તાં. કેમ કે તેમની મહોબ્બત તથા પ્યાર તદ્દન નિઃસ્વાર્થ હોય છે.** અને મા બાપની દિલી તમન્ના હોય છે કે તેમની ઔલાદ દુનિયવી જિંદગીમાં ઉચ્ચ સ્થાન પામે, એટલા માટે ઔલાદના સુખ માટે તેમણે જાતે પોતે અગણિત દુઃખો સહન કરવાં પડે છે. આ લેહાજથી આપણા મા બાપ આપણા માટે માનને પાત્ર છે. અને અલ્લાહ ﷻએ તેમનું આજ્ઞાપાલન તથા ખિદમતને જરૂરી ઠરાવેલ છે. માબાપની સામે "ઉફ" સુદ્ધાં કહેવું જાઈઝ નથી. એનો મતલબ એ થયો કે **મા બાપને ધમકાવવાની કલ્પના પણ નથી કરી શકાતી.** અને કેવળ એટલુ જ પૂરતુ નથી કે "ઉફ" સુદ્ધાં ન કહે અને ન ધમકાવે, બલ્કે માબાપ સાથે અદબપૂર્વક વાત કરવાનો હુકમ છે.

સૂરએ લુકમાનમાં બતાવવામાં આવ્યું કે મા હુસ્ને સુલૂક (સદ્‌વર્તાવ)ની અધિક હક્કદાર છે, કેમ કે મા તકલીફ ઉઠાવીને નવ મહિના બાળકને પોતાના પેટમાં રાખે છે. ત્યાર બાદ અસહય તકલીફ ઉઠાવીને તેને જણે છે. પોતાનું દૂધ પીવડાવે છે. પછી ઉછેરવાની મંઝિલ પસાર કરે છે. જાણવા મળ્યું કે જ્યારે મા ઔલાદના માટે દરેક પ્રકારની તકલીફો સહન કરે છે, જેથી અલ્લાહ તઆલાએ તેનો મકામ ઉચ્ચ કરી આપ્યો છે.

### ★ મા બાપને સતાવવાનો ધ્રુજાવી દેનાર અંજામ ! ★

શહેનશાહે મદીના ﷺએ ફર્માવ્યું, **મને એટલો કોઈના અઝાબે રંજ તથા દુઃખમાં નથી નાખ્યો જેટલો માબાપના નાફર્માનોએ મને રંજમય કર્યો. હું જન્નતમાં હતો ત્યાં માર તથા અઝાબથી તેમની ચીસો હું સાંભળી રહ્યો હતો. મેં તેમના રડવાનો અવાજ સાંભળ્યો. મારુ દિલ એના પર પ્રેમભાવ હેઠળ ભરાય આવ્યું અને મેં અર્શની નીચે સજદો કર્યો અને એ જગાએ એમની શફાઅત કરી. અલ્લાહ રબ્બુલ ઈજ્જતે ફર્માવ્યું, હે મુહમ્મદ ! ﷺ આપ આપનુ માથુ ઉઠાવો અને જે આપ માગશો હું અતા કરીશ, પરંતુ માબાપના નાફર્માનો સિવાય ! કેમ કે એઓ જહન્નમથી નીકળશે નહીં જ્યાં સુધી તેમનાં માબાપ રાજી ન થઈ જાય.**

એનો મતલબ એ નથી કે સરકાર ﷺની શફાઅત નઊઝુબિલ્લાહ ! રદ કરી દેવામાં આવી બલ્કે એ ઉસૂલ તો આપણને સરકાર ﷺએ દુનિયામાં જ બતાવી આપ્યો. પછી હું મારી જગાએ આવી ગયો અને મેં એને ભૂલાવી દીધું. ત્યાર બાદ મેં ફરી તેમની આહોઝારી (રૂદન) સાંભળી તો મેં

અર્ઝ કરી, હે અલ્લાહ ! ﷻ જહન્નમના દરવાન માલિક علیہ السلامને હુકમ આપ કે એમના તબક઼ાના દરવાજાઓને ખોલે જેથી હું તેમના અઝાબનું નિરીક્ષણ કરું, કેમ કે હું તેમની ચીસોનો અવાજ સાંભળી રહ્યો છું. અલ્લાહ ﷻએ ફર્માવ્યું, મેં એને હુકમ આપી દીધો છે. એ વખતે હું માલિક علیہ السلامની પાસે પહોંચ્યો. તેમણે મારા માટે દરવાજો ખોલ્યો તો મેં ઘણા બધા લોકોને આગની ડાળીઓમાં લટકેલા જોયા અને અઝાબના ફરિશ્તા આગના કોરડાઓ તેમની પીઠો તથા જાંગો પર મારી રહ્યા છે. અને તેમના પગો નીચે સાપ તથા વિંછી દોડી રહ્યા છે જે તેમને ડંખી રહ્યા છે. એ જોઈને હું તેમના પ્રેમભાવ હેઠળ રડી પડયો અને મેં ત્રીજીવાર અર્શની નીચે પહોંચીને સિજદો કર્યો અને અલ્લાહ ﷻએ ફર્માવ્યું, "તેમનું નીકળવું માબાપની રઝામંદી વિના નથી." એ વખતે મેં અર્ઝ કર્યું, હે પરવરદિગાર ! ﷻ તેમનાં મા બાપ ક્યાં છે ? અલ્લાહ ﷻએ ફર્માવ્યું, જન્નતમાં પોતાની મંઝિલોમાં છે અને એમનામાંથી અમુક એઅરાફમાં છે અને કેટલાક લોકો જન્નતુલ માવામાં છે અને કેટલાક એના સાયામાં છે. પછી મેં અર્ઝ કરી, હે મારા અલ્લાહ ! ﷻ મને પહેચાન અતા ફર્માવ દરેક તે શખ્સની જેનો પિતા જન્નતમાં છે. તો અલ્લાહ ﷻએ મને તેમની પહેચાન અતા કરી, અને મેં તેમની પાસે પહોંચીને કહ્યું,

જો તમે તમારી ઔલાદને જુઓ જેમના પર અઝાબના ફરિશ્તા નિયુક્ત છે અને તેમને અઝાબ આપી રહ્યા છે. મારું દિલ તો તેમના રડવા તથા ચિલ્લાવાથી ભરાઈ ગયું છે. આ સાંભળીને મા બાપે એ બયાન કર્યું જે દુનિયામાં તેમની ઔલાદ થકી એમના પર ગુજર્યું હતું અને એમની માઓમાંથી એક તો એવું કહ્યું કે, યા રસૂલલ્લાહ ! ﷺ તેમને અઝાબમાં જ રહેવા દો એટલા માટે કે તેમણે મારું અપમાન કર્યું છે અને મને ગાળ આપી છે અને મારું દિલ ટુકડા ટુકડા કરી દીધું છે. તેઓ દુનિયાના માલ તથા દીનાર પર શક્તિમાન હતા અને હું ભૂખી રાત ગુજારતી હતી. તે પત્નીને ચમકીલો ભપકાદાર લિબાસ પહેરાવતા હતા અને હું નગ્ન રહેતી હતી. અને બીજાએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ એમને છોડો ! કેમ કે તે મને મારતા હતા અને મને પોતાના ઘરેથી કાઢી મૂકતા હતા. અને આવો વર્તાવ મારી સાથે સતત કરતા રહ્યા, અને જે કાંઈ વીતી છે એનાથી એમના દિલોમાં કીનો પડી ગયો છે. એ સાંભળીને મેં કહ્યું, દુનિયા ગુજરી ચૂકી છે અને જે કાંઈ ત્યાં થયું તે પણ ગુજરી ચૂક્યું છે, હવે માફ કરી દો ! અને તેમનાથી મારી લીધે દરગુઝર કરો ! હું ખુદ તમારી પાસે તેમનો સિફારશી બનીને આવ્યો છું. એ વખતે અલ્લાહ તઆલા ફર્માવે છે, "હે મારા હબીબ ! ﷺ તમે એમના માટે રંજીદા ન થાવ, ક઼સમ છે મને મારી ઈજ્જત તથા જલાલની હું જહન્નમથી એમની ઔલાદને કાઢીશ નહીં જ્યાં સુધી કે તેમના માબાપનાં દિલ રાજી ન થઈ જાય. એ વખતે મેં અર્ઝ કરી, હે મારા રબ ! ﷻ એમને હુકમ આપ કે તેઓ મારી સાથે જહન્નમની તરફ જાય જેથી તેમના અઝાબને પોતાની આંખો વડે જુએ. કદાચ ! કે તેમને તેમના પર રહમ આવી જાય. તો અલ્લાહ તઆલાએ તેમને મારી સાથે જવાનો હુકમ આપ્યો તો તેઓ જહન્નમની તરફ આવ્યાં, અને જહન્નમના દરવાને તેમના માટે જહન્નમના દરવાજાને ખોલી આપ્યો. જ્યારે તેમણે પોતાની ઔલાદની તરફ જોયું તો તેઓ રડવાં લાગ્યાં અને કહેવા લાગ્યાં, ખુદા તઆલાની ક઼સમ ! અમને માલૂમ જ ન હતું કે એ લોકો આટલા સખત અઝાબમાં છે ?! અને દરેક મા પોતાના પુત્રો, પુત્રીઓ માટે ચીખી ઉઠી અને જે બાપ હતા તે પોતાની ઔલાદના માટે ચીખી ઉઠયા. જ્યારે ઔલાદે પોતપોતાનાં મા બાપોના અવાજો સાંભળ્યા

તો દરેક રડીને પોતાની માને કહેવા લાગ્યા કે હે મા ! આપે મારા જિગરને સળગાવી દીધું છે ! હે અમ્માજાન ! હું તમારા પર આના કરતાં ઘણો આસાન હતો. જો હું તડકામાં બેસતો અને એક ઘડી એના તાપમાં રહેતો તો તમે એને સહન ન કરતાં હતાં. હે અમ્માજાન ! તમે મારા શરીર તથા મારા હાડકાંઓ પર રહમ નથી કરતાં ?!

આ સાંભળીને એમનાં મા બાપો સૌ રડવા લાગ્યાં, અને કહેવા લાગ્યાં, હે અમારા આક઼ા ! صلی اللہ علیہ وسلم એમના માટે શફાઅત કરો ! અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, હું તમને કદાપિ કાઢીશ નહીં પણ તમારી (મા બાપોની) શફાઅતથી, એટલા માટે કે તેમના પર મારો કહેર તથા ગઝબ તમારા લીધે જ છે. તો તેમણે અર્ઝ કરી, હે અમારા મઅબૂદ ! جل جلالہ અમારી ઔલાદને જહન્નમથી કાઢીને અમારા પર ફઝ્લો એહસાન ફર્માવ. એ વખતે અલ્લાહ તઆલાએ મા બાપોને ફર્માવ્યું, દરેક તે શખ્સ જેનાં મા બાપ કાઢવામાં રાજી હોય તેને કાઢો અને દરેક તે શખ્સ જેનાં મા બાપ તેમને કાઢવા ન ચાહે તેને છોડી દો કે અઝાબમાં રહે જ્યાં સુધી કે હું ચાહું, ફેંસલો કરું. તો તેમના મા બાપોએ તેમને કાઢી લીધા અને તેઓ કેવળ હાડપિંજર હતા. પછી તેમના પર નેહરે હયાતનું પાણી વહાવવામાં આવ્યું અને તેમનાં શરીરો પર ગોશ્ત, ચામડી, વાળ, ઉગ્યા અને તેઓ જન્નતમાં દાખલ થઈ ગયા. *(કુર્રતુલ ઓયૂન)*

મિશ્કાત શરીફની એક હદીષનો ખુલાસો એ છે કે જે મા બાપની ઈતાઅત (આજ્ઞાપાલન) કરશે તે જન્નતમાં દાખલ થશે અને જે નહીં કરે તે દોઝખમાં દાખલ થશે. જાણો કે મા બાપ ઈન્સાનની જન્નત પણ છે અને દોઝખ પણ છે. જેનો જીવ ચાહે તેમની ખિદમત કરીને જન્નતને અપનાવે અને જેનો જીવ ચાહે તેમની નાફર્માની કરીને જહન્નમને અપનાવે.

પેજ 25 નું ચાલુ..

મારા કાકા ! આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, જઅફર જેવા માણસ પર સ્ત્રીઓએ રડવું જોઈએ.

*–(તબક઼ાતે ઈબ્ને સઅદ, ભાગ : ૨, પેજ : ૧)*

વિધવાઓ અને મિસ્કીનોની દેખભાળ કરવાનો સવાબ બતાવતાં આપ صلی اللہ علیہ وسلم એ આ મુજબ ફર્માવ્યું કે, વિધવા અને મિસ્કીન પર ખર્ચ કરનાર અલ્લાહના રસ્તા (જેહાદ અને હજ્જ)માં ખર્ચ કરનારની જેવો છે. *(મિશ્કાત શરીફ, સહીહૈનના હવાલાથી બાબે શફક઼ત)*

હઝરત અનસ رضی اللہ عنہ રિવાયત કરે છે કે એક દિવસે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ આ પ્રમાણે દુઆ કરી :–

اَللّٰهُمَّ اَحْيِنِىْ مِسْكِيْنًا وَّ اَمِتْنِىْ مِسْكِيْنًا وَّ احْشُرْنِىْ
فِىْ زُمْرَةِ الْمَسَاكِيْنَ يَوْمَ الْقِيٰمَةِ

**અર્થાત** : "હે અલ્લાહ ! મને મિસ્કીનમાં હયાત રાખ, અને મિસ્કીનીની હાલતમાં મને મૌત આપજે, અને ગરીબો (મિસ્કીનો)ના સમૂહમાં મને ક઼યામતમાં ઉઠાવજે."

આ સાંભળીને હઝરત સૈયદા આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આવું શા માટે ?! આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, એ લોકો, માલદારો કરતાં ચાલીસ વર્ષ પહેલાં જન્નતમાં જશે. હે આઈશા ! કોઈ ગરીબ (મિસ્કીન)ને તમારા દરવાજાઓથી ખાલી હાથ જવા ન દેશો. ભલે પછી એક અડધી ખારેક પણ કેમ ન હોય. (મતલબ એ કે અલ્લાહ જે તૌફીક઼ અને સગવડ આપે તે મુજબ કાંઈને કાંઈ આપવું) ઉપરાંત હે આઈશા ! ગરીબોથી મહોબ્બત કર અને પોતાનાથી એમને નજીક કર, અલ્લાહ તઆલા તને ક઼યામતના દિવસે નજીક કરશે. *(તિર્મિઝી શરીફ)*

# હઝરત હુસૈન બિન મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہ તથા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: રજૂકર્તા ::

**હઝરત મૌલાના અલ્તાફહુસૈન ક઼ાદરી મિસ્બાહી-કુરચણ** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

હઝરત હુસૈન બિન મન્સૂર હલ્લાજ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ત્રીજી સદી હિજરીના મશ્હૂર બુઝુર્ગ ગુજર્યા છે, જેમના વિશે મશ્હૂર છે કે હક્ક઼નો નારો (અનલ હક્ક઼) લગાડવાના કારણે એમને ક઼ત્લ કરવામાં આવ્યા હતા. મહાન સૂફી સંતો અને ઉમ્મતના આલિમો એમને આદરની દષ્ટિએ જુએ છે. મને એમના જીવનચરિત્ર વિશે વિસ્તૃત વાતો નથી મળી પણ વફાયતુલ અઅયાન લિસાનુલ મીઝાન તથા તારીખે બગદાદ નામની કિતાબોમાં દરેક વિરોધી તથા સમર્થન કરવાવાળાઓના અભિપ્રાયો એકત્રિત કરવામાં આવ્યા છે, હું અહીંયાં આ ત્રણેય કિતાબોમાંથી અમુક પેરેગ્રાફ રજૂ કરવાનો પ્રયત્ન કરીશ.

આપનું નામ હુસૈન બિન મન્સૂર છે, અબૂ મુગીસ કુન્નિયત છે અને હલ્લાજ (પીંજારા)થી મશ્હૂર થયા. જ્યારે કે આ એમનો વ્યવસાય ન હતો પણ એક વખત એમણે એક પીંજારાને કોઈ કામ કરવાનું કહ્યું તો તેણે કોઈ મજબૂરી દર્શાવી કામ કરવાથી ઈન્કાર કર્યો તો આપે કહ્યું, તમે મારું કામ કરી દો હું તમારું કામ કરી આપુ છું. જ્યારે એ પીંજારો વ્યક્તિ મન્સૂર હલ્લાજનું કામ કરી પરત પોતાની દુકાને આવ્યો તો દુકાનનું બધુ રૂ આપે સાફ કરી આપ્યું હતું એટલા માટે એમને હલ્લાજ (રૂ પીંજવાવાળા) કહેવામાં આવે છે. અમુક લોકો કહે છે કે આપ લોકોના દિલની વાત જાણી લેતા હતા એટલા માટે હલ્લાજુલ અસ્રાર (ભેદ જાળવાવાળા)થી મશ્હૂર થયા. ઈરાનના વતની હતા, લોકો એમના વિશે અલગ અલગ મંતવ્યો ધરાવે છે, અમુક લોકો એમની તા'ઝીમ કરે છે અને અમુક લોકો એમને કાફિર કહે છે.

મશ્હૂર ઈતિહાસકાર ઈબ્ને ખલ્ક઼ાને લખ્યું છે કે ઈમામ ગિઝાલીએ મિશ્કાતુલ અન્વાર નામની કિતાબમાં મન્સૂર હલ્લાજ વિશે એક ખાસ પ્રકરણ બાંધ્યું છે, જેમાં એમના શંકાસ્પદ કથનો જેમ કે "અનલ હક્ક઼" (હું હક્ક઼ છું) અને "માફિલ જુબ્બતી ઈલ્લલ્લાહ" (મારા જબ્બામાં અલ્લાહ છે) જેવાં કથનોની તાવીલ (સ્પષ્ટીકરણ) કરી છે. લેખક ઈબ્ને અષીરે પોતાની કિતાબ "અલ કામિલ ફિત્તારીખ"માં લખ્યું છે કે હઝરત મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہ શરૂઆતમાં તસવ્વુફમાં મશ્હૂર હતા, કરામતો ઘણી દેખાડતા હતા, ઠંડીનાં ફળો ગરમીમાં અને ગરમીનાં ફળો ઠંડીમાં લાવતા હતા અને પોતાનો હાથ હવામાં બુલંદ કરી એવા દિરહમો લાવતા હતા જેમાં કુલ હુવલ્લાહુ અહદ લખેલું હોતું, આ અદ્ભૂત ખૂબીઓના કારણે લોકો એમનાથી મહોબ્બત કરતા હતા. પણ અમુક લોકો એમના વિશે કહેવા લાગ્યા કે અલ્લાહ તઆલા એમના શરીરમાં પ્રવેશ કરી ગયેલ છે અને અમુક લોકો કરામતોના કારણે વલી માનતા હતા જ્યારે કે અમુક લોકો જાદૂગર માનતા હતા.

મક્કા શરીફમાં એક વર્ષ સુધી મસ્જિદે હરામમાં એવી રીતે ઈબાદત કરી કે રાત દિવસ, ઠંડી ગરમી કોઈ પણ મોસમની પરવા કર્યા વિના ખુલ્લા આકાશ નીચે ઈબાદતમાં મગ્ન રહ્યા. આખુ વર્ષ રોઝા રાખતા હતા. રાતમાં એક પ્યાલુ પાણી અને એક ટુકડો રોટલી પર ગુજારો કરતા હતા. મક્કા શરીફ બાદ આપ બગદાદ આવ્યા અને ઘણા દેશોનો સફર કર્યો. એક વખત તૌહીદની દા'વત આપવા નીકળ્યા અને ભારત તથા આસપાસના દેશોનો સફર કર્યો અને લોકોના

ફાયદા માટે કિતાબો લખી. હઝરત દાતા ગંજ બખ્શ અલી હિજવેરી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મેં એમની પચાસ કિતાબોનો અભ્યાસ કર્યો છે એમની કરામતોના કારણે લોકોમાં એમની મક઼બૂલિયત વધવા લાગી જેથી અમુક લોકો એમનાથી હસદ કરવા લાગ્યા અને અમુક લોકોએ એમનો વિરોધ પણ કર્યો. કોઈએ એમને જાદૂગર પણ કહ્યા ત્યાં સુધી કે એ સમયના અબ્બાસ ખલીફા મુકતદર બિઅમરિલ્લાહને શિકાયત કરવામાં આવી, છેવટે ખલીફાએ એમને કૈદ કરી દીધા. ઘણા વર્ષો સુધી જેલમાં રહ્યા, ત્યાં સુધી કે ખલીફા મુકતદરે પોતાના વઝીરને કહ્યું કે મન્સૂર હલ્લાજનો જલ્દી ફેંસલો કરો. ત્યાર બાદ અદાલતમાં આલિમો તથા ક઼ાઝીઓની મોટી સંખ્યાને આમંત્રણ આપવામાં આવ્યું અને એ બધાની હાજરીમાં મન્સૂર હલ્લાજને ક઼ત્લનો ફત્વો આપવામાં આવ્યો. હઝરત મન્સૂર હલ્લાજે એ લોકોને કહ્યું, તમારી ઉપર મારુ લોહી હરામ છે. તમારા માટે જાઈઝ નથી કે મારા કથનોનો એવો અર્થ કાઢો જેથી મારુ લોહી જાઈઝ થઈ જાય. મારો અક઼ીદો ઈસ્લામ તથા સુન્નિયત છે. મન્સૂર હલ્લાજ આ વાતો બોલતા રહ્યા અને ક઼ાઝી સાહબ લખતા રહ્યા ત્યાં સુધી કે એમને ક઼ત્લ કરવાનો ફત્વો આપી દીધો અને ત્યારબાદ એમને જેલમાં મોકલી દેવામાં આવ્યા. **જેલમાં એમને ઘુંટણ સુધી ૧૩ સાંકળોથી બાંધવામાં આવ્યા હતા તેમ છતાંય આપ રાત દિવસમાં એક હજાર રકાતો નમાઝ અદા કરતા હતા.** ખલીફાએ હુકમ આપ્યો કે હવે મન્સૂર હલ્લાજને જલ્લાદના હવાલે કરી દેવામાં આવે અને હજાર કોરડા મારવામાં આવે. જો મૃત્યુ પામી જાય તો ઠીક, નહીં તો બીજી વખત હજાર કોરડા મારવામાં આવે, ત્યાર બાદ હાથ, પગ તથા ગળુ કાપવામાં આવે અને એમના શરીરને સળગાવી દેવામાં આવે.

હિ.સ. ૩૦૯માં એમને સજા આપવામાં આવી અને એમને હજાર કોરડા મારવામાં આવ્યા અને એમના શરીરના અંગો કાપી એમના શરીરને સળગાવી દીધું અને જ્યારે શરીર સળગી રાખ થઈ ગયું તો રાખને દજલા નદીમાં નાખવામાં આવી. યોગાનુયોગ એ જ વર્ષે દજલા નદીમાં પાણી વધી ગયું તો લોકોએ એને રાખની બરકત સમજી.

ઈબ્રાહીમ બિન શૈબાન કહે છે કે જે દિવસે હલ્લાજને ક઼ત્લ કરવામાં આવ્યા, હું ઈબ્ને સુરૈજ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان પાસે ગયો અને મેં એમનાથી મન્સૂર હલ્લાજના ક઼ત્લના ફત્વા વિશે પૂછયું તો ઈબ્ને સૂરૈજે કહ્યું, કદાચ ! આ લોકો અલ્લાહ તઆલાનું આ ફર્માન ભૂલી ગયા છે, ''શું તમે એવા વ્યક્તિને ક઼ત્લ કરો છો જે કહે છે કે મારો રબ અલ્લાહ છે.'' વાસ્તીએ કહ્યું કે ઈબ્ને સૂરૈજે મન્સૂર હલ્લાજના વિશે ફર્માવ્યું કે એ તો હાફિઝે કુર્આન, આલિમે દીન, નિષ્ણાત ફક઼ીહ અને હદીષના આલિમ હતા. *(હવાલો : વફયાતુલ અઅયાન, તારીખે બગદાદ)*

અહીંયાં સુધી તો ઈતિહાસકારોની વાતો હતી પણ મહાન વલીઓએ પણ એમની અઝમત તથા મહત્તાનાં ગુણ ગાયાં છે, જેમાં ગૌષે પાક, ઈમામ ગઝાલી, અલ્લામા ઈબ્ને હજર અને દાતા ગંજ બખ્શ અલી હિજવેરી رحمۃ اللہ علیہનો સમાવેશ છે. હું અહીંયાં બે બુઝુર્ગોના હવાલાથી અમુક વાતો રજૂ કરું છું.

## હઝરત દાતા ગંજબખ્શ સૈયદ અલી હિજવૈરી رحمۃ اللہ علیہનો અભિપ્રાય

હઝરત દાતા ગંજબખ્શ અલી હિજવૈરી رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ ''કશ્ફુલ મહજૂબ''માં મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہનો વિસ્તૃત ઉલ્લેખ કર્યો છે. હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہના સ્પષ્ટીકરણથી અંદાજો થાય છે કે હઝરત મન્સૂર હલ્લાજ વિશે લોકોનો મતભેદ રાખવાનું એક કારણ એ છે કે એમના હમનામ એક બીજો વ્યક્તિ હતો જે અબૂ સઈદ કુરમતીનો સાથી હતો જે મુલ્હિદ (નાસ્તિક) હતો અને

કુરામતનો ફિત્નો ઈસ્લામી ઈતિહાસનો મશ્હૂર વાક્યો છે. પણ આ મન્સૂર હલ્લાજ તો ઈરાનના શહેર ''બયઝા''ના રહેવાસી હતા અને એમના વિશે મતભેદ એમના ધર્મના કારણે નથી બલ્કે એમના અહવાલના કારણે છે.

હઝરત દાતા ગંજબખ્શ અલી હિજવૈરી رحمۃ اللہ علیہ ફર્માવે છે, હઝરત મન્સૂર હલ્લાજ શરૂઆતમાં સહલ ઈબ્ને તસ્તરીના મુરીદ થયા. ત્યાર બાદ એમની પરવાનગી વિના ચાલ્યા ગયા અને અમ્ર બિન ઉષ્માનની સોહબતમાં રહેવા લાગ્યા. પછી એમના પાસેથી પણ પરવાનગી વિના ચાલ્યા ગયા અને હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયા પણ એમણે મન્સૂર હલ્લાજને કૂબૂલ ન કર્યા એટલા માટે મશાઈખે કિરામ એમને મહજૂર (વિરહી) કહે છે.

હઝરત શિબ્લી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, ''હું અને મન્સૂર હલ્લાજ એક જ માર્ગના છીએ. મને મારી વારફતગીએ છૂટકારો આપ્યો અને એમને એમની અક્કલે ખરાબ કરી દીધા. એવી જ રીતે બીજા મહાન બુઝુર્ગોના કથનો એમના સમર્થનમાં વર્ણન કર્યા છે. અહલે સુન્નતમાં અમુક લોકો એમના વાક્યાનો રદ કરે છે એમના શબ્દો ભલે તાબીર તથા બયાનમાં ખરાબ છે પણ મતલબ તથા અર્થમાં એટલા ખરાબ નથી, એટલા માટે કે મગલૂબુલ હાલ (વજ્દાની કૈફિયત)માં તાબીરને અવકાશ નથી હોતો. સારાંશ કે એમના વાક્યાને દલીલ ન બનાવવામાં આવે એટલા માટે કે એ પોતાના હાલમાં મગલૂબ (ગુમ) હતા. અલ્હમ્દુલિલ્લાહ ! હઝરત હુસૈન બિન મનસૂર હલ્લાજ મને દિલથી મહેબૂબ છે પણ એમનો તરીકો કોઈ અસલ પર નથી અને ન કોઈ હાલત પર એમની અડગતા છે. મને ઈબ્તિદાએ ઝહૂરના સમયે એમનાથી ઘણી મદદ મળી હતી.

*(કશ્ફુલ મહજૂબ, પેજ નં. ૨૧૯ થી ૨૨૨ સુધી)*

## શૈખુલ ઈસ્લામ ઈમામ ઈબ્ને હજર મક્કીનો અભિપ્રાય

ઈમામ ઈબ્ને હજર ફતાવા હદીષિયહમાં એમનાં (મન્સૂર હલ્લાજનાં) કથનોનું સ્પષ્ટીકરણ કરતા કહે છે કે જે કથનો સુકર (ખુદાની યાદમાં દીવાનગી)ની હાલતમાં છે એમાં બંદો શરીઅતનો (મુકલ્લફ) પાબંદ નથી હોતો. અને હઝરત મન્સૂર હલ્લાજ વિશે આ મંતવ્ય હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہનું છે. ત્યાર બાદ એમના સમર્થનમાં હઝરત ગૌષે પાક رحمۃ اللہ علیہનું મંતવ્ય વર્ણન કર્યા બાદ ઈમામ ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હઝરત મન્સૂર હલ્લાજની મહત્તા માટે આ મહાન શખ્સિયત ગૌષે પાક رحمۃ اللہ علیہની ગવાહી પૂરતી છે.

*–(ફતાવા હદીષિયહ, પેજ : ૩૧૪)*

ઈમામ ગઝાલી رحمۃ اللہ علیہનું મંતવ્ય વર્ણન કરતાં ઈમામ ઈબ્ને હજર ફર્માવે છે કે કોઈ કદાપિ એવું ન સમજે કે અમુક સૂફીઓ એમના બાતિની અહવાલનો ઈન્કાર કરે છે, કેમ કે ઈમામ ગઝાલી رحمۃ اللہ علیہએ એમના અહવાલનું સ્પષ્ટીકરણ વર્ણન કરતાં એમના વાક્યોનું વિવરણ કર્યું છે જેનાથી હુલૂલ તથા ઈત્તિહાદ જેવા બાતિલ અકીદાઓથી હઝરત મન્સૂર હલ્લાજની મુક્તિ (બેગુનાહ) સાબિત થાય છે. *(ફતાવા હદીષિયહ, પેજ : ૩૧૫, પ્રકાશક : મુંબઈ)*

મેં અહીંયાં હઝરત મન્સૂર હલ્લાજના સમર્થનમાં બે ભરોસાપાત્ર મહાન શખ્સિયતોનું મંતવ્ય રજૂ કર્યું. હઝરત મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہના સમર્થનમાં આ બે મહાન શખ્સિયતોનું મંતવ્ય પૂરતુ છે પણ મારો મકસદ એ સાબિત કરવાનો હતો કે હઝરત મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہની શખ્સિયત ઔલિયાએ કિરામની બારગાહમાં મકબૂલ છે. એમની શખ્સિયતના મકબૂલ હોવાના કારણે જ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એમને નઝરંઅદાજ નથી કર્યા.

હવે અહીંયાં હું હઝરત મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہ વિશે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનું મંતવ્ય રજૂ કરું છું જેથી વાંચકોને ખબર પડે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ એમના વિશે શું કહ્યું છે.

## હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો અભિપ્રાય

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની બારગાહમાં હઝરત મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہ વિશે સવાલ થયો તો આપે જવાબમાં ફર્માવ્યું :–

"હઝરત સૈયદી હુસૈન બિન મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہ જેમને લોકો મન્સૂર કહે છે. મન્સૂર એમના પિતાનું નામ હતું અને એમનું નામ હુસૈન છે. અકાબિર અહલે હાલ (હાલવાળાઓ)થી છે. એમની એક બહેન એમનાથી અતિ વધારે વિલાયતના મર્તબામાં આગળ હતી. એમની બહેન અડધી રાત્રે જંગલમાં જતી અને અલ્લાહ તઆલાની યાદમાં મગ્ન રહેતી હતી. એક દિવસ એમની (મન્સૂર હલ્લાજ)ની આંખ ખુલી તો બહેનને ઘરમાં ન જોયાં, એમને શક થયો. બીજી રાતે બિસ્તર પર સૂતા જાગતા રહ્યા કે મારી બહેન ઉઠીને જેવી બહાર જાય તો હું પણ એની પાછળ પાછળ જાઉં. બીજી રાત્રે પણ એમની બહેન અર્ધરાત્રિએ ઉઠી જંગલ તરફ જવા લાગ્યાં. મન્સૂર હલ્લાજ એમની પાછળ થઈ ગયા, એમણે અચાનક જોયું કે આસ્માનથી સોનાની સાંકળ ઉતરી અને યાકૂતનું જામ ઉતર્યું અને બહેનના મોંઢા મુબારક પાસે આવ્યું. બહેને પીવાનું શરૂ કર્યું ત્યારે મન્સૂર હલ્લાજે આગળ વધીને કહ્યું, હે બહેન ! આ જન્નતની નેઅમત થોડી મારા માટે પણ બચાવજો ! એમની બહેને એક ઘૂટડો બચાવ્યો. મન્સૂર હલ્લાજે જામ પીધો તો પીતાંની સાથે જ દરેક દીવાલથી આ અવાજ આવવા લાગ્યો કે કોણ એ લાયક છે કે અમારા માર્ગમાં કત્લ કરવામાં આવે ?! આ સાંભળી હઝરત મન્સૂર હલ્લાજે કહેવાનું શરૂ કર્યું, "અનલ અહક઼્ક઼ુ !" (હું વધારે કત્લ થવાનો હક઼્ક઼દાર છું) પણ લોકો એ "અનલ હક઼્ક઼" (હું હક઼્ક઼ છું) સાંભળ્યું અને લોકોને ગલતફહમી થઈ ગઈ કે મન્સૂર હલ્લાજે ખુદાઈનો દાવો કર્યો અને મુર્તદ થઈ ગયા ! અને મુર્તદની સજા ક઼ત્લ છે. નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવે છે, "જે પોતાનો દીન (ઈસ્લામ) બદલી નાખે એને ક઼ત્લ કરી દો."

*–(ફતાવા રઝવિય્યહ, ક઼દીમ, ૧૨/૨૨)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને ફતાવા રઝવિય્યહ્‌માં બીજી જગ્યાએ એક સવાલ આ પણ કરવામાં આવ્યો કે હઝરત મન્સૂર હલ્લાજને જો એમના કુફ્રના કારણે ફાંસી આપવામાં આવી તો શું હવે મુસલમાન તથા બુઝુર્ગ વલીઓની જમાઅતમાં એમનો સમાવેશ થશે ?! આ'લા હઝરત رحمۃ اللہ علیہએ જવાબ આપ્યો, મન્સૂર હલ્લાજના બાહ્ય કથનો (જાહેર વાતો)થી એમના માટે શરીઅત અનુસાર ક઼ત્લની સજા થાય છે એટલા માટે શરીઅતનો હુકમ લાગુ કરવામાં આવ્યો.

આ'લા હઝરત "ફતાવા રઝવિય્યહ"માં એક જગ્યાએ લખે છે કે "બહજતુલ અસરાર"માં સૈયદના અબુલ ક઼ાસિમ, ઉમર બજ્જાજથી રિવાયત નક઼લ કરે છે કે હઝરત ગ઼ૌષે પાક رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, મારા ભાઈ હુસૈન મન્સૂર હલ્લાજનો પગ લપસી ગયો પણ એ સમયે કોઈ મદદ કરનાર ન હતું. એમના સમયમાં હું હોત તો એમની મદદ કરતો.

*–(ફતાવા રઝવિય્યહ્‌, કદીમ ૧૧/૪૩)*

ફતાવા રઝવિય્યહ્‌ કિતાબથી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનું મંતવ્ય હઝરત મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہના સમર્થન તથા બચાવમાં રજૂ કરવામાં આવ્યું. આ'લા હઝરતના મંતવ્ય ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ તો અમુક સુક્ષ્મ વાતો સામે આવે છે :–

**(૧)** વધારે પડતા ઈતિહાસકારોએ એવું લખ્યું છે કે હઝરત મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہ "અનલ હક઼્ક઼" (હું હક઼્ક઼ છું) કહેતા હતા. આનું સ્પષ્ટીકરણ આ'લા

હઝરતે કર્યું છે કે મન્સૂર હલ્લાજ "અનલ હક્ક઼" નહીં બલ્કે "અનલ અહક઼્ક઼ુ" (હું વધારે લાયક છું) કહેતા હતા. આ સ્પષ્ટીકરણનો શક્ય છે કે મહાન આલિમોથી પણ ઉલ્લેખ હોય પણ મને આ નુકતો આ'લા હઝરતની બારગાહમાં જોવા મળ્યો. સ્પષ્ટ છે કે એમની બહેનનો જે વાક઼યો આ'લા હઝરતે વર્ણન કર્યો છે એમાં "અનલ હક્ક઼" (હું હક્ક઼ છું)ની જગ્યાએ "અનલ અહક્કુ" (હું વધારે લાયક છું) છે. સારાંશ કે જો મન્સૂર હલ્લાજ "અનલ હક્ક઼" કહેતા ન હતા તો એમના ઉપર કોઈ શરીઅતનો હુકમ નથી.

**(૨)** શક્ય છે કે હઝરત મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہનો કોઈ આશિક઼ એ ફક઼ીહો તથા આલિમોની બુરાઈ શરૂ કરી દે જેમણે મન્સૂર હલ્લાજને ક઼ત્લનો ફતવો આપ્યો, પણ આ વિશે આ'લા હઝરત رحمۃ اللہ علیہના શબ્દો એટલા ન્યાયથી ભરપૂર છે કે કોઈપણ વ્યક્તિને એ આલિમોની જમાઅત વિરુદ્ધ જબાન ખોલવાનો અવસર નથી આપતા, કેમ કે હઝરત મન્સૂર હલ્લાજની જે આંતરિક હાલત હતી એવા જ શબ્દો એમની ઝબાનથી નીકળ્યા અને આલિમોની જમાઅતે જેવું સાંભળ્યું એ પ્રમાણે ફૈંસલો આપ્યો. જેમ કે આ'લા હઝરતે સમયસર એક પંક્તિ કહી જેનો અર્થ એ છે કે શરીઅતના ફતવાના કારણે કોઈક વાર પાણી પીવુ પણ ગુનોહ થઈ જાય છે અને કોઈક વાર લોહી વહાવવું પણ જાઈઝ થઈ જાય છે.

**(૩)** આ'લા હઝરતના મંતવ્યથી આ પણ સ્પષ્ટ થાય છે કે એ ફતવો આપનાર આલિમોની જમાઅતના આધારે અલ્લાહ તઆલાએ હઝરત મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہના મક઼સદને પૂરો કરાવવામાં મદદ કરી. કેમ કે અવાજ તો આવતો હતો કે કોણ છે જે અમારા માર્ગમાં ક઼ત્લ થાય ? એના ઉપર આપે "અનલ અહક્કુ" કહી અલ્લાહની રાહમાં પોતાની જાન કુર્બાન કરી દીધી.

**(૪)** આ'લા હઝરત હઝરત મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہનું વર્ણન એવી રીતે અદબ સાથે કરે છે કે જેમ કે પોતે પણ એમના ફૈઝાનના તલબગાર છે.

પેજ 37 નું ચાલુ..

દીનને જૂઠલાવે છે, પછી તે છે જે યતીમને ધકકે ચઢાવે છે, અને મિસ્કીનને ખાવા આપવા પ્રોત્સાહિત નથી કરતો, તો એ નમાઝીઓની ખરાબી છે જેઓ પોતાની નમાઝથી ભૂલી બેઠા છે, તે જેઓ દિખાવો કરે છે અને વર્તવાની ચીજ માગવા પર નથી આપતા."

*–(સૂ. માઊન, ૧૦૭/૧ થી ૭, કન્ઝુલ ઈમાન)*

એ જ પ્રમાણે કરજદાર સાથે નરમીથી વર્તવાનો હુકમ તેમજ જરૂરતમંદોને કરજ આપવાનો હુકમ પણ હદીષોમાં મૌજૂદ છે. તાજદારે દો આલમ ﷺએ કરજદાર સાથે નરમી વર્તનારની આ પ્રમાણે ફઝીલત વર્ણવી છે : "જેણે કોઈ તંગદસ્તને મોહલત આપી અથવા કરજને માફ કરી આપ્યું તેને અલ્લાહ તઆલા પોતાના સાયામાં જગા આપશે." *(મુસ્લિમ કિતાબુઝ્ ઝુહદ)*

આજે ખિદમતે ખલ્ક઼ના નામ પર બદમઝહબ જમાઅતો મુસલમાનોના ઈમાન પર છાપો મારી રહી છે અને સીધા સીધા નાસમજ મુસલમાન તેમના પ્રપંચના શિકાર બનતા જઈ રહ્યા છે. ઈસાઈ મિશનરીઓએ પૂરા દેશના લોકોને ઈસાઈયતઝદા બનાવી દીધા છે. એના અનુસંધાનમાં અગણિત દષ્ટાંતો પેશ કરી શકાય છે. આ સંજોગોમાં ખિદમતે ખલ્ક઼ની જરૂરત તથા મહત્વ કેટલા પ્રમાણમાં વધી ગયું છે, એ બતાવવાની જરૂરત નથી. પણ ખૈર, એ તો બાદની મંઝિલ છે, પહેલાં આપણે આપણી આસપાસમાં ઝાંકવાની જરૂરત છે કેવા કેવા લોકો આપણા ધ્યાન કરવાને પાત્ર છે અને તેમનાથી આંખ આડા કાન કરીને આપણે કેટલા પ્રમાણમાં એક મહાન ઈસ્લામી રુકનને અજાણપણે પણ સહી પણ તોડી પાડવાની કોશિશ કરી રહ્યા છીએ. અલ્લાહ પાક પોતાના હબીબે પાક ﷺ ના સદક઼ામાં આપણને એની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન) *(માહનામા સુન્ની દા'વતે ઈસ્લામી– મુંબઈ, એપ્રિલ–૨૦૧૮)*

*ઈલ્મો અખ્લાક઼ આમ કરેં–સુન્ની દા'વતે ઈસ્લામી કા કામ કરેં – હમારા ના'રા.*

# ઈસ્લામમાં લોકસેવા (ખિદમતે ખલ્ક઼)ની વિશાળ ભાવના

અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી
(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
(તંત્રી, બરકાતે ખ્વાજા–માસિક)

કુર્આને મુક઼દસમાં અલ્લાહ ﷻએ માનવ સર્જનનો હેતુ "ઈબાદત" વર્ણવ્યો છે. ઈર્શાદ ફર્માવે છે : وَ مَا خَلَقْتُ الْجِنَّ وَ الْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنِ۝

"અને મેં જિન તથા ઈન્સાન મારા માટે જ બનાવ્યા કે મારી બંદગી કરે."

–(સૂ. ઝારિયાત, ૫૧/૫૬, કન્ઝુલ ઈમાન)

ઈબાદતનો વિશાળ ખયાલ વિવિધ મુબારક આયતો તથા હદીષોમાં અલ્લાહ તબારક વ તઆલા તથા તેના રસૂલ ﷺએ વર્ણવ્યો છે. ઈબાદત શારીરિક પણ હોય છે અને માલી પણ. વિના શંકાએ નમાઝ, રોઝા, હજ્જ તથા ઝકાત ઈસ્લામના સ્તંભોમાંથી છે અને તેને અદા કરવું તેની શરતોની સાથે અનિવાર્ય છે. પરંતુ સાથોસાથ જે ભૂમિ પર આપણી જિંદગીની પળો પસાર થઈ રહી છે, અને જે માણસોની સાથે આપણે વસી રહ્યા છીએ તેમની સાથે સદ્‌વર્તાવ તથા તેમની ખિદમત (સેવા) પણ ઈબાદતના વર્તુળમાં સામેલ છે.

કુર્આને મુક઼દસ તથા રસૂલે પાક ﷺની હદીષોથી ખિદમતે ખલ્ક઼ (સમાજ સેવા)નો મહાન સંદેશ મળે છે. ઈસ્લામની વૃધ્ધિ તથા આપસી મહોબ્બતમાં ખિદમતે ખલ્ક઼ની ભાવના અતિશય ચાવી રૂપ રોલ ભજવે છે. એ પણ દિમાગમાં રાખશો કે કુર્આન તથા હદીષોમાં ખિદમતે ખલ્ક઼નો ખયાલ અધ્યાહન નથી બલ્કે એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કયા લોકોની ખિદમત થવી જોઈએ અને કયા લોકો છે જેઓ સદવર્તાવ (હુસ્ને સુલૂક)ના સૌથી વિશેષ હક્ક઼દાર છે. સૂરએ બક઼રહની નીચે દર્શાવેલ આયતમાં નેકીનો કેટલો હસીન તસવ્વુર (સુંદર ખયાલ) રજૂ કરવામાં આવ્યો છે તેને વાંચો અને અમલ કરવાની કોશિશ કરો. ઈર્શાદે રબ્બાની છે :–

لَيْسَ الْبِرَّ اَنْ تُوَلُّوْا وُجُوْهَكُمْ قِبَلَ الْمَشْرِقِ وَ الْمَغْرِبِ وَ لٰكِنَّ الْبِرَّ مَنْ اٰمَنَ بِاللّٰهِ وَ الْيَوْمِ الْاٰخِرِ وَ الْمَلٰٓئِكَةِ وَ الْكِتٰبِ وَ النَّبِيّٖنَ ۚ وَ اٰتَى الْمَالَ عَلٰى حُبِّهٖ ذَوِى الْقُرْبٰى وَ الْيَتٰمٰى وَ الْمَسٰكِيْنَ وَ ابْنَ السَّبِيْلِ ۙ وَ السَّآئِلِيْنَ وَ فِى الرِّقَابِ ۚ وَ اَقَامَ الصَّلٰوةَ وَ اٰتَى الزَّكٰوةَ ۚ وَ الْمُوْفُوْنَ بِعَهْدِهِمْ اِذَا عٰهَدُوْا ۚ وَ الصّٰبِرِيْنَ فِى الْبَاْسَآءِ وَ الضَّرَّآءِ وَ حِيْنَ الْبَاْسِ ؕ اُولٰٓئِكَ الَّذِيْنَ صَدَقُوْا ؕ وَ اُولٰٓئِكَ هُمُ الْمُتَّقُوْنَ۝۱۷۷

"કાંઈ મૂળ નેકી એ નથી કે મોં પૂર્વ કે પશ્ચિમ તરફ કરો, હા! અસલ નેકી એ કે ઈમાન લાવે અલ્લાહ તથા ક઼યામત તથા ફરિશ્તાઓ તથા કિતાબ અને પયગંબરો પર, અને અલ્લાહની મહોબ્બતમાં પોતાનો પ્રિય માલ આપે સગાં સંબંધીઓ તથા યતીમો તથા ગરીબો તથા મુસાફરો તથા સવાલ કરનારાઓને તથા ગરદનો છોડાવવામાં, અને નમાઝ ક઼ાયમ રાખે તથા ઝકાત આપે અને પોતાનું વચન (વાયદો) પૂરો કરનારા જ્યારે વાયદો કરે અને સબ્રવાળા મુસીબત તથા તકલીફમાં અને જેહાદના સમયે. આ જ છે જેમણે પોતાની વાત સાચી ઠરાવી અને એઓ જ પરહેઝગાર છે." –(સૂ. બક઼રહ, ૨/૧૭૭, કન્ઝુલ ઈમાન)

આ આયતમાં નેકીના છ તરીક઼ા ઈર્શાદ ફર્માવ્યા : (૧) ઈમાન લાવવું (૨) માલ આપવો (૩)

નમાઝ કાયમ કરવી (૪) ઝકાત આપવી (૫) વાયદો પૂરો કરવો (૬) સબ્ર કરવી.

ઈમાનની તફસીલ એ છે કે એક તો અલ્લાહ તઆલા પર ઈમાન લાવે કે તે હય્યુ, કૈયૂમ, અલીમ, હકીમ, સમીઅ, બસીર, ગની, કદીર, અઝલી, અબદી, વાહિદ, લાશરીકલહૂ છે. બીજુ કયામત પર ઈમાન લાવે કે તે હક્ક છે. એમાં બંદાઓનો હિસાબ થશે, અમલોનો બદલો આપવામાં આવશે, અલ્લાહના મકબૂલ બંદાઓ શફાઅત કરશે, સૈયદે આલમ ﷺ નેક બખ્તોને હૌઝે કૌષર પર સૈરાબ કરશે, પુરસિરાત પરથી પસાર થવું પડશે અને એ દિવસના તમામ અહવાલ જે કુર્આનમાં આવ્યા અથવા સૈયદે આલમ ﷺએ વર્ણવ્યા તે સૌ હક્ક છે. ત્રીજુ ફરિશ્તાઓ પર ઈમાન લાવે કે તેઓ અલ્લાહની મખ્લૂક છે અને ફર્માંબરદાર છે, ન પુરૂષ છે ન સ્ત્રી, એની સંખ્યા અલ્લાહ જાણે છે. ચાર ફરિશ્તા એમનામાંથી ખૂબ જ મુકર્રબ છે : હઝરત જિબ્રઈલ, હઝરત મીકાઈલ, હઝરત ઈસ્રાફીલ, હઝરત ઈઝરાઈલ عَلَيْهِمُ السَّلَامُ. ચોથુ અલ્લાહની કિતાબો પર ઈમાન લાવવું કે જે કિતાબ અલ્લાહ તઆલાએ નાઝિલ ફર્માવી તે હક્ક છે. પાંચમુ સર્વ અંબિયા عَلَيْهِمُ السَّلَامُ પર ઈમાન લાવવું કે તેઓ સૌ અલ્લાહના મોકલેલા છે અને મા'સૂમ એટલે કે ગુનાહોથી પાક છે. એમની સહી સંખ્યા અલ્લાહ જાણે છે.

ઈમાન બાદ અમલોનું અને એના અનુસંધાનમાં માલ આપવાનું વર્ણન કર્યું. તેના છ ખર્ચવાના માર્ગો બતાવ્યા : ગરદનો છોડવવાથી મતલબ ગુલામોને આઝાદ કરવા મુરાદ છે. એ સર્વ મુસ્તહબ રૂપે માલ આપવાનું વર્ણન હતું. આ આયત પરથી જણાય છે કે તંદુરસ્તીની હાલતમાં સદકો આપવો અધિક બદલો ધરાવે છે એના કરતાં કે મરતી વખતે જિંદગીથી નિરાશ થઈને આપે. *(ક઼્ઝાફી હદીષ અન અબી હુરૈરહ)*

**મસ્અલા** : હદીષ શરીફમાં છે કે સગાંઓને સદકો આપવામાં બમણો સવાબ છે, એક સદકાનો બીજો સગાં સાથે સદ્વર્તાવનો.

*(નિસાઈ શરીફ બહવાલા ખઝાઈન)*

وَ اٰتِ ذَا الْقُرْبٰى حَقَّهٗ وَ الْمِسْكِيْنَ وَ ابْنَ السَّبِيْلِ وَ لَا تُبَذِّرْ تَبْذِيْرًا ﴿۲۶﴾

''અને સગાં સંબંધીઓને એમનો હક્ક આપ, અને મિસ્કીન તથા મુસાફિરને, અને ફુઝૂલ ન ઉડાવ. *(સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૨૬, કન્ઝુલ ઈમાન)*

સગાં સંબંધીઓને તેમનો હક્ક આપવાથી મુરાદ એ છે કે ઝકાતના હક્કદાર હોય તો ઝકાત આપવામાં આવે, તેમની સાથે સદ્વર્તાવ કરવામાં આવે, એમની સાથે મહોબ્બત તથા પ્રેમભાવ કાયમ કરવામાં આવે, તેમની સાથે મેલજોલ રાખવામાં આવે અને તેમની ખબરગીરી રાખવામાં આવે તથા પ્રસંગોપાત મદદ કરવામાં આવે અને સામાજિક રીતે મેલજોલની સાથે જિંદગી પસાર કરવામાં આવે. અને તે મેહરમોમાંથી હોય અને મોહતાજ થઈ જાય તો તેમનો ખર્ચ ઉઠાવવો એ પણ એમનો હક્ક છે અને શક્તિશાળી સગા પર લાઝિમ છે. અમુક મુફસ્સિરોએ આ આયતની તફસીરમાં એ પણ કહ્યું છે કે સગાંઓથી મુરાદ સૈયદે આલમ ﷺ સાથે સગાઈ સંબંધ ધરાવનાર મુરાદ છે અને એમનો હક્કે ખુમ્સ આપવો અને તેમની તાઝીમ તથા અદબ કરવું છે.

એ જ પ્રમાણે ભૂખ્યાઓને ખાણુ ખવડાવવા પર કુર્આને મુકદસમાં પ્રોત્સાહિત કરવાનો હુકમ છે, અને જે એવું ન કરે એના માટે સખત વઈદ (વોર્નિંગ) છે. બલ્કે ખિદમતે ખલ્ક માટેની કુર્આને મુકદસની આ સૂરએ મુબારકા ખૂબ જ સમૃધ્ધતાપૂર્ણ દલીલ છે :–

اَرَءَيْتَ الَّذِىْ يُكَذِّبُ بِالدِّيْنِ ﴿۱﴾ فَذٰلِكَ الَّذِىْ يَدُعُّ الْيَتِيْمَ ﴿۲﴾ وَ لَا يَحُضُّ عَلٰى طَعَامِ الْمِسْكِيْنِ ﴿۳﴾ فَوَيْلٌ لِّلْمُصَلِّيْنَ ﴿۴﴾ الَّذِيْنَ هُمْ عَنْ صَلَاتِهِمْ سَاهُوْنَ ﴿۵﴾ الَّذِيْنَ هُمْ يُرَآءُوْنَ ﴿۶﴾ وَيَمْنَعُوْنَ الْمَاعُوْنَ ﴿۷﴾

''ભલા જુઓ તો જે વધુ પેજ 35 પર..



# ઈ કોમર્સ બિઝનેસ
e Commerce Business
## કરના કૈસા ?

**અઝ : મુફ્તી મુહમ્મદસાબિર મિસ્બાહી**
*(સદર : દારુલ્ ઈફતા, દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**૦૧. B2B E Commerce** (બી2બી ઈ કોમર્સ)
**૦૨. B2C E Commerce** (બી2સી ઈ કોમર્સ)
**૦૩. B2B to B2B e Commerce** (બી2બી ટુ બી2બી ઈ કોમર્સ)
**૦૪. B2B to B2C e Commerce** (બી2બી ટુ બી2સી ઈ કોમર્સ)
**૦૫. Dropship Business Modules** (ડ્રોપશીપ બિઝનેસ મોડયુલ્સ)
**૦૬. Dropship Business Agency** (ડ્રોપશીપ બિઝનેસ એજન્સી)

**૦૧. e Commerce Business** (ઈ કોમર્સ બિઝનેસ) કે મસાઈલ બયાન ફર્માઈએ.
**૦૨. e Commerce Business** (ઈ કોમર્સ બિઝનેસ) કરના કૈસા ?
**૦૩. Amazon, Flipkart & Paytm....**વગેરહ **e Commerce** માર્કેટ **Place** પર **Sell** કરના કૈસા ?
**૦૪. e Commerce** કે **Dropship Business Modules** (ઈ–કોમર્સ બિઝનેસ કે ડ્રોપશીપ બિઝનેસ મોડયુલ્સ) મેં કામ કરના કૈસા ?
**૦૫. Social media** પર **e Commerce Business** કરના કૈસા ?
**૦૬. Branded** ચીઝોં કી **Copy** યા નકલી સામાન બેચના કૈસા ? જબ કી ખરીદનેવાલા ભી યે બાત જાનતા હો.

*-Muhammed Shabbir Qadri-Surat*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**અલ્જવાબ (૧) (૨) (૩) (૪) (૫) :** ઈ–કોમર્સ (e-commers) કે બારે મેં સવાલ કરને વાલે ઔર મુખ્તલિફ ઝરાએ સે જો મા'લૂમાત હાસિલ હૂઈ, ઉન કે એ'તેબાર સે ઈ–કોમર્સ કે હવાલે શરીઅત કા હુકમ યે હૈ કે ઉસ કી જિતની સૂરતેં સવાલ મેં ઝિક્ર કી ગઈ, ઉન મેં સે ડ્રોપશીપ બિઝમેસ મોડલ્સ (Dropahip Business Modales) નાજાઈઝ હૈ, ક્યૂં કે ઉસમેં જો ખરીદો ફરોખ્ત કરનેવાલા હોતા હૈ વોહ સ્ટોક મેં સામાન નહીં રખતા, બલ્કે કસ્ટમર (Costumer) કે ઓર્ડર્સ (Orders) ઔર સામાન ભેજને કી તફસીલ માલ બનાને વાલે યા હોલ સેલર કો ભેજ દેતા હૈ, જો સીધે કસ્ટમર કો વોહ સામાન ભેજ દેતા હૈ. ઈસ મુઆમલે મેં શરઅન યે ખરાબી હૈ કે રીટેલર (Retailer) ઐસી ચીઝ કો બેચતા હૈ જો ઉસ કી મિલ્ક મેં નહીં હૈ. ક્યૂં કે અભી બેચને કે વક્ત તક માલ બનાનેવાલે યા હોલ સેલર સે ઉસને વોહ ચીઝ નહીં ખરીદી, બલ્કે બેચને કે બાદ ખરીદતા હૈ. ઔર અલ્લાહ કે રસૂલ ﷺકે ઈર્શાદ કે મુતાબિક઼ ઐસી ચીઝ કો બેચના જાઈઝ નહીં જો અપની મિલ્ક મેં નહો. તિર્મિઝી શરીફ મેં હૈ :

"عَنۡ حَکِیۡمِ بۡنِ حِزَامٍ قَالَ :اَتَیۡتُ رَسُوۡلَ اللّٰہِ ﷺ فَقُلۡتُ : یَاۡتِیۡنِیۡ الرَّجُلُ یَسۡئَلُنِیۡ مِنَ الۡبَیۡعِ مَا لَیۡسَ عِنۡدِیۡ أَبۡتَاعِ لَہٗ مِنَ السُّوۡقِ ثُمَّ أَبِیۡعُ؟قَالَ: لَاتَبِعۡ مَالَیۡسَ عِنۡدَکَ"

યાની : હકીમ બિન હિઝામ رضی اللہ عنہને ફર્માયા કે મૈંને અલ્લાહકે રસૂલ ﷺકી બારગાહ મેં હાઝિર હોકર અર્ઝ કિયા કે મેરે પાસ કભી કોઈ શખ્સ આતા હૈ ઔર મુઝસે ઐસી ચીઝ બેચનેકા સવાલ કરતા હૈ જો મેરે પાસ નહીં હોતી, તો મૈં ઉસે બાઝાર સે ખરીદતા હૂં ફિર ઉસે બેચ દેતા હૂં. (યાની અગર યે ઉસ વક્ત વોહ ચીઝ મેરે પાસ મૌજૂદ નહીં લેકિન બાઝાર સે ખરીદકર ઉસે દે દૂંગા તો ખરીદને સે પેહલે ઉસસે બેચના જાઈઝ હૈ યા નહીં ?) તો હુઝૂર ﷺને જવાબ

મેં ઈર્શાદ ફર્માયા : જો ચીઝ તુમ્હારે પાસ મૌજૂદ નહીં ઉસે મત બેચો. (યા'ની જિસકે તુમ માલિક નહીં ઉસે મત બેચો) "તન્વીરુલ અબ્સાર મઅ દુર્રે મુખ્તાર વ રદ્દુલ મુહતાર" મેં હે :–

"(وَ[بَطَل] بَيْعُ مَالَيْسَ فِىْ مِلْكِهِ)لِبُطْلَانِ بَيْعِ الْمَعْدُوْمِ وَمَا لَ خَطَرُ الْعَدَمِ (اِلاَّ بِطَرِيْقِ السَّلَمِ) فَاِنَّهٗ صَحِيْحٌ لِاَنَّهٗ عَلَيْهِ السَّلَا نَهٰى عَنْ بَيْعِ مَالَيْسَ عِنْدَ الْاِنْسَانِ، وَرُخِّصَ فِى السَّلَمِ" (قَوْلُ: بَيْعُ مَالَيْسَ فِىْ مِلْكِهِ) أَىْ بَيْعُ مَاسَيَمْلِكُهٗ قَبْلَ مِلْكِهِ لَهٗ۔اھ

યાની : ઉસ ચીઝ કો બેચના બાતિલ હે જો આદમી કી મિલ્ક મેં ન હો, ક્યૂં કે મા'દૂમ (અનઅસ્તિત્વવાળી) ચીઝ કો બેચના ઔર ઉસ ચીઝ કો બેચના, જિસ મેં મા'દૂમ હોને કા અંદેશા હો, બાતિલ હે. હાં ! મગર સલમ કે તરીકે પર બેચના જાઈઝ હે. ઈસ લિયે કે હુઝૂર ﷺને ઈન્સાન કે પાસ જો ચીઝ ન હો ઉસ કે બેચને સે મના ફર્માયા ઔર સલમ કી ઈજાઝત અતા ફર્માઈ.

"જો ચીઝ કે આદમી કી મિલ્ક મેં ન હો" ઉસ સે મુરાદ યે હે કે જિસ કા આદમી માલિક બનેગા અનક઼રીબ આને વાલે ઝમાને મેં. "મુસ્લિમ શરીફ" મેં હે :

"عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وآله وسلم: مَنِ ابْتَاعَ طَعَامًا فَلَا يَبِعْهُ حَتّٰى يَقْبِضَهٗ قَالَ اِبْنُ عِبَّاسٍ: وَأَحْسِبُ كُلَّ شَيْئٍ بِمَنْزِلَةِ الطَّعَام"

યાની : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને ફર્માયા કે અલ્લાહ કે રસૂલ ﷺને ઈર્શાદ ફર્માયા : જિસ ને કિસી ગલ્લે કો (યાની ગેહૂં, ચાવલ વગેરે) ખરીદા તો વોહ ઉસે ક઼બ્ઝા કરને સે પહલે ન બેચે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને ફર્માયા કે મેરા ખયાલ હે કે હર મન્કૂલ ચીઝ ગલ્લે હી કે હુકમ મેં હે.

હાં ! અગર રીટેઈલર (**Retailer**) માલ બનાને વાલે યા હોલ સેલર સે બેચને કી વકાલત (**Agency**) હાસિલ કર લે (જૈસા કે **Dropship with agency** મેં હોતા હે) તો અબ ઉસ કા બેચના ઔર દૂસરે કા ઉસ સે ખરીદના જાઈઝ હોગા ઔર રીટેઈલર અને કામ કે બદલે મેં મુક઼ર્રર ઉજરત ભી લે સકતા હે.

ઔર ઈ–કોમર્સ કી દૂસરી સૂરતેં શરઅન જાઈઝ હેં. હાં ! અગર ઉનમેં સે કિસી મેં મઝકૂરા ખરાબી પાઈ જાએ તબ વોહ નાજાઈઝ હોગી.

"અલ્જામિઅતુલ અશ્રફિયા–મુબારકપૂર" મેં ઈ–કોમર્સ કે હવાલે સે સેમીનાર હો ચુકા હે જિસ મેં સો સે ઝાઈદ ઓલમાએ કિરામ વ મુફ્તિયાને ઈઝામ શરીક હુએ થે, ઉસ કે ફૈસલે મુખ્તસરન યે હે :

**Dropshiping કા હુકમ** : જો સામાન અપની મિલ્ક મેં ન હો ઉસે બેચના નાજાઈઝ હે ઈસ લિયે દાનિસ્તા (જાનતે હુએ) ઐસે શખ્સ સે હરગિઝ સામન ન ખરીદેં ઔર ન રીટેઈલર બેચે. ઉસ કો ચાહીયે કે કંપની સે વકાલતે બૈયઅ હાસિલ કરે ફિર બૈયઅ કરે. ઈસ સૂરત મેં ઉસકા બેચના ઔર દૂસરે કા ઉસ સે ખરીદના જાઈઝ હોગા ઔર રીટેઈલર અપને કામ કે ઈવઝ મુક઼ર્રરા ઉજરત કા ભી હક઼દાર હોગા.

**B to C કા હુકમ** : ઈસ સૂરત મેં કંપની જો સામાન ફરોખ્ત કરતી (બેચતી) હે વોહ ઉસ કે સ્ટોક મેં મૌજૂદ હોતા હે ઈસ લિયે ઉસ કા બેચના ઔર સારિફીન (ઈસ્તેમાલ કરને વાલોં) કા ઉસ સે ખરીદના જાઈઝ હે. હા ! યે લિહાઝ ઝરૂરી હે કે મુશ્તરી (ખરીદનેવાલા) કિસી મુઅતમદ વ ઝિમ્મેદાર કંપની સે હી ઈસ તરહ કા મુઆમલા કરે ઈસ બૈયમેં મુશ્તરી કો ખિયારે ઐબ વ ખિયારે રૂયત ભી હાસિલ હોગા.

**B to B કા હુકમ** : સામાન બનાનેવાલી કંપની કા ડિસ્ટ્રીબ્યૂટર (**Distributor**) સે, ઔર ઉસકા હોલ સેલર સે, ઔર હોલ સેલર કા રીટેઈલર સે ફરોખ્ત કરના જાઈઝ હે. *(માહનામા અશ્રફિયા, ડિસેમ્બર,૨૦૧૭)*

(૬) જાઈઝ હે બશરતે કે ખરીદનેવાલા જાનતા હો : અલ્લાહ તઆલા બેહતર ઈલ્મવાલા હે.

લખનાર : **(મુફ્તી) મુહમ્મદ સાબિર મિસ્બાહી**
*(ખાદિમુલ ઈફતા વત્તદરીસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ,*
*તા. ૧૩–૨–૨૦૧૮, ૨૬ જમાદિલ ઉલા, હિ.સ. ૧૪૩૯)*

# મેઅરાજ શરીફ
# એક અજોડ મો'જિઝો

*કાર્યાલય*

હુઝૂરે અક્દસ ﷺની વિશિષ્ટતાઓમાંથી એક ખાસ અને ખૂબ જ સ્પષ્ટ મોજિઝો એ છે કે અલ્લાહ તઆલાએ આપને અસ્રા અને મેઅરાજની ફઝીલતથી નવાઝયા, બીજા કોઈ પણ નબીને એ ફઝીલતથી નવાઝવામાં આવ્યા નથી. અને જ્યાં સુધી આપને પહોંચાડયા ત્યાં સુધી બીજા કોઈને નથી પહોંચાડયા. અને જે નિશાનીઓ તથા અજાયબીઓ આપને દેખાડી બીજા કોઈને બતાવવામાં આવી નથી.

*બદીદાહ આંચે અઝ દીદન બરૂં બૂદ*
*મપુર્સ અઝ માઝ કેફિયત કેહ ચૂં બૂદ*

બલ્કે જો (આદમ علیہ السلامથી લઈ ઈસા علیہ السلام) સુધીના સર્વ નબીઓની ફઝીલતો એકઠી કરવામાં આવે તો એનો એ ટોટલ આપણા આકાએ નામદાર ﷺની આ એક ફઝીલત (એટલે કે મેઅરાજ અને એમાં તજલ્લીઓ, ભેદો, હિકમતો, મહોબ્બતો અને નઝદીકી આપને જે મળી)ની બરાબર થઈ શકશે નહીં.

અસ્રાનો મતલબ કા'બા શરીફથી બયતુલ મુકદ્દસ સુધી રાતમાં જવાનું છે, અને મેઅરાજ બયતુલ મુકદ્દસથી આકાશોથી ઉપર જવાનું નામ છે. અસ્રા કુર્આન મજીદથી સાબિત છે, જેવું કે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

سُبْحٰنَ الَّذِیْۤ اَسْرٰی بِعَبْدِهٖ لَیْلًا مِّنَ الْمَسْجِدِ الْحَرَامِ اِلَى الْمَسْجِدِ الْاَقْصَا الَّذِیْ بٰرَكْنَا حَوْلَهٗ لِنُرِیَهٗ مِنْ اٰیٰتِنَا ؕ اِنَّهٗ هُوَ السَّمِیْعُ الْبَصِیْرُ۝

**અર્થાત** : "પાક છે તે જાત જે પોતાના બંદાને રાતના સમયે મસ્જિદે હરામથી મસ્જિદે અકસા સુધી લઈ ગયો, જેની આજુબાજુ અમે બરકતો આપી છે. એટલા માટે કે એને અમે અમારી કેટલીક અજાઈબીઓ અને નિશાનીઓ બતાવીએ. બેશક ! અલ્લાહ સાંભળનાર અને જોનાર છે."

*–(સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૧)*

આ આયત અસ્રાની સાબિતી માટે નક્કર દલીલ છે. અને એનો છેલ્લો ભાગ لِنُرِیَهٗ مِنْ اٰیٰتِنَا મેઅરાજ શરીફ તરફ ઈશારો છે એટલે કે મસ્જિદે અકસા સુધી લઈ ગયો, અને ત્યાંથી આસ્માનો પર લઈ જઈ ફરિશ્તાઓની દુનિયાની આશ્ચર્યજનક નિશાનીઓ અને અલ્લાહ પોતાની રબૂબિયતની નિશાનીઓ બતાવે. ફક્ત તે જ બાબતો પર હદ નથી જે મસ્જિદે અકસામાં જાહેર થઈ બલ્કે મસ્જિદે અકસા તો મેઅરાજની નિશાનીઓ માટે લઈ જવા માટેનું એક શરૂઆતનું સ્થળ છે. એ જ કારણે (કુર્આનમાં) શરૂ થવાના સ્થળનું વર્ણન આવ્યું છે. જેમ કે :–

فَكَانَ قَابَ قَوْسَیْنِ اَوْ اَدْنٰى ۚ فَاَوْحٰۤى اِلٰى عَبْدِهٖ مَاۤ اَوْحٰى ۝

**અર્થાત** : પછી બે કમાનની અંતરનો તફાવત રહી ગયો, એથી પણ નજીક. પછી વહી ફર્માવી પોતાના બંદાને જે વહી ફર્માવી.

*–(સૂરએ નજમ, ૫૩/૯)*

સહીહ તો એ છે કે અસ્રા અને મેઅરાજ શરીફ એ બન્ને શરીર મુબારકની સાથે જ જાગૃત હાલતમાં થયાં છે. તમામ સહાબા, તાબેઈન, મુહદ્દિસો, ફકીહો, ઉલ્માએ મુતકલ્લેમીન અને સૂફિયાએ કિરામનો એ જ અકીદો અને એ જ મઝહબ છે. અને કુર્આન મજીદથી પણ એ જ સાબિત છે. કારણ કે આયતે કરીમા سُبْحٰنَ الَّذِیْۤ اَسْرٰی بِعَبْدِهٖમાં અબ્દ (બંદા) શબ્દ આવેલો છે. અને અબ્દ શરીર અને રૂહ બન્નેના સાથે હોવાને કહેવામાં આવે છે. કુર્આન મજીદમાં જ્યાં પણ કોઈ માણસ માટે عَبْد 'અબ્દ' શબ્દ વાપરી

સંબોધન કરવામાં આવ્યું છે તો ત્યાં રૂહ અને શરીર બન્નેવ જ મતલબ છે. દા.ત. સૂરએ મરયમમાં છે : ذِكْرُ رَحْمَتِ رَبِّكَ عَبْدَهٗ زَكَرِيَّا ''આ બયાન એ રહમતનું છે જે પરવરદિગારે પોતાના બંદા ઝકરિય્યા પર કરી હતી.'' *–(સૂ. મરયમ, ૧૯/૨)*

અહીં અબ્દથી ચોક્કસ હઝરત ઝકરિય્યા عليه السلامની રૂહ અને શરીર સાથે જ મક્સદ છે. સૂરએ જિન (૭૨/૧૯)માં છે :–

وَّاَنَّهٗ لَمَّا قَامَ عَبْدُ اللّٰهِ يَدْعُوْهُ كَادُوْا يَكُوْنُوْنَ عَلَيْهِ لِبَدًا

**અર્થાત** : અને એ કે જ્યારે અલ્લાહના બંદા મુહમ્મદ ﷺ અલ્લાહની બંદગી કરવા માટે ઉભા થયા તો જિન્નાતોનાં ટોળેટોળાં પડાપડી કરે છે (જેથી તેઓ કુર્આન સાંભળે). આ આયતમાં અબ્દથી મતલબ શરીર અને રૂહે અન્વર છે.

એવી જ રીતે ઉપર (સૂરએ બની ઈસ્રાઈલ)ની આયત જેની આપણે ચર્ચા કરી રહ્યા છીએ તેમાં પણ અબ્દથી મતલબ શરીર અને રૂહનો સંગમ છે. એથી ચમકતા સૂર્યના પ્રકાશની જેમ મેઅરાજે જિસ્માની (શરીર મુબારક સાથે જ) થવાની સાબિતિ થઈ ચૂકી છે. અસંખ્ય સહીહ હદીષો કે જે તવાતુરની હદ (જેના એક એક રાવીઓ સાચા, વચમાંથી કોઈ કડી ન તૂટી ન ખામી વાળી હોય) સુધી પહોંચેલી છે તેનાથી પણ એ જ સાબિત થાય છે. જો ખ્વાબમાં મેઅરાજ થઈ હોત તો કાફિરો એનો ઈન્કાર કદી ન કરતે, અને કેટલાક કમજોર ઈમાનવાળાઓ પણ એ ફિત્નામાં પડત નહીં. કેમ કે સ્વપ્નમાં તો ઘણીવાર જોવામાં આવે છે. સ્વપ્નમાં આપણે એક ઘડીકમાં પૂર્વ હોય તો તરત એક સેકંડમાં હજારો માઈલ દૂર પશ્ચિમમાં પહોંચી જઈએ છીએ. ફિલોસોફરો અને પોતાની બુધ્ધિના તાબેદારોના જે વાંધાઓ છે તે સર્વેના જવાબ ''اَسْرٰى بِعَبْدِهٖ'' (પોતાના બંદાને રાતના સમયે લઈ ગયો)થી મળી જાય છે. કારણ કે લઈ જનાર તો ખુદા છે જે કાદિરે મુત્લક્ સર્વ શક્તિમાન છે, તમામ ખામીઓ, નુકસાનો, મજબૂરીઓથી પાક પવિત્ર છે. બસ જો તે પોતાના બંદા હઝરત મુહમ્મદ મુસ્તફા, અહમદે મુજતબા, સય્યદે વલદે આદમ (આદમની عليه السلام તમામ ઔલાદના સરદાર) ﷺને પવિત્ર શરીર મુબારક સાથે જાગૃત હાલતમાં રાતના એક ભાગમાં કા'બા શરીફથી મસ્જિદે અકસા (બયતુલ મુક્દસ) સુધી અને બૈતુલ મુક્દસથી આકાશો અને તેનાથી પણ ઉપર જ્યાં સુધી ઈચ્છયું લઈ ગયો તો એમાં કઈ અશક્યતાઓ આવી જાય છે ?! وما ذٰلك على الله بعزيز.

## નબી ચલે મેઅરાજકો

*વો સરવરે કિશ્વરે રિસાલત, જો અર્શ પર જલ્વાગર હુએ થે*
*નયે નિરાલે તરબ કે સામાં, અરબ કે મેહમાન કે લિએ થે*

*બહાર હૈં શાદિયાં મુબારક, ચમન કો આબાદિયાં મુબારક*
*મલક ફલક અપની અપની લયમેં, યહ ઘર અનાદિલ કા બોલતે થે*

*વહાં ફલક પર યહાં ઝમીંમેં, રચી થી શાદી મચી થી ધૂમેં*
*ઉધરસે અન્વાર હંસતે આતે, ઈધરસે નફહાત ઉઠ રહે થે*

*યહ છૂટ પળતી થી ઉન્કે રુખ કી, કે અર્શ તક ચાંદની થી*
*વો રાત કયા ઝગમગા રહી થી, જગા જગા નસ્બ આઈને થે*

*નઈ દુલ્હન કી ફબનમેં કા'બા, નિખરકે સંવરા સંવર કે નિખરા*
*હજર કે સદકે મેં કમર કે ઈક તિલમેં, રંગ લાખોં બનાવ કે થે*

*નઝરમેં દુલ્હા કે પ્યારે જલ્વે, હયાસે મેહરાબ સર ઝુકાએ*
*સિયાહ પર્દે કે મુંહ પર આંચલ, તજલ્લી ઝાત બહ્તસે થે*

*ખુશી કે બાદલ ઉમંડ કે આયે, દિલોં કે તાઊસ રંગ લાયે*
*વો નગ્મએ નઅત કા સમાં થા, હરમ કો ખૂદ વજ્દ આ રહે થે*

*યે ઝુમા મીઝાબે ઝરકા ઝુમર, કે આ રહા કાન પર ઢલક કર*
*ફૂહાર બરસી તો મોતી ઝળકર, હતીમ કી ગોદમેં ભરે થે*

*ગુબાર બનકર નિષાર જાઍં, કહાં અબ ઉસ રહગુઝર કો પાઍં*
*હમારે દિલ, હુરીયોં કી આંખેં, ફરિશ્તોં કે જહાં પર બિછે થે*

*નબીએ રહમત શફીએ ઉમ્મત, **'રઝા'** પે લિલ્લાહ હો ઈનાયત*
*ઉસે ભી ઉન ખિલ્અતોંસે હિસ્સા, જો ખાસ રહમત કે વાં બટે થે*

# ૨૭ રજબે મેઅરાજ વિશે... મશ્હૂર મુહદ્દિષોનાં કથનો

કાર્યાલય

૨૭ રજબે શબે મેઅરાજ મનાવવા વિશે તથા તેમાં ઈબાદત કરવા વિશે તથા તે દિવસના રોઝા વિશે બદ્અક઼ીદા વહાબી દેવબંદીઓ તરફથી અવાર નવાર વાંધાઓ ઉઠાવવામાં આવે છે. જેના નિવારણ માટે નીચેનો જવાબ અત્રે રજૂ કરીએ છીએ જેથી આવા મોક઼ા પર સુન્ની હઝરાત તેઓના શૈતાની વસવસાથી મહેફૂઝ રહી શકે.

**અલ્ જવાબ** : اَللّٰھُمَّ ھِدَایَۃَ الْحَقِّ و الصَّوَابِ મઅરાજુન્નબીનો દિવસ એક પવિત્ર તથા ઐતિહાસિક દિવસ છે જેની રાતમાં અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા નબીને તે કુર્બ (નિકટતા) અર્પણ કર્યો કે અન્ય અંબિયાને એ કુર્બ અતા ન થયો. અને શબે મેઅરાજના રોજ નબી ﷺએ માથાની આંખો વડે જાગૃતાવસ્થામાં પોતાના રબનો દીદાર કર્યો અને એ રાતમાં નમાઝનો તોહફો આપવામાં આવ્યો. આવા મુક઼દ્દસ તથા ઐતિહાસિક દિવસોને **ઐયામિલ્લાહ** (અલ્લાહના દિવસો) કહેવામાં આવે છે, જેને યાદ કરવાનો અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો. ઈર્શાદે ખુદાવંદી છે : وَذَکِّرْھُمْ بِاَیَّامِ اللّٰہِ ''અલ્લાહના દિવસોની ચર્ચા કરો.'' *(પારા–૧૩, રુકૂઅ–૧૩)*

અને યાદ કરવાની વિવિધ સ્થિતિઓ છે : તે દિવસે રોઝો રાખીને, ખાસ ઈબાદતોની વ્યવસ્થા કરીને અથવા તો જલસો કે ઝિક્રની મેહફિલ ગોઠવીને. અને એ સમયોમાં વર્ણવેલ કાર્યો કરવાની **મનાઈની કોઈ દલીલ જ્યાં સુધી ન મળી જાય ત્યાં સુધી** એ કાર્યો પોતાની અસલના એ'તબારથી **જાઈઝ** થશે.

એ સહીહ છે કે મેઅરાજની તારીખ, મહિના તથા સાલમાં ઉલમાએ સિયર તથા મુહદ્દિષો વચ્ચે જબદસ્ત મતભેદ છે. મેઅરાજ બઅષત (નબુવ્વતના એલાન) પછી હિજરત પહેલાં કે હિજરત પછી થઈ ? વળી બઅષત પછી હિજરત પહેલાં કેટલા વરસો પહેલાં થઈ ? એમાં પણ વિવિધ કથનો છે, વળી મહિનામાં પણ મતભેદ છે. કોઈકે રબીઉલ અવ્વલ, કોઈકે રબીઉલ આખર, કોઈએ રજબ, કોઈએ રમઝાન, કોઈએ શવ્વાલ કહ્યું.

પણ અધિક મજબૂત તથા મશ્હૂર એ છે કે બઅષત પછી હિજરત પહેલાં ૨૭ રજબની રાતમાં થઈ. મહાન મુહદ્દિષ હાફિઝ અબ્દુલગની મુક઼દસી એ એને જ અપનાવેલ છે. **મવાહિબે લદુન્નિયા**માં છે :

كَانَ لَيْلَةَ السَّابِعِ وَالْعِشْرِيْنَ مِنْ رَجَبٍ۔ وَاَخْتَادَهٗ الحَافِظُ عَبْدُ الغَنِىِ بِنْ سَرُوْرُ اَلْمُقَدَّسِىُ

**(અર્થ)** : ''મેઅરાજ ૨૭ રજબની રાતમાં થઈ. હાફિઝ અબ્દુલગની મુક઼દસીએ એને અપનાવેલ છે.''

આ ક઼ૌલ હેઠળ **ઝુર્કાની અલલ્ મવાહિબ**માં છે :

وَعَلَيْهِ عَمَلُ النَّاسِ : قَالَ بَعْضُهُمْ : وَهُوَ الْاَ قُوىٰ فَاِنَّ الْمَسْئَلَةَ اِذَا كَانَ فِيْهَا خِلَافٌ لِلْسَلَفَ وَلَمْ يَقُمْ دَلِيْلٌ عَلىٰ التَّرْجِيْحِ وَ اِقْتَرَنَ الْعَمَلُ بِاَحَدِ الْقَوْلَيْنِ اَوِالْاَقْوَالُ وَ تَلَقّٰى بِالْقُبُوْلِ فَاِنَّ ذٰلِكَ مِمَّا يَغْلُبُ عَلىٰ الظَّنِّ كَوْنُهٗ رَاجِحًا۔

**(અર્થ)** : ''૨૭ રજબવાળા ક઼ૌલ (કથન) પર લોકોનો અમલ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું, આ જ કથન અધિક મજબૂત છે, કેમ કે જે મસ્અલામાં સલફ (પૂર્વજ બુઝુર્ગો)નો મતભેદ હોય અને અગ્રતા માટે

કોઈ દલીલ કાયમ ન થાય અને કોઈ એક કૌલની સાથે અમલ લાગુ થઈ જાય અને તેને કબૂલિયત હાંસલ થાય તો અધિક્તર ગુમાન એ છે કે એ જ રાજેહ (પસંદીદા) છે."

*–(ઝુર્કાની અલલ મવાહિબ, ભાગ–૨, પેજ–૭૧)*

એટલે કે ૨૭ રજબવાળા કથન પર લોકોનો અમલ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું, એ જ કૌલ અધિક મજબૂત છે. કેમ કે જે મસ્અલામાં સલફ (પૂર્વજ બુઝુર્ગો)નો મતભેદ હોય અને અગ્રતા આપવા માટે કોઈ દલીલ સ્થાપિત ન થાય અને કોઈ એક કૌલ સાથે અમલ લાગુ થઈ જાય અને તેને કબૂલિયત હાંસલ હોય તો અધિક્તર ગુમાન એ છે કે એ જ રાજેહ (પસંદીદા) છે.

અને વહાબીઓ દેવબંદીઓનું એ કહેવું કે, "હુઝૂરની જિંદગીમાં મેઅરાજની રાત વિવિધ વાર આવી, સહાબીઓની જિંદગીમાં કેટલીયેવાર આવી, પણ તે હઝરાતે કદી શબે મેઅરાજ ન મનાવી અને ન કદી મનાવવાનો હુકમ આપ્યો, એટલા માટે એ બેઅસ્લ છે."....**પ્રથમ** તો તેને બેઅસ્લ કહેવું વહાબીઓની જેહાલત છે. નીચે અમે અમુક રિવાયતો નકલ કરીએ છીએ જેનાથી સ્પષ્ટ થઈ જશે કે એના માટે અસ્લ (મૌજૂદ) છે.

**બીજુ** કે એ હઝરાતે જશ્ને મેઅરાજુન્નબી મનાવવાથી મના ક્યારે કર્યુ ? વહાબી એને સાબિત કરી આપે ! અને **જ્યારે વસ્તુમાં અસલ અબાહત (મુબાહ હોવું) છે તો અસલના એ'તબારથી જાઈઝ હોવાનો હુકમ થશે.**

**ત્રીજુ** એ કે જો વહાબીઓને દરેક કામ માટે અસલની જરૂરત હોય તો પછી બતાવે કે દારુલ ઉલૂમ દેવબંદનો "સદ સાલા જશ્ન" (શતાબ્દીનો જશ્ન) મનાવવામાં આવ્યો તેની શું અસ્લ છે ? શું કુરૂને પલાષા (રસૂલ, સહાબા, તાબઈના જમાના)માં આ પ્રકારનો કોઈ "સદ સાલા જશ્ન" થયો હતો ? હવે અમે એ રિવાયતોને વર્ણવીએ છીએ જેનાથી શબે મેઅરાજના રોજ ખાસ ઈબાદતોની વ્યવસ્થા કરવાની તથા ૨૭ રજબે નફલી રોઝો રાખવાની સાબિતી પૂરી પડે છે.

## ૨૭ રજબે ઈબાદત તથા રોઝાની સાબિતી

'બયહકી' તથા 'શોઅબુલ ઈમાન' તથા દયલમીએ 'મુસ્નદુલ ફિરદોસ'માં સલ્માન ફારસી رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત કરી કે :–

فِی رَجَبٍ یَوُمٌ وَلَیُلَةٌ مَن صَامَ ذٰلِكَ الیُوَمَ وَقَامَ تِلُكَ اللَّیُلَةَ کَانَ کَمَنُ صَامَ الدَّهُرَ مِأَةَ سَنَةٍ وَهُوَ لَثَلٰثٌ بَقِیُنَ مِنُ رَجَبٍ وَفِیُهِ بَعَثَ اللّٰهُ تَعَالیٰ مُحَمَّداً صلی اللہ علیہ وسلم قَالَ البَیُهَقِی مُنُکِرٌ

**"રજબમાં એક દિવસ અને એક રાત છે, જે એ દિવસનો રોઝો રાખે અને તે રાત નવાફિલ (નફલો પઢવામાં) પસાર કરે તે સો (૧૦૦) વરસના રોઝાઓ તથા સો (૧૦૦) વરસની શબ બેદારીના સમાન થશે અને તે ૨૭ રજબ છે.** એ જ તારીખે અલ્લાહ عزوجلએ મુહમ્મદ صلی اللہ علیہ وسلمને મબઊષ કર્યા.

તેમજ એમાં જ અબાન ઈબ્ને અયાશના તરીકાથી હઝરત અનસ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત પામેલ છે :–

فِی رَجَبٍ لَیُلَةٌ یُکُتَبُ فِیُهَا لِلُعَامِلِ حَسَنَاتِ مِأَةَسَنَةً وَذٰلِكَ لَثَلٰثُ بَقِیُنَ مِنُ رَجَبٍ فَمَنُ صلیٰ فِیُهِ اثُنَتٰی عَسُرَةَ رَکُعَةً یَقُرَءُ فِی کُلِّ رَکُعَةٍ فَاتِحَةَ الُکِتَابِ وسُوُرَةً مِنَ الُقُرآنِ وَیَتَشَهَّدُ فِی کُلِّ رَکُعَةٍ وَیُسَلِّمُ فِی آخِرِهِنَّ ثُمَّ یَقُوُلُ سُبُحَانَ اللّٰهِ وَالُحَمُدُ لِلّٰهِ وَلاَ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَکُبَرُ مِأَةَ مَرَّةً وَ یَسُتَغُفِرُ مِأَةَ مَرَّةً وَیُصَلِّی عَلیٰ النَّبِی صلی اللہ علیہ وسلم مِأَةَ مَرَّةً وَیَدُ عُوُلِنَفُسِهِ بِمَا شَاءَ مِنُ دُنُیَاهِ او آخِرَتِهِ وَیُصُبِحُ صَائِماً فَاِنَّ اللّٰهَ یَسُتَجِبُ دُعَاءَ هُ کُلَّهُ اِلَّا اَنُ یَدُعُوُن فِی مَعُصِیَةِ۔

**"રજબમાં એક રાત છે કે એમાં નેક અમલ કરવાવાળાને સો (૧૦૦) વરસની નેકીઓનો સવાબ છે અને તે રજબની ૨૭મી રાત છે. જે એમાં બાર રકાતો પઢે, દરેક રકાતમાં સૂરએ ફાતિહા અને એક સૂરત અને દરેક બે રકાત પર અત્તહિય્યાત અને છેવટમાં સલામ બાદ :–**

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ

***સુબ્હાનલ્લાહિ વલ્ હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર*** **સો વાર, ઈસ્તિગફાર સો વાર, દુરૂદ સો વાર. અને પોતાની દુનિયા તથા આખેરતથી જે ચીજની ચાહે દુઆ માંગે અને સવારે રોઝો રાખે તો અલ્લાહ તઆલા તેની સર્વ દુઆઓ કૂબૂલ ફર્માવે.**

قَالَ الْبَيْهَقِىُ هُوَا اَضْعَفُ مِنَ الَّذِىْ قَبْلَهُ قَالَ اِبْنُ هَجَرٍ فِيْهِ مُتَّهِمَانِ

'ફવાઈદુન્નિહાદ'માં અનસ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત થયેલ છે :–

بُعِثْتُ نَبِيًّا فِى السَّابِعِ وَالْعِشْرِيْنَ مِنْ رَجَبٍ مَنْ صَامَ ذٰلِكَ الْيَوْمَ وَدَعَا عِنْدَ اِفْطَارِهٖ كَانَتْ كَفَّارَةً عَشَرَ سِنِيْنَ

**(અર્થ) : "સત્તાવીસ (૨૭) રજબે મારી બઅષત થઈ, જે એ દિવસનો રોઝો રાખે અને ઈફતારના વખતે દુઆ કરે તે દસ વરસના ગુનાહોનો કફ્ફારો બનશે."** اَسْنَادُهٗ مُنْكَرٌ

જુઝએ અબૂ મઆઝ મરૂઝીમાં શહર ઈબ્ને હવશબના તરીક઼ાથી અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત થયેલ છે :–

مَنْ صَامَ يَوْمَ سَبْعٍ وَعِشْرِيْنَ مِنْ رَجَبٍ كَتَبَ اللّٰهُ لَهٗ صِيَامَ سِتِّيْنَ شَهْراً وَهُوَ الْيَوْمُ الَّذِىْ هَبَطَ فِيْهِ جِبْرَئِيْلُ عَلٰى مُحَمَّدٍ ﷺ بِالرِّسَالَةِ۔

**"જે રજબની ૨૭નો રોઝો રાખે તો અલ્લાહ તઆલા તેના માટે ૬૦ મહિનાના રોઝાઓનો સવાબ લખે,** અને તે એ દિવસ છે જેમાં જિબ્રઈલ علیہ السلام મુહમ્મદ ﷺના માટે પયગંબરી લઈને નાઝિલ થયા. 'તન્ઝીહુશ્શરીઅહ્'થી 'મા ષબત બિસ્સુન્નહ્'માં છે : وَهٰذَا اَمْثَلُ مَا وَرَدَ فِىْ هٰذَ الْمَعْنٰى "આ તે સર્વ હદીષોથી બેહતર છે જે આ પ્રકરણમાં આવી."

આ સર્વ એના માટે (શબે મેઅરાજ ૨૭ રજબ તથા તેની ઈબાદતો રોઝા માટે) અસ્લ છે. અને અમલોની ફઝીલતોમાં ઝઈફ હદીષ ઉમ્મતના ઈજમાઅ સાથે મક઼બૂલ (સ્વીકાર્ય) છે.

*–(માખૂઝ અઝ ફતાવા રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૬૫૭)*

**લખનાર : (મુફતી) શમ્શાદ અહમદ મિસ્બાહી**

*(ખાદિમુલ ઈફતા વ તદરીસ : જામિઆ અમજદિયા રઝવિય્યહ, ઘોસી, જિ. મઊ)*

## અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીનું નાપા તથા હાડગુડમાં આગમન

**નાપા** : (જિ. આણંદ) ખાતે ૨૦–૨–૨૦૧૮ મંગળવારે રાત્રે ઈશાની નમાઝ બાદ પઠાણ મુસ્તફાખાનના નેક ફરઝંદ આરિફખાનના, પઠાણ હફીઝુલ્લાહખાનની નેક દુખ્તર ફરનાઝબાનુ સાથે નિકાહના મોક઼ા પર હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ હાજરી આપી શાદીના વિષયને લગતું ઈમાન અફરોઝ ઈસ્લાહી બયાન કર્યું હતું. તેમજ તા. ૨૬–૨–૨૦૧૮ સોમવારે હાડગુડ મુકામે સૈયદ રિયાઝ અલીના નેક ફરઝંદ સૈયદ રિયાઝઅલીના નિકાહ જનાબ હાફિઝઅલી સૈયદની નેક દુખ્તર શબનૂરબાનુ સાથે કરવામાં આવ્યા. હઝરતે હાજરી આપી અસર બાદ નિકાહ પઢાવી મુખ્તસર બયાનમાં પતિ પત્નીના હક્ક઼ સંબંધે નસીહત કરી હતી.

*–સૈયદ અબ્દુર્રઊફ (હાડગુડ)*

# શબે મેઅરાજના નવાફિલ

કાર્યાલય



★ **૧૨ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી પાંચવાર **કુલ્ હુવલ્લાહ**. ૧૨ રકાત પઢયા બાદ ૧૦૦ વાર કલ્મએ તમજીદ, ૧૦૦ વાર ઈસ્તિગફાર, ૧૦૦ વાર દુરૂદ શરીફ. **ફઝીલત** : જે દુઆ કરે ઈન્શાઅલ્લાહુ તઆલા કૃબૂલ થશે.

★ **૬ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. છ રકાત પઢયા બાદ ૫૦ વાર દુરૂદ શરીફ પઢે. **ફઝીલત** : તમામ દીની તથા દુનિયવી હાજતો પૂરી થશે અને ૭૦ હજાર ગુનાહ માફ થશે.

★ **૨ રકાત** : દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૨૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે અને કૃાઈદામાં અત્તહિય્યાત પછી ૨૭ વાર દુરૂદે ઈબ્રાહીમ પઢે. સલામ બાદ તેનો હદિયો હુઝૂર ﷺની બારગાહમાં પેશ કરવાની સઆદત હાંસલ કરે. ખૂબ ભલાઈઓ પામશે.

★ **૨ રકાત** : પ્રથમ રકાત **અલ્હમ્દુ** પછી **સૂરએ અલમનશ્રહ**, બીજી રકાતમાં **અલ્હમ્દુ** પછી **લિઈલાફ** પઢે. **ફઝીલત** : આ નમાઝ પઢ વાથી ઔલિયાની સાથે નમાઝ પઢવાનો સવાબ મળે છે.

★ **૧૦ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ત્રણવાર **સૂરએ કાફિરૂન**, બે વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. દસ રકાત પછી એકવાર કલ્મએ તૌહીદ પઢે પછી આ દુઆ પઢે :–

اَللّٰهُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِهِ للطَّاهِرِیْنَ
وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِیِّ الْعَظِیْمِ۔

*(અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વઅલા આલિહિ ત્તાહિરીન વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ અઝીમ.*

**ફઝીલત** : અલ્લાહ તઆલા દરેક રકાતને બદલે ૧૦૦૦ રકાતનો સવાબ અતા કરશે.

★ **ગુસ્લની ફઝીલત** : હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે કોઈ રજબની પહેલી, પંદરમી અને સત્તાવીસમીએ ગુસ્લ કરશે તો તે ગુનાહોથી એવો પાક થઈ જશે, જાણે કે આજે જ પેદા થયો હોય.

★ **રોઝાની ફઝીલત** : જે કોઈ ૨૭ મી રજબે રોઝો રાખે તેને જન્નતની એક નહેરથી પાણી પીવડાવવામાં આવશે જે મધથી અધિક મીઠુ, બરફથી અધિક ઠંડુ અને દૂધથી અધિક સફેદ હશે. અને અલ્લાહ તઆલા તેને દોઝખની આગથી બચાવી લેશે અને તેને જન્નતથી સરફરાઝ ફર્માવશે. *–(મુસ્લિમ ટાઈમ્સ ઉર્દૂ અઠવાડિક–મુંબઈ, ૬ થી ૧૨ ઓગસ્ટ–૨૦૦૭)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# શબે બરાતની ઈબાદતો

—કાર્યાલય

શાબાનના પૂરા મહિનાની ઘણી જ ફઝીલત છે. પણ ખાસ કરીને ૧૫ મી શાબાન અતિ ફઝીલતવાળી રાત છે. હદીષ શરીફમાં છે કે શાબાનની ૧૫ મી રાતમાં ખુદાએ ઝુલ જલાલ રહમત નાઝિલ ફર્માવે છે અને ફરિશ્તાઓ અલ્લાહ તઆલા સમક્ષ વર્ષભરનાં આમાલનામાં રજુ કરે છે. ત્યારબાદ અહકમુલ હાકિમીન પોતાની રહમતથી બંદાઓને પ્યારુ સંબોધન કરે છે : ''ખબરદાર ! છે કોઈ **મગફેરત** માંગનાર કે હું તેના ગુનાહોને બખ્શી દઉં. ખબરદાર ! છે કોઈ **રોજી માંગનાર** કે હું તેને રોજી આપુ. ખબરદાર ! છે કોઈ **મુસીબતમાં સપડાયેલો** કે હું તેને રાહત બખ્શું. ખબરદાર ! છે કોઈ આવો આવો............(છેવટ સુધી).

**હે પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** શું તમે મગફેરત નથી ચાહતા ? શું રોજીની તમને તલબ નથી ? શું તમારે મુસીબતો નથી દૂર કરવી ? તો આવો ! અને આજે આ રાતને હરવા ફરવા, ટોળે મળી ગપ્પાં હાંકવા કરતાં અલ્લાહની ઈબાદતમાં રાત ગુજારો.

## ::: શબે બરાતના નફ્લ :::

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું છે કે, ''જ્યારે શાબાનની ૧૫ મી રાત્રી હોય ત્યારે નવાફિલ પઢો અને ૧૫ મીના દિવસે રોઝો રાખો નિઃશંક ! તે રાત બરકતવાળી છે.

- ❒ ૧૪ મી શાબાનના ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત)ના સમયે ૪૦ વાર **''લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ અલીય્યીલ અઝીમ''** પઢે અને ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે.
- ❒ **મગરિબની નમાઝ બાદ** છ રકાત નફ્લ નમાઝ બે બે રકાતની નિય્યતથી પઢે.
- ❒ પ્રથમ બે રકાત ઉમર દરાજીની નિય્યતથી, બીજી બે રકાત રોઝીની કુશાદગીની નિય્યતથી અને ત્રીજીવખતની બે રકાત દર્દો મુસીબતો બલાઓ, દૂર થવાની નિય્યતથી પઢે તેમ જ યાસીન શરીફની તિલાવત કરે.
- ❒ આ મુબારક રાત્રીએ ગુસલ કરે અને બે રકાત નમાઝ પઢે ઘણો જ સવાબ મળશે.
- ❒ **ઈશાની નમાઝ બાદ** આઠ રકાત નફ્લ નમાઝ બે–બે રકાતની નિય્યતથી અદા કરે. દરેક રકાતમાં અલ્હમ્દુ પછી સૂરએ કુલ્હુવલ્લાહુ અહદ પાંચ વખત પઢે.આ નમાઝ પઢનાર ગુનાહોથી પાક સાફ થશે અને તેની દુઆઓ કબૂલ થશે તેમ જ ઘણો મોટો સવાબ પ્રાપ્ત થશે.
- ❒ ચાર રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં અલહમ્દુ પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૫૦ વાર પઢે.
- ❒ બે રકાત નમાઝ પઢે દરેક રકાતમાં અલ્હમ્દુ પછી આયતુલ કુર્સી એકવાર અને સૂરએ ઈખ્લાસ ૧૫ વાર પઢે સલામ ફેરવ્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે. આ નમાઝ પઢવાવાળાની રોઝીમાં બરકત થશે તેમજ દુઃખ દર્દથી રક્ષણ મળશે અને ગુનાહોથી બખ્શિશ થશે.
- ❒ ૧૪ રકાત નમાઝ બે–બે રકાતની નિય્યતથી પઢે નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે અને દુઆ માંગે. ઈન્શાઅલ્લાહ કબૂલ થશે.
- ❒ આ મુબારક રાત્રીએ બે–બે રકાતની નિય્યતથી ૧૦૦ રકાત નફિલ નમાઝ પઢે જેમાં સૂરએ ફાતેહા (અલહમ્દુ) પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૧૦ વાર પઢે. આ નમાઝને ''સલાતુલ ખૈર'' કહે છે.

આ નમાઝ બાબત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ એ રિવાયત કરી છે કે, ત્રીસ સહાબીઓએ મને કહ્યું કે, ''જે વ્યક્તિ આ નમાઝને આ રાતમાં પઢશે અલ્લાહ તઆલા તેની તરફ ૭૦ વખત નિહાળશે અને દરેક નઝરના બદલામાં તેની ૭૦ હાજતો પૂરી કરશે જેમાં બધાથી ઉત્તમ મગફેરત છે. (ઈન્શાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ !)

# તાવીઝ લેખન...

## ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની નજરમાં

*અઝ : મૌલાના ઈફતેખારુલ હસન રઝવી (સઊદી અરબ)*

*અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*

જ્યારથી અમે બજારૂ આમિલો, જાહિલ પીરો તથા તાવીઝના વેપારીઓના રદમાં "દઅવતે કુર્આન"ના હેઠળ ફી સબીલિલ્લાહ રૂહાની ઈલાજનો ક્રમ શરૂ કર્યો છે તે સમયથી દિન પ્રતિ દિન એવા લોકો અમારી પાસે પહોંચે છે જેમને એવા જ શરીઅત દુશ્મન આમિલોએ ખરાબ કરી રાખેલા હોય છે. હાલમાં જ એક બ્રિટનના ખાનદાની વ્યક્તિઓ કે જેઓ જાદૂ તથા જિન્નાત સહિત ન જાણે કાંઈ કેટલી બીમારીઓમાં સપડાયને એક કાદરી રઝવી કહેવડાવનાર બની બેઠેલા આમિલની પાસે પહોંચ્યા. એ આમિલ સાહબે પોતાના ફાઈવ સ્ટાર લકઝરી રૂમમાં બેસીને જિન્નત કાઢીને બાદમાં અમુક તાવીઝો આપતાં સૂચના આપી કે આ તાવીઝોને દરરોજ પોતાના ઘરમાં સાત સાત વાર જોડા મારીને સળગાવજો.

ભલુ થાય એ ખાનદાનની એક ગૈરતમંદ છોકરીનું કે તે બાળકીના દિમાગમાં સવાલ ઉભર્યો કે જો આ આમિલ શરીઅતનો પાબંદ છે તો આવો ગૈર કુર્આની તથા સુન્નત વિરૂધ્ધનો અમલ નથી આપી શકતો. અને જો આ અમલ કુર્આની આયતો તથા નબવી દુઆઓ પર આધારિત છે તો તેને જોડા (ખાસડુ) મારવું તૌહીન તથા ગુસ્તાખી છે ! જેથી પૂરા ખાનદાને સહમતિએ નક્કી કર્યું કે તે તા'વીઝ કોઈ શરીઅતના પાબંદ આમિલને બતાવવામાં આવે. મારા દોસ્ત હાજી અમજદ નવાઝ (શેફિલ્ડ, બ્રિટન)ની મારફત એ તાવીઝ મારા સુધી પહોંચ્યું તો એ તાવીઝ પર طاسوسا، عاسوسا، ماسوسا (તાસૂસા, આસૂસા, માસૂસા) વગેરે વગેરે લખેલ હતું.

હવે મને અહીં ઈમામ અહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત સૈયદના અશશાહ ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہનો ફત્વો યાદ આવ્યો કે જે આ કહેવાતા કાદરી રઝવી આમિલને પણ યાદ હોવો જોઈતો હતો. એને વાંચો અને સમજો કે ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہએ આ પ્રકારના જૂઠા આમિલો તથા ગૈર શરઈ તાવીઝ લખનારાઓની સુધારણાના માટે એક સદી પહેલાં ફત્વો બહાર પાડયો હતો. એક પ્રશ્નકર્તાએ આપને પૂછયું કે :–

**સવાલ** : શું ફર્માવે છે દીનના ઉલમા આ મસ્અલામાં કે અમલિયાત એટલે કે તાવીઝો વગેરે કિતાબોથી કરવું હક્ક છે કે બાતિલ ? કઈ રીતે જાઈઝ અને કઈ રીતે નાજાઈઝ છે, તે જણાવશો.

આ સવાલ જયારે ઈમામે અહલે સુન્નતની બારગાહમાં પહોંચ્યો તો આપે એનો એક તહકીકી જવાબ લખતાં આ પ્રમાણે ઈર્શાદ ફર્માવ્યો :

**જવાબ** : અમલિયાત તથા તાવીઝો અસ્માએ ઈલાહી તથા કલામે ઈલાહીથી જરૂર જાઈઝ છે જ્યારે કે એનામાં કોઈ તરીકો શરીઅતની વિરૂધ્ધનો ન હોય. દા.ત. કોઈ શબ્દ અર્થ વિનાનો (ન હોય) જેમ કે حقیظی،رمضان، کعسلھون (હકીઝની, રમઝાન, કઅસલ્હૂન) તથા દુઆએ તાઊનમાં طاسوسا، عاسوسا، ماسوسا (તાસૂસા, આસૂસા, માસૂસા) એવા શબ્દોની ઈજાઝત નથી, જ્યાં સુધી હદીષ તથા આષાર કે મશાઈખના વિશ્વસનીય અકવાલથી સાબિત ન હોય. એ જ પ્રમાણે "દફએ સરઅ" (ખેંચની બીમારી દૂર કરવા) વગેરેનાં તાવીઝ કે મરગીના લોહીથી લખે છે, એ પણ નાજાઈઝ છે, એના બદલે મુશ્કથી લખે કે તે પણ અસલમાં લોહી છે. એ જ પ્રમાણે "હુબ્બ તથા તસ્ખીર" (મહોબ્બત કરતો તથા આજ્ઞાંકિત બનાવવા)ના માટે અમુક તાવીઝો દરવાજાના ઉંબરામાં દફન કરે છે કે આવતાં જતાં એના પર પગો પડે, આ પણ મના તથા અદબની વિરૂધ્ધ છે. એ જ પ્રમાણે તે હેતુ જેના માટે એ તાવીઝ તથા અમલ કરવામાં આવે તે શરીઅત જો વિરૂધ્ધનો હોય તો નાજાઈઝ થઈ જશે. જેમ કે સ્ત્રીઓ "તસ્ખીરે શોહર" (પતિને આજ્ઞાંકિત બનાવવા)ના માટે

તાવીઝ કરાવે છે એ શરીઅતના હુકમના વિરુદ્ધ છે. અલ્લાહ ﷻએ પતિને હાકિમ બનાવ્યો છે એને મહકૂમ બનાવવો (તાબા હેઠળ કરવો) સ્ત્રી માટે હરામ છે. એ જ પ્રમાણે તફરીદ (અલગતા કરવી) તથા અદાવત (પેદા કરવાના) અમલ કરવામાં આવે. જેમ કે "ભાઈને ભાઈથી અલગ કરવામાં આવે." એ સગાઈ કટ કરવું (કૃતએ રહમ) છે, અને કૃતએ રહમ હરામ છે. એ જ પ્રમાણે પતિ પત્નીમાં ફૂટ પાડવી. હદીષમાં ફર્માવ્યું : **لیس منا من خبب امراۃ علی زوجھا "જે કોઈ સ્ત્રીને તેના પતિથી બગાડ કરાવે તે અમારા ગિરોહથી નથી."** *(સુનને અબૂ દાઊદ, કિતાબુત્તલાક)*

બલ્કે મુત્લક્ (કોઈપણ) બે મુસલમાનોમાં છેડ પાડવો શરઈ જરૂરત વિના નાજાઈઝ છે. હદીષમાં ફર્માવ્યું :–

**لا تباغضوا ولا تدابروا الی قوله صلی الله تعالیٰ علیه وسلم وکونوا عباد الله اخوانا**

"(લોકો !) એકબીજાથી અદાવત ન રાખો અને ન એકબીજાથી પીઠ ફેરવો." હુઝૂર ﷺનો ઈર્શાદે ગિરામી છે : "હે અલ્લાહના બંદાઓ ! આપસમાં ભાઈ ભાઈ બની જાવ !" *(સહીહ બુખારી, કિતાબુલ અદબ)*

સારાંશ કે નફસે અમલ અથવા તાવીઝમાં કોઈ બાબત શરીઅત વિરૂધ્ધ હોય અથવા હેતુમાં (શરીઅત વિરૂધ્ધ) હોય, તો નાજાઈઝ છે, નહીં તો જાઈઝ છે. બલ્કે મુસલમાનને ફાયદો પહોંચાડવા માટેના હેતુથી પસંદીદા તથા અજરો સવાબનો સબબ છે.

**قال ﷺ من استطاع منکم ان ینفع اخاہ فلینفعه۔ رواہ مسلم عن جابر رضی الله تعالیٰ عنه**

"તમારામાં જેનાથી થઈ શકે કે પોતાના ભાઈ મુસલમાનને કોઈ લાભ પહોંચાડે, તો પહોંચાડે." ઈમામ મુસ્લિમે હઝરત જાબિર رضی اللہ عنہથી એને રિવાયત કરી.

આ ફત્વો તખરીજ થયેલ ફતાવા રઝવિય્યહ જદીદના ભાગ નં. ૨૪, કિતાબુલ હઝર વલ્અબાહતમાં મસ્અલા નં. ૨૬ હેઠળ વર્ણન થયેલ છે.

**ગુઝારિશ** : ખુશી ગમી, લાભ અલાભ, બીમારી તથા તંદુરસ્તી એ અલ્લાહની તરફથી છે, જેથી એનો ઈલાજ પણ અલ્લાહ તઆલાના પસંદીદા તરીકાથી કરો અને કરાવો. શરીઅતથી વિરૂધ્ધ જઈને ઈસ્લામ દુશ્મન આમિલોના શિકાર બનીને પોતાનું ઈમાન તથા યકીન બર્બાદ ન કરો. જે આમિલનો દેખાવ (શકલો સૂરત) સુન્નતથી મળતો ન હોય, દાઢી સુન્નતથી વિરૂધ્ધ હોય, લિબાસ તથા સ્ટાઈલ દેખાવ અને જીવનની રહણીકરણી ઈસ્લામી હુકમોથી વિરૂધ્ધ હોય એનાથી પણ બચો. ફાસિક તથા ફાજિર તથા ગંદા સિફલી અમલ કરનારા નામ માત્રના, શરીઅત વિરૂધ્ધ વર્તનારા આમિલોની પાસે જવું અને તેમના થકી પોતાના જાઈઝ તથા નાજાઈઝ હેતુઓ પામવાના માટે અમલિયાત તથા તાવીઝો કરાવવાં નાજાઈઝ છે, ભલે એવા લોકો હવામાં ઉડનારા કેમ ન હોય.

આ એક બ્રિટનનો જ મસ્અલો નથી બલ્કે લગભગ દુનિયાના દરેક વિસ્તારમાં, ખાસ કરીને હિંદુસ્તાન પાકિસ્તાન વગેરેમાં પણ ગૈર શરઈ અમલિયાત તથા તાવીઝો અને શરીઅત વિરૂધ્ધ વર્તતા આમિલોનું બજાર ગરમ છે. આપણા ઘરાનાની સ્ત્રીઓ ખાસ કરીને આ બીમારીમાં અધિક સપડાયેલી છે. ઘર, સમાજ અને મઝહબ તથા મસ્લકના જિમ્મેદારોના માટે જરૂરી છે કે દરેક ક્ષેત્રે આ બજારને બંધ કરાવવાની ચળવળ ચલાવે. આ પ્રકારનાં તાવીઝો લખનારા તથા આમિલો સમાજ તથા સોસાયટી માટે ખતરનાક નુકસાન કરતા નાસૂર બની ચૂક્યા છે. આ ફાસિકો ફાજિરો શરીઅતના દુશ્મન તથા નામ માત્રના (કહેવાતા) આમિલો ઘરનાં ઘર તબાહ તથા બર્બાદ કરી રહ્યા છે, ભાઈ ભાઈને લડાવી રહ્યા છે, સાસુ વહુને લડાવી રહ્યા છે, નણંદ ભાભીને આપસમાં ટકરાવી રહ્યા છે. સારાંશ કે એમના કારણે ઘર ઘરમાં જંગનો માહોલ ફેલાયો છે. અલ્લાહ પાક આપણને સૌને એવા બની બેઠેલા નામ માત્રના આમિલોથી મેહફૂઝ રાખે.

*–(માહનામા આ'લા હઝરત, માર્ચ–૨૦૧૮)*

# બરકાતે ખ્વાજાની ટપાલ........ કાર્યાલય

## :: શાદી મુબારક ::

**દયાદરા** : ખાતે જનાબ મુશ્તાક હસન તાંદલજાવાળાની નેક દુખ્તર (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિકની ભાણકી) હફ્સાબાનુની નિકાહખ્વાની તા. ૧૧–૩–૨૦૧૮ રવિવારે અકુજી કોમ્યુ. હોલ–દયાદરામાં ટંકારીઆ નિવાસી જનાબ ઈલ્યાસ દેગ માસ્તરના નેક ફરઝંદ મુહમ્મદ રઈસ સાથે રાખવામાં આવી. જે નિમિત્તે તા. ૧૦–૩–૨૦૧૮ શનિવારે રાત્રે મોટા ચકલા પર મેહફિલે નઅતના પ્રોગ્રામમાં જનાબ સૈયદ મુઈનુદ્દીન ચિશ્તી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ નઅતો મન્કૃબતના ગુલદસ્તા પેશ કર્યા હતા. મુબારકબાદ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં દુલ્હા–દુલ્હન, કુટુંબીજનોમાં ખૂબ મહોબ્બત રાખે અને બંને જહાનની ખુશીઓથી સૌને નવાઝે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**વલણ** : મુકામે તા. ૨૪–૨–૨૦૧૮, ૭ જમા. આખર શનિવારે ઝોહર બાદ બાબર કોલોનીમાં જનાબ શબ્બી અલી વકાનાની નેક દુખ્તર શાહિસ્તાના નિકાહ ઈખર નિવાસી મુશ્તાક મુહમ્મદ પટેલના નેક ફરઝંદ ફૈઝલ સાથે રાખવામાં આવ્યા. મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબ પાક ﷺના સદકામાં દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને બંને જહાનની ખુશીઓથી માલામાલ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**બડાપુરા** : જનાબ યૂસુફભાઈ માસ્તર તરફથી તેમના નેક પુત્રની શાદીની ખુશીમાં રૂા. ૧૧૦૦/– ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેમની તથા તેમની ઔલાદની જિંદગીને બરકતો રહમતો, ખુશીઓથી તેના હબીબ ﷺના સદકામાં ભરી આપે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## દયાદરામાં જશ્ને સૈફુલ્લાહ વ જશ્ને સિદ્દીકે અકબર رضی اللہ عنہما

**દયાદરા** : ખાતે ૨૫–૨–૨૦૧૮ રવિવારના રોજ ઈશાબાદ મોટા ચકલા પર સૈફુલ્લાહ હઝરત ખાલિદ ઈબ્ને વલીદ رضی اللہ عنہની યાદમાં સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં "જશ્ને સૈફુલ્લાહ"નું આયોજન કરવામાં આવ્યું જેમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી, જંબુસર)એ હઝરત ખાલિદ ઈબ્ને વલીદ رضی اللہ عنہની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. તેમજ તા. ૧૧–૩–૨૦૧૮ રવિવારે ઈશા બાદ સુન્ની ઈજતેમામાં મુખ્તારુલ મસાજિદમાં સુન્ની ઈજતેમા હેઠળ જશ્ને સિદ્દીકે અકબર رضی اللہ عنہ મનાવાયો જેમાં મૌલાના સાહબે સિદ્દીકે અકબર رضی اللہ عنہનો મર્તબો તથા આપના કમાલાતનું ઈમાન અફરોઝ વર્ણન કર્યું હતું.

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**ખોજબલ** : થી જનાબ હાફિઝ અ. રશીદ સાહબ જણાવે છે કે તેમના વાલિદ સાહબનો તા. ૧૮–૧–૨૦૧૮, ૩૦ રબી.આખર જુમેરાતના રોજ ૮૦ વરસની વયે લંડન U.K. ખાતે ઈન્તેકાલ થયો છે.

**દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે હૂરીબેન મૂસા સૂફી તા. ૪–૦૩–૨૦૧૮, મુ. ચાંદ ૧૬ જમાદિઉલ આખર રવિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે.

**હાડગુડ** : (તા. જિ. આણંદ) ખાતે ગુજરાત સૈયદ સમાજ (હાડગુડ)ના અગ્રણ્ય સભ્ય એવા સૈયદ રૂકનુદ્દીન (પેઈન્ટર)ના અહલિયા "મેહરાજ બીબી"નો ગત તા. ૫/૩/૨૦૧૮,મુ. ચાંદ ૧૭ જમાદિઉલ આખર હિ.સ. ૧૪૩૯ સોમવારના રોજ ઈન્તેકાલ થયેલ છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

### ★ શિનોરમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો સુન્ની ઈજતેમા ★

**શિનોર** : (તા. કરજણ) ખાતે તા. ૩–૩–૨૦૧૮, શનિવારના રોજ શેખે મેવાસ હઝરત સૈયદ પ્યારે બાવા સાહબની સદારતમાં, મૌલાના અલ્તાફ મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ સિટી)ની નિઝામત હેઠળ સુન્ની દા'વતે ઈસ્લામીનો શાનદાર સુન્ની ઈજતેમા યોજાયો જેમાં હઝરત સૈયદ ઝાકિરબાપુ ટુંડાવવાળા સાહબે નૂરાની બયાન કર્યું. બાદમાં અલ્હાજ કારી રિયાઝુદ્દીન અશરફી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ પોતાના મધૂર અવાજમાં નઅતોનાં તરાનાં પેશ કરી મજમાને ઈશ્કે નબીમાં ભાવવિભોર કર્યો હતો. છેવટમાં દાઈએ કબીર અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાહબે "ફાઈદે વાલી તિજારત કે તીન ઉસૂલ : (૧) તિલાવતે કુર્આન (૨) નમાઝ (૩) અલ્લાહ કી રાહમેં ખર્ચ" આ વિષયે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. અનેક સાદાતે કિરામ, ઉલમાએ એઝામ, અઈમ્મા હઝરાત, મુબલ્લિગો તથા મોટી સંખ્યામાં અવામે અહલે સુન્નતે હાજરી આપી હતી. જનાબ અમીનભાઈ મેમણ, અ. કાદિર પઠાણ વગેરે મુસ્લિમ યંગ સંર્કલ શિનોરના યુવાનો વડીલોએ તેમજ મૌલાના શોએબ રઝા ઈમરાન નૂરી, યૂસુફ નૂરી (મુબલ્લિગીને સુન્ની દા'વતે ઈસ્લામી)એ ઈજતેમાની કામયાબી માટે ખૂબ જેહમત ઉઠાવી હતી. હઝરતે મગરિબની નમાઝ સાધલી જામા મસ્જિદમાં પઢયા બાદ દીનના માટે કામ કરવા સંબંધે મોહસિને અહલે સુન્નત હઝરત નૂરાની બાવા પેટલાદવાળા رحمۃ اللہ علیہની ખિદમતોનું દષ્ટાંત આપી દીનો સુન્નિયતના કામ માટે કોશિશ કરવા દા'વત આપી હતી.

### ★ સાંપામાં મુફક્કિરે ઈસ્લામ આ'ઝમી સાહબનો ખિતાબ ★

**સાંપા** : (તા. કરજણ) ખાતે તા. ૫–૩–૨૦૧૮ સોમવારે ઈશાની નમાઝ બાદ હાફિઝ સીરાજ સાહબના વાલિદે મર્હૂમ હાજી વલી મૂસા પાદરવાલા તથા પરિવારના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે સુન્ની દા'વતે ઈસ્લામીનો સુન્ની ઈજતેમા રાખ્યો જેમાં સુન્ની જગતની મહાન હસ્તી મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી (સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.)એ તશરીફ લાવી "આખેરત કી તૈયારી"ના વિષયે ખૂબ જ દિલને ઝંઝોળતુ બયાન કર્યું હતું. એ અગાઉ અલ્હાજ કારી રિયાઝુદ્દીન અશરફી સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ નઅતે પાક પેશ કરી હતી તેમજ મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ હઝરત સિદીકે અકબર رضی اللہ عنہની શાનમાં શાનદાર બયાન કર્યું હતું. બહોળી સંખ્યામાં સાદાત, ઉલમા, અઈમ્મા, મુબલ્લિગોએ તથા સુન્ની અવામે હાજરી આપી ફૈઝ હાંસલ કર્યો હતો.

બીજા દિવસે હઝરત આ'ઝમી સાહબ ઝોહર બાદ દયાદરા ખાતે દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરાના ટ્રેન અકસ્માતમાં શહીદ થનાર મર્હૂમ તલબાના ઈસાલે સવાબ અર્થે તથા તાઝિયત માટે દયાદરા તશરીફ લાવ્યા હતા તથા અશરફુલ મસાજિદ–દારુલ ઉલૂમમાં નમાઝ બાદ મુખ્તસર બયાન આ વિષયે કરી ફાતેહા પઢી પઢાવી ઈસાલે સવાબ કર્યો હતો. તેમજ તલબાને ઈલ્મે દીનની ફઝીલત બતાવી ખૂબ મહેનત કરવા પ્રોત્સાહિત કર્યા હતા. હઝરત દયાદરા ખાતે તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)ના ગરીબખાના પર તેમજ ઈબ્રાહીમ ભીખા પટેલ, બશીરભાઈ ફોજદાર વગેરેના ઘરે પણ તશરીફ લાવ્યા હતા અને ત્યાં દુઆ ગુઝારી હતી.

**વાનકુવર** : જનાબ હાજી ઈકબાલ એમ. ચોકવાલા (દયાદરવી)ની પુત્રી નાશિરાબાનુને પુત્ર જન્મની ખુશીમાં રૂા. ૫૦૦૦/– અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાને લિલ્લાહ, સદકા પેટે મળ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં ગૌષે પાક رضی اللہ عنہના વસીલાથી ઔલાદને સૌની આંખોની ઠંડક બનાવે, નેક મો'મિન–મો'મિના બનાવે, રહમતો બરકતોથી નવાઝે. (આમીન)–*તંત્રી :*